દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 97 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 April 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૫ એપ્રિલ ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હુમલાખોરોને ‘અકલ્પનીય સજા’ કરીશુંઃ મોદી

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 88,470/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD
AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## ‘ત્રાસવાદીઓને પૃથ્વીના કોઇ પણ છેડેથી શોધીને મારીશું’

મધુબનીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે અમે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં હુમલો કરનારા ત્રાસવાદીઓ, તેઓના સૂત્રધારો અને તેઓને સહાય કરનારા લોકોને તેઓની કલ્પનામાં પણ નહિ હોય એવો દંડ કરીશું. અમે ત્રાસવાદીઓને પૃથ્વીના કોઇ પણ છેડેથી શોધીને મારીશું.

તેમણે જણાવ્યું હતું કે ત્રાસવાદીઓ ભારતના લોકોનો જુસ્સો તોડી નહિ શકે. ત્રાસવાદીઓને કોઇ પણ સંજોગમાં નહિ છોડાય. તેઓને આકરી સજા કરાશે કે જેથી તેઓ ભવિષ્યમાં ભારતમાં હુમલો કરવાનું વિચારી પણ નહિ શકે.

મોદીએ અહીં જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે અમે હુમલાનો ભોગ બનેલા લોકોને ન્યાય અપાવવા દરેક પ્રયાસ કરીશું. આખો દેશ અમારી સાથે છે.

મોદીએ પ્રવચનની શરૂઆતમાં બધાને ત્રાસવાદી હુમલામાં મરનારા લોકોને શ્રદ્ધાંજલિ આપવા બે મિનિટનું મૌન રાખવા અનુરોધ કર્યો હતો.

‘રાષ્ટ્રીય પંચાયતી-રાજ દિન’ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમાર, પંચાયતીરાજ પ્રધાન રાજીવ રંજન સિંહ અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

દરમિયાન, વડા પ્રધાને બિહાર માટેના રૂપિયા ૧૩,૫૦૦ કરોડનાં વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું અને ચાર (જુઓ પાનું ૨) ▶▶

### ઊલટા ચોર કોટવાલ કો...

## સિંધુનું જળ રોકવું એ યુદ્ધનું કૃત્ય ગણાશેઃ પાકિસ્તાન

▶ ભારતીય વિમાનો માટે ઍરસ્પેસ બંધ કરી ▶ ભારત સાથેનો વેપાર અટકાવ્યો ▶ ભારતીય લશ્કરી સલાહકારોને પાછા મોકલ્યા


ઇસ્લામાબાદઃ પાકિસ્તાને ગુરુવારે ભારતીય ઍરલાઇન્સ માટે પોતાની ઍરસ્પેસ બંધ (બ્લૉક) કરી હતી, વાઘા બૉર્ડર ક્રૉસિંગ બંધ કર્યું હતું, ભારત સાથેનો બધો વેપાર અટકાવી દીધો હતો અને જણાવ્યું હતું કે સિંધુ જળ કરારને સ્થગિત કરવાનું પગલું ‘યુદ્ધ’ સમાન ગણાશે.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ કરેલા હુમલા બાદ ભારતે પાકિસ્તાન સાથેના સિંધુ જળ કરારને સ્થગિત (જુઓ પાનું ૨) ▶▶


## કચ્છની સામે પાર સૈન્યની ગતિવિધિ તેજ

### અરબી સમુદ્ર વિસ્તારમાં પાકિસ્તાને જાહેર કર્યો ‘નો ફ્લાય ઝોન’

ભુજઃ જમ્મુ-કાશ્મીરના પહલગાવ ખાતે પોઇન્ટ ઝીરો બ્લેન્કથી ગોળીઓ ધરબી દઈ, ૨૮ જેટલા નિર્દોષ પર્યટકોને મોતને ઘાટ ઉતારી નાખવાના, પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદી સંગઠનના કારસા બાદ ભારત દ્વારા લેવામાં આવી રહેલા ઝડપી પગલાંઓથી ગભરાઈને પાકિસ્તાનમાં ભય ફેલાયો છે અને પાકિસ્તાને ભારત હવે જંગ છેડશે જ તેવું (જુઓ પાનું ૨) ▶▶

હે કૃપાળુ ! (શ્રીમદ્ રાજચંદ્ર) -
આવી અપૂર્વ વાણી આપના હૃદયમાં કોણે ઘડી ?
‘વીતરાગ માર્ગની પ્રભાવનામાં ભેખ ધરનાર’ -
પૂ. અંબાલાલભાઈ દેહવિલય દિન
ચૈ.વ.- ૧૨ નિમિત્ત સત્સંગ-વાંચન કાર્યક્રમ
તા. ૨૫ એપ્રિલ ૨૦૨૫ થી ૩ મે ૨૦૨૫

Youtube
Dr. Deepak
Turakhia
Raj Bhakti
Channel

સૌજન્ય - શ્રી બી. ટી. શાહ પરિવાર
CALL : + 1(305) 684-4526 ફ્લોરિડા, USA
KParth


09 DAYS
SCENIC
Georgia
DEP DATES | 05th MAY | 15th MAY | 29th MAY | 07th JUN | 16th JUN
PACKAGE INCLUSIONS
• Helium Ballon Ride, Diamond Bridge, Dashbashi Canyon, Monument Of Chronicles, Alphabetic Tower,Ferris Wheel,અને Ali and Nino Statue નો અદભુત અનુભવ.
• વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• Luxurious Hotels
• તમામ એન્ટ્રન્સ ફી ટૂર કોસ્ટ માં સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

Bharti Jewellers PVT LTD
Since 1965
*T&C APPLY

AKSHAYA TRITIYA
CELEBRATION
24TH - 30TH APRIL 2025
FLAT 50% OFF* ON MAKING CHARGES
OF GOLD (916), DIAMOND & POLKI JEWELLERY
55,000+ DESIGNS TO SHINE
+91 9833335001 | www.bhartijewellersofficial.com
FLAGSHIP STORE - AMBIKA DARSHAN BUILDING, M.G ROAD, GHATKOPAR EAST, MUMBAI

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સિંધુ જળ સંધિ સ્થગિત, ભારત પીછેહઠ ના કરે તો સારું

**જમ્મુ** અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને પગલે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે હુમલા માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવીને રાજદ્વારી પગલાં લેવાની શરૂઆત કરી છે. પહેલગામ હુમલાના બીજા દિવસે સુરક્ષા અંગેની કેબિનેટ બેઠક (ઈઈજી) માં પાંચ નિર્ણયો લેવામાં આવ્યા છે કે જેના કારણે ભારત અને પાકિસ્તાનના સંબંધો વધુ મર્યાદિત થશે. પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓએ ૨૦૦૮માં કરેલા હુમલાને પગલે બંને દેશો વચ્ચેના સંબંધોમાં કાપ મૂકી દેવાયેલો ને હવે મોદી સરકારે વધારે કાપ મૂક્યો છે. અઢી કલાક ચાલેલી બેઠકના અંતે લેવાયેલા પાંચ નિર્ણયોમાં સૌથી મહત્વનો નિર્ણય સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો છે. ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે ૬૫ વર્ષ જૂની સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કરી દીધી છે અને અટારી ચેકપોસ્ટ બંધ કરી દેવાનો નિર્ણય પણ લેવાયો છે. આ ઉપરાંત ભારતે પાકિસ્તાનીઓ માટે વિઝા પર પ્રતિબંધ મૂક્યો છે. ભારત ખાતેના પાકિસ્તાની દૂતાવાસનો સ્ટાફ ઘટાડવાનો નિર્ણય પણ લીધો છે. પાંચમો નિર્ણય પાકિસ્તાનને ભારત ખાતેના દૂતાવાસમાંથી લશ્કરી સલાહકારોને હટાવી લેવાનો છે ને સામે ભારત પણ પાકિસ્તાનમાં તેના દૂતાવાસમાંથી સંરક્ષણ સલાહકારોને પાછા બોલાવી લેશે.

મીડિયાના એક વર્ગે જેને ડિપ્લોમેટિક સ્ટ્રાઈક ગણાવી એવા આ નિર્ણયોમાંથી સિંધુ જળ સંધિ સ્થગિત કરવાનો નિર્ણય મહત્ત્વનો છે પણ ભારત ખરેખર વાસ્તવિક રીતે તેનો અમલ કરી શકે છે કે નહીં એ વધારે મહત્ત્વનું છે. સિંધુ જળ સંધિ હેઠળ ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૦ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે ૬ નદીઓના પાણી વહેંચવા માટે એક કરાર થયો હતો. રાવી, બિયાસ, સતલજ, સિંધુ, ઝેલમ અને ચિનાબ એ છ નદીઓનાં પાણીની વહેંચણીના કરારને સિંધુ જળ સંધિ કહેવામાં આવે છે. આ કરાર હેઠળ, ભારતને ત્રણ પૂર્વીય નદીઓ રાવી, બિયાસ અને સતલજનું પાણી વાપરવા પર અધિકાર મળ્યો જ્યારે પાકિસ્તાનને ત્રણ પશ્ચિમી નદીઓ સિંધુ, ઝેલમ અને ચિનાબનું પાણી વાપરવાનો અધિકાર મળ્યો.

ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડ બેંકની મધ્યસ્થીથી આ સંધિ થઈ હતી. ભારત વતી વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ અને પાકિસ્તાન વતી પ્રમુખ અય્યુબ ખાને વર્લ્ડ બેંકના ઉપપ્રમુખ વિલિયમ ઇલિફની હાજરીમાં સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. આ સંધિમાં વર્લ્ડ બેંકની મધ્યસ્થી હતી તેથી કોઈ પણ વિવાદ થાય એટલે વર્લ્ડ બેંક એ ઉકેલવા માટે મેદાનમાં આવે છે. સિંધુ જળ સંધિનો ઉદ્દેશ બંને દેશો વચ્ચે પાણી અંગે સંઘર્ષ રોકવાનો હતો. જળ જીવન છે ને જળ ના મળે તો લોકો પહેલાં તરસ્યાં મરે ને પછી પાણી વિના પાક ના થાય એટલે ભૂખે મરે.

ભારતે હંમેશાં આ સંધિ પાળી છે અને પહેલાં કદી સંધિનો અમલ સ્થગિત કર્યો નથી. ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિ પછી ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯માં ત્રણ યુદ્ધ થયાં પણ ભારતે ક્યારેય પાણી પુરવઠો બંધ કર્યો નહોતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે આતંકવાદના મુદ્દે પણ સતત ઘર્ષણ ચાલે છે. સન્માન કર્યું છે, પાકિસ્તાન સતત આતંકવાદને ટેકો આપે છે અને ભારતમાં થતા દરેક આતંકવાદી હુમલા માટે પાકિસ્તાન જવાબદાર છે છતાં ભારતે પાકિસ્તાનનું નાક નહોતું દબાવ્યું.

પહલગામ હુમલાને પગલે ભારતે પાકિસ્તાનનું નાક દબાવ્યું છે ને તેની મોટી અસર થશે. પાકિસ્તાનમાં ૮૦ ટકા ખેતી સિંધુ, ઝેલમ અને ચિનાબ નદીઓના પાણી પર નિર્ભર છે. ભારત સિંધુ જળ સંધિનો અમલ સ્થગિત કરીને આ ત્રણ નદીઓનું પાણી રોકશે એટલે પાકિસ્તાનમાં પાણીની અછત ઊભી થશે. તેની અસર ખેતી અને બીજી આર્થિક પ્રવૃત્તિઓ પર પડશે. આ ત્રણ નદીઓના પાણીમાંથી પાકિસ્તાનમાં ઘણા ડેમ અને હાઇડ્રો પ્રોજેક્ટ્સ ઊભા કરીને વીજળી ઉત્પન્ન કરાય છે. પાણીની અછતને કારણે વીજ ઉત્પાદનમાં ઘટાડો થશે તેથી ઘરેલુ અને ઔદ્યોગિક બંને સ્તરે વીજળીની અછત સર્જાશે અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓને અસર કરશે. મોદી સરકારે લીધેલું પગલું એ રીતે બિલકુલ યોગ્ય છે પણ આ નિર્ણય સામે પાકિસ્તાન પણ ચૂપ નહીં બેસે. વર્લ્ડ બેંક આ કરારમાં મધ્યસ્થી છે તેથી પાકિસ્તાન વર્લ્ડ બેંક પાસે જશે ને બીજી રીતે પણ ભારત પર દબાણ લાવશે. ભારતની ઘણી નદીઓનાં મૂળ ચીનમાં છે તેથી ચીન મારફતે પણ ભારતનું નાક દબાવવા પ્રયત્ન કરાવશે. મુસ્લિમ રાષ્ટ્રો પણ પાકિસ્તાનની દલાલી કરવા માટે મેદાનમાં આવશે. આ દબાણો સામે મોદી સરકાર ઝીંક ઝીલી શકે છે કે નહીં એ જોવાનું રહે છે.

આમ તો ભારતે ઝીંક ઝીલીને આ નિર્ણયને વળગી જ રહેવું જોઈએ કેમ કે પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવે ને આપણે કશું ના કરીએ એ ના ચાલે. પાકિસ્તાનને ખરેખર તો આક્રમણ દ્વારા જ જવાબ આપવાની જરૂર છે પણ આક્રમણ રાતોરાત નથી કરી શકાતાં. તેના માટે તૈયારી કરવી પડે. મોદી સરકાર એ તૈયારીમાં લાગી હશે એવી આશા રાખીએ ને ત્યાં સુધી સિંધુ જળ સંધિ સ્થગિત કરવાના નિર્ણયને વળગી રહે એવી આશા પણ રાખીએ.

મોદી સરકારના બીજા નિર્ણયોની પાકિસ્તાન પર કોઈ અસર થવાની શક્યતા નથી. અટારી ચેકપોસ્ટ બંધ થવાને કારણે પાકિસ્તાનીઓની અવરજવર બંધ થઈ જશે. આમ પણ ૨૦૧૯માં જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કરાઈ પછી પાકિસ્તાને લીધેલા વલણના કારણે પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય વેપાર બંધ છે. અત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે આયાત-નિકાસ ત્રીજા દેશ દ્વારા થાય છે. બંને દેશો વચ્ચે સિંધવ મીઠું, ચામડાની વસ્તુઓ, મુલતાની માટી, તાંબાની વસ્તુઓ, ખનિજ, ઊન, ચૂનો વગેરે નાની નાની ચીજોનો વ્યાપાર અટારી સરહદેથી થાય છે. ભારતથી થતા નાના માલની નિકાસ પણ કરી શકાશે નહીં. તેના કારણે પાકિસ્તાનના નાના વેપારીઓને આર્થિક નુકસાન થશે પણ ભારતનો માલ નહીં જાય તેથી ભારતીય ઉત્પાદકોને પણ નુકસાન જશે જ.

ભારતે પાકિસ્તાનીઓ માટે વિઝા પર પ્રતિબંધ મૂક્યો છે. પાકિસ્તાનના લોકો સાર્ક વિઝા મુક્તિ યોજના હેઠળ પણ ભારત આવી શકશે નહીં. આ નિર્ણયના કારણે ભારતમાં જેમના સંબંધીઓ છે એવાં લોકો ભારત નહીં આવી શકે પણ તેનાથી પાકિસ્તાનને કોઈ મોટું નુકસાન નથી. પાકિસ્તાની આતંકવાદીઓ કંઈ વિઝા લઈને ભારત આવતા નથી પણ સગાંને મળવા કે ધાર્મિક પ્રવાસોના બહાને ભારત આવીને રેકી કરી જાય છે કે સંપર્કો સ્થાપિત કરી જાય છે. વિઝા સેવા બંધ થવાને કારણે એ પ્રવૃત્તિ બંધ થશે.

ભારતે નવી દિલ્હી સ્થિત પાકિસ્તાન હાઈ કમિશનમાં તૈનાત પાકિસ્તાની લશ્કરી, નૌકાદળ અને હવાઈ સલાહકારોને ભારત છોડવા માટે એક અઠવાડિયાનો સમય આપ્યો છે. ૧ મે, ૨૦૨૫ સુધીમાં પાકિસ્તાન હાઈ કમિશનમાં સ્ટાફની સંખ્યા ૫૫થી ઘટાડીને ૩૦ કરી દેવામાં આવશે. આ નિર્ણયથી પણ પાકિસ્તાનને બહુ ફરક નહીં પડે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, શુક્રવાર, તા. ૨૫-૪-૨૦૨૫, પ્રદોષ, પંચક

- ભારતીય દિનાંક ૫, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ -૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૦૮-૫૩ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવા ક. ૦૬ મિ. ૧૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭, અમદાવા ક. ૧૯ મિ. ૦૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦-૦૯, રાત્રે ક. ૨૨-૧૧
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૮ (તા. ૨૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – દ્વાદશી. પ્રદોષ, પંચક,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, અજૈક્પપાદ દેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, ખેતીવાડી, પશુ લે-વેંચ, પ્રદોષ, વ્રત ઉપવાસ, શિવ-પાર્વતી પૂજા, શિવરુદ્રાભિષેક, શિવભક્તિ, નામ, સંકિર્તન, ભજન, ભક્તિ, રાત્રિ જાગરણ, શિવપૂજાનો ઉત્તમ યોગ, શુક્ર-શનિ દેવતાનું પૂજન, અર્હિબુધ્ન્ય દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સ્થિર કાર્યો, લીમડો વાવવો, મિત્રતા કરવી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટઅભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, દસ્તાવેજ, દુકાન-વેપાર, નોકરી સંબંધિત કાર્યો, નવા વસ્ત્રો, આભૂષણ, બાળકને નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ઘર-ખેતર-જમીન, મિલકત લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, ખેતીવાડી, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-શુક્ર યુતિ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-બુધ યુતિ (તા. ૨૬)
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ યુતિ મતલબી સ્વભાવ, ચંદ્ર-શુક્ર યુતિ શરીરે શૃંગારનો અભાવ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ સ્વપ્નદષ્ટા, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય, ચંદ્ર-બુધ યુતિ ચપળ મન.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## પ્રજામત

### 'સમજૂતી' ક્યાં સુધી?

શબ્દોની લડાઈથી, શસ્ત્રોની હકૂમતથી...
સાબિત કરવા...કોણ સાચું કે કોણ ખોટું?
નફરતની દિવાર પ્યારથી ઢાંકી દઈ...બસ...
રાત-દિવસ તારું ને મારું...બધાયનું તે પણ મારું...
જિંદગી ઓછી પડે છે...પેઢી પેઢીઓ સુધી ચાલી
રહે છે વૈમનસ્ય...
થોડા ડગલા હું આગળ વધુ તમારી તરફના...
થોડા ડગલા તમે પણ આગળ માંડો મને નજદીક લાવવાના...
હસ્તધૂનન કરી શકીએ...દૂરી મીટી જઈ આમને સામને ઊભા રહીએ...
ક્યાંક માફી શબ્દોની હું ઉચ્ચારું તો થોડી તમે પણ મુખથી ઉચ્ચારો...
શબ્દો નફરતના...એકમેકની માનભંગ કરવાને
પ્રેમકાળમાં બદલી દો...
શસ્ત્રો શસ્ત્રાગારમાંથી નેસ્ત-નાબૂદ કરી દીયો...
બસ...પ્રેમ એકમેકની ભાષા...અંગીકાર કરી...
જીવનમાં સમજૂતી કરી...અહિંસામય જીવનની પળો માણો...
ગ્રહણ કરશો જો આ વિધિ સમજૂતીની...દૂર નહીં હોય 'વિશ્વશાંતિ'
વિશ્વશાંતિ...અમર રહે સમજૂતીભરી વિશ્વશાંતિ...

**હર્ષદ દડિયા, ઘાટકોપર (ઈસ્ટ)**

### પાણીની બળબળતી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો જોઈએ

કોઈ પ્રદેશમાં વરસાદ ઓછો કે નહિવત પડે એટલે દુકાળગ્રસ્ત જાહેર કરવામાં આવે. દુકાળના નિવારણ માટે કરોડો-અબજોની યોજનાઓ ઘડાય, માસ્ટર પ્લાન થાય.

માસ્ટર પ્લાન મુજબ- ટેંકરો દ્વારા પાણી પહોંચાડાય. હેન્ડપમ્પોમાંથી ભૂતળના પાણી ખેંચાય. પાતાળ કૂવાઓ ઊંડા કરાય એની સંખ્યા વધારાય.

દુકાળ જ્યારે માઝા મૂકી દે ત્યારે પ્રજા પાણી વિના પીડાઈ રહી હોય. અબોલ પશુઓ ઘાસચારા અને પાણી વગર તરફડતા હોય. પાણીની તંગી વર્તાય ત્યારે બળબળતા ઉનાળામાં લોકો અને પશુપંખીઓની સ્થિતિ ખૂબ દયામણી થઈ જાય છે.

આવી પરિસ્થિતિમાં તાત્કાલિક રાહત પહોંચાડવી એ જરૂરી બની જાય છે. એવામાં ઉપરછલ્લા-અલ્પજીવી ઉપાયો-યોજનાઓ કરીને અટકી ન જવાય. એના માટે તો કાયમી નિરાકરણ લાવવાની જરૂર હોય છે. સાથે જ પાણીના જતન સાથે એનો બગાડ ન થાય એનું પણ ધ્યાન રાખવું જોઈએ.

પૃથ્વી પરની તમામ જીવસૃષ્ટિના જીવનને ટકાવી રાખવા માટે પાણી અગત્યનો સ્રોત છે. એથી મૂલ્યવાન અને કુદરતી સંપત્તિ એવા જળનું મહત્ત્વ સમજીને બિનજરૂરી વપરાશ ટાળવો જોઈએ અને કરકસર કરવી જોઈએ.

**સેવંતીભાઈ મ. સંઘવી (થરાદ)**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

## પાક.માં પહોંચી જનાર ભારતીય જવાનની ધરપકડ

નવી દિલ્હી : બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)નો જવાન આકસ્મિક રીતે પંજાબ સરહદ ઓળંગીને પાકિસ્તાની ક્ષેત્રમાં પહોંચી ગયો ત્યારે પાકિસ્તાની રેન્જરે તેની ધરપકડ કરી હતી. જવાનની મુક્તિ માટે બન્ને સુરક્ષા દળો વાતચીત કરી રહ્યા છે, એવી માહિતી અધિકારીએ આપી હતી. ૧૮૨મી બટાલિયન કોન્સ્ટેબલ પી. કે. સિંહને બુધવારે ફિરોઝપુર સરહદે પાકિસ્તાની રેન્જર્સ પર પકડવામાં આવ્યો હતો.

જવાને યુનિફોર્મ પહેર્યો હતો અને એની પાસે સર્વિસ રાઈફલ હતી. તેની સાથે ખેડૂતો હતા અને તે છાંયડામાં આરામ કરવા માગતો હતો.

બન્ને લશ્કરે ફ્લેગ મીટિંગ યોજી હતી જેથી જવાનને મુક્તિ મળે.

અધિકારીઓએ કહ્યું હતું કે આવા બનાવો અસામાન્ય નથી અને બન્ને દેશના જવાનો સાથે આવા બનાવો ભૂતકાળમાં બન્યા છે. (એજન્સી)

## સર્વપક્ષીય બેઠકઃ તમામ પક્ષ સરકારના પગલાંનું સમર્થન કરવા તૈયાર

નવી દિલ્હીઃ પહલગામ હુમલાને પગલે ગુરુવારે યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં ઉપસ્થિત રહેલા તમામ પક્ષના નેતાઓએ પીઓકે સ્થિત આતંકવાદીઓની છાવણીને નષ્ટ કરવા નિર્ણાયક પગલાં લેવાની માગણી કરી હતી. જોકે અમુક સાંસદોએ સુરક્ષામાં રહેલા છીંડાનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ આતંકવાદને નેસ્તનાબૂદ કરવા સરકાર દ્વારા લેવામાં આવનારાં તમામ પગલાંને સમર્થન આપવાની બાંયધરી આપી હતી.

બેઠક દરમિયાન સરકારે ૨૮ જણાંનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલા અંગે ઉપસ્થિત તમામ પક્ષના નેતાઓને ટૂંકમાં જાણકારી આપી હતી અને એ મામલે તેમનો અભિપ્રાય જાણ્યો હતો.

હુમલાનો ભોગ બનેલાઓ માટે બેઠકના આરંભમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

સરકાર વતી સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, વિદેશ પ્રધાન એસ. જયશંકર, નાણાં પ્રધાન નિર્મલા સીતારણ અને સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ આ બેઠકમાં હાજરી આપી હતી.

રાજનાથ સિંહના વડપણ હેઠળ યોજયેલી આ બેઠકમાં રાજ્યસભામાં ગૃહના નેતા જે. પી. નડ્ડા, રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ હાજરી આપી હતી.

બેઠકમાં હાજર રહેનારાં અન્યોમાં એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સૂળે, એનસીપીના નેતા પ્રફુલ્લ પટેલ, એઆઈએમઆઈએમના અસદુદ્દીન ઓવૈસી, બીજેડીના સંબિત પાત્રા, ટીડીપીના લવુ શ્રીક્રિસ્ના દેવારાયાલુ, શિવ સેનાના શ્રીકાંત શિંદે, 'આપ'ના સંજય સિંહ, રાજદના પ્રેમચંદ ગુપ્તા, દ્રમુકના ટી. સિવા અને એસપીના રામગોપાલ યાદવનો સમાવેશ થતો હતો.

પાકિસ્તાન સહિત પહલગામ આતંકવાદી હુમલા સાથે સંકળાયેલાઓને સજા આપવા સરકારે કડક પગલાંની જાહેરાત કર્યાનાં એક દિવસ બાદ સર્વપક્ષીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બુધવારે યોજાયેલી સીસીએસની બેઠકમાં સર્વપક્ષીય બેઠકનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠક કટોકટીના આ સમયમાં રાષ્ટ્રીય એકતાનું પ્રતિબિંબ પાડે છે. (એજન્સી)

## ત્રાસવાદને જલદી નાબૂદ કરાશે, મોદીના નેતૃત્વમાં વિશ્વાસ રાખોઃ યોગી

કાનપુર (ઉત્તર પ્રદેશ): મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે જણાવ્યું હતું કે દેશમાંથી ત્રાસવાદને ટૂંક સમયમાં જ નાબૂદ કરાશે. મુશ્કેલ સમયમાં દેશની જનતાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વાસ રાખવો જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાંનો ત્રાસવાદીઓનો હુમલો તેઓની વિકૃત માનસિકતા દર્શાવે છે. વ્યક્તિનો ધર્મ પૂછીને તેની હત્યા કરવાની નીતિ ભારતમાં ચલાવી નહિ લેવાય.

યોગી આદિત્યનાથ હુમલામાં મરનારા કાનપુરના ૩૧ વર્ષીય શુભમ દ્વિવેદીના ઘરે જઇને તેના સગાને મળ્યા હતા. શુભમના લગ્ન બે મહિના પહેલાં જ થયા હતા, પરંતુ ત્રાસવાદીઓના હુમલામાં તેનું મૃત્યુ થયું હતું. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે સલામતીને લગતી કેબિનેટ સમિતિની બુધવારની બેઠકમાં લેવાયેલા નિર્ણય ત્રાસવાદને નાબૂદ કરવામાં મહત્ત્વના સાબિત થશે. તેમણે જણાવ્યું હતું કે અમારી સરકાર ચૂંટણીમાં મત મેળવવા માટે ત્રાસવાદીઓ સામેના કેસ પાછા ખેંચવામાં નથી માનતી. ત્રાસવાદીઓ અને તેઓને સહાય કરનારા લોકોએ ગંભીર પરિણામ ભોગવવા પડશે. દેશ-વિરોધી તત્ત્વોને 'જડબાતોડ' જવાબ અપાશે. અમારી સરકાર 'ત્રાસવાદના ઝેર'ને કાઢી નાખવા કટિબદ્ધ છે. (એજન્સી)

## પહલગામ આતંકવાદી હુમલો

# ભારતે જી-૨૦ના રાજદૂતોને માહિતી આપી

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલા તેમ જ સરહદપારના આતંકવાદ સાતેની તેની કડી અંગે ભારતે ગુરુવારે દિલ્હીસ્થિત જી-૨૦ રાષ્ટ્રોના રાજદૂતોને ટૂંકમાં માહિતી આપી હતી. જી-૨૦ દેશોમાં યુએસ, યુકે, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, રશિયા, ઑસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા અને ચીન સહિતના દેશોનો સમાવેશ થાય છે.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ૨૮ નિર્દોષ લોકાનો ભોગ લેનારાં અને આતંકવાદવિરોધી ભારતની ઝીરો ટોલરન્સ નીતિ સહિત આ હુમલાનાં વિવિધ પાસાંઓ અંગે રાજદૂતોને માહિતગાર કર્યા હતા.

મિસરીએ કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલા અને સરહદપારના આતંકવાદ વચ્ચેની કડી પ્રકાશમાં આવી હોવાને પગલે પાકિસ્તાન વિરુદ્ધ કડક પગલાં લેવાનો સીસીએસની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

બિહારના મધુબનીમાં એક જાહેરસભાને સંબોધન કરતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કહ્યું હતું કે હુમલાના દોષીઓને બક્ષવામાં નહીં આવે અને તેમને કડકમાં કડક સજા કરવામાં આવશે.

આતંકવાદ ભારતનું મનોબળ નહીં તોડી શકે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આતંકવાદને નાબૂદ કરવા પૃથ્વીના છેડા સુધી અમે તેમનો પીછો કરીશું.

મૃતકો અને તેમના પરિવારજનોને ન્યાય મળે તેની ખાતરી કરવા અમે શક્ય તમામ પ્રયાસો કરીશું. સંપૂર્ણ દેશ આ માટે પ્રતિબદ્ધ છે. દેશવાસીઓ જાણે છે કે માનવતા આપણી સાથે છે.

આ કપરાં સમયમાં અમારી પડખે ઊભા રહેનારાં વિવિધ દેશ અને નેતાઓનો અમે આભાર માનીએ છીએ, એમ તેમણે કહ્યું હતું.

ભારતમાંના પાકિસ્તાનના નાગરિકોને ૪૮ કલાકમાં સ્વદેશ પાછા જતા રહેવાનો હુકમ કરવા સહિત સિંધુ જળ કરાર પર રોક લગાવવાનો, અટારી-વાઘા બોર્ડર બંધ કરવાનો, પાકિસ્તાની નાગરિકોને વિઝા નહીં આપવાનો, ભારતસ્થિત પાકિસ્તાની એલચી કચેરી બંધ કરાવવાનો નિર્ણય લીધો હોવાની જાહેરાત કર્યાના એક દિવસ બાદ ભારતે રાજદૂતોને આ માહિતી આપી હતી.

પહલગામ આતંકવાદી હુમલાને પગલે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ મળેલી સલામતીને લગતી કેબિનેટ કમિટી (સીસીએસ)ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, વિદેશ પ્રધાન એસ. જયશંકર, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ પણ હાજર રહ્યા હતા. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### કચ્છની સામે પાર

માનીને પોતાના સૈન્યદળોને સાબદા કર્યા છે. પાકિસ્તાની ત્રાસવાદીઓએ આવું હિચકારું પગલું ભર્યું અને ભારતે પ્રારંભિક વળતા રાજદ્વારી પગલાં લીધા બાદ પાકિસ્તાને પોતાનો 'પાવર' દેખાડવાના હવાતિયાં શરૂ કરી દીધા છે જેની અસર કચ્છને અડકીને આવેલી ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય ભૂમિ અને દરિયાઈ સરહદો પર જોવા મળી રહી છે.

આ સીમા પર પાકિસ્તાની વાયુસેનાની ગતિવિધિઓ વધી છે અને પાકિસ્તાનમાં આવેલા અરબી સમુદ્રના વિસ્તારને 'નો- ફ્લાય ઝોન' તરીકે જાહેર કર્યો છે.

પાકિસ્તાને આ વિસ્તારમાં સતર્કતા વધારવા પાકિસ્તાની સૈન્યને સિંધ પ્રાંતનો હવાલો સોંપ્યો હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત સમગ્ર દરિયાઈ સીમાના વિસ્તારોમાં પાકિસ્તાનના વિમાનો પણ ખડકી દેવાયાં છે.

ઉલ્લેખનીય છે કે, શાંતિના સમયમાં સિંધ પ્રાંતમાં રેન્જર્સ ગોઠવાય છે પરંતુ યુદ્ધ દરમ્યાન પાકિસ્તાની સેના મોરચો સંભાળે છે. એટલેથી જ પૂરતું ન હોય તેમ પાકિસ્તાને એક મેરિટાઇમ નોટિફિકેશન બહાર પાડીને 'કચ્છની નજીક આવેલાં કરાચી બંદર આસપાસના અરબી સમુદ્રમાં 'સર્ફેસ ટૂ સર્ફેસ' મિસાઈલના પરીક્ષણ આજે અને આવતી કાલે એટલે કે ૨૫મી એપ્રિલના રોજ કરવાનું જાહેર કર્યું છે.

પાકિસ્તાની લશ્કરના સૂત્રોએ નાગરિકો તેમજ ઉડ્યન કરતાં વિમાનો અને અરબી સમુદ્રમાં રહેલાં જહાજોને કરાંચી આસપાસના દરિયાઈ વિસ્તારમાં દૂર રહેવાની ચેતવણી આપી હોવાનું પણ જાણવા મળે છે.

પાકિસ્તાન જે મિસાઈલનું પરીક્ષણ કરી રહ્યું છે તે પ્રણાલીગત અને ન્યુક્લિયર હથિયારોને લઇ જઈ શકવા સમર્થ છે અને તે ૪૮૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે. બીજી તરફ, પાકિસ્તાને અરબી સમુદ્રમાં ન્યુક્લિયર સબમરિનો મોકલી હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત પાકિસ્તાનના ગ્વાદર બંદરે પણ પાકિસ્તાની સેનાએ અને મરિન સિક્યોરિટીની હલચલ વધી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ભારત જવાબી કાર્યવાહી કરશે તેની દહેશતથી પાકિસ્તાનમાં ભારે ગભરાટ ફેલાયો છે. આજે કરાચી સ્ટોક માર્કેટ ૨૫૦૦ પોઇન્ટના ઘટાડા સાથે ખુલ્યું હતું.ભારત દ્વારા એર સ્ટ્રાઇક થાય તેવો ભય પણ પાકિસ્તાનમાં ફેલાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ફેબ્રુઆરી ૨૦૧૯માં ભારતે પાકિસ્તાનના બાલાકોટ આસપાસના વિસ્તારમાં સર્જિકલ એર સ્ટ્રાઇક કરી હતી. આ વખતે પણ ભારત તેનાથી પણ વધારે આકરું પગલું ભરે તેવી શક્યતા સંરક્ષણ નિષ્ણાતો કરી રહ્યા છે ત્યારે બંને દેશો વચ્ચેનો તણાવ ઝડપભેર વધી રહ્યો છે.

### સિંધુનું જળ

કરવાની અને રાજદ્વારી સંબંધ ઓછા કરવાની જાહેરાત કરી, તે પછી પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે ભારતની સામે પગલાં લેવા માટે યોજાયેલી બેઠક પછી સંબંધિત જાહેરાત કરાઇ હતી.શહબાઝ શરીફની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં પાકિસ્તાનના પ્રધાનો અને પાકિસ્તાનના લશ્કરની ત્રણેય પાંખના વડા હાજર રહ્યા હતા.

આ બેઠક બાદ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનના સાર્વભૌમત્વ અને તેના લોકોની સલામતી સામે ઊભા કરાતા કોઇ પણ પ્રકારના જોખમનો જોરદાર જવાબ આપીશું. ભારતના શાસકોએ પોતાને ત્યાંની દરેક દુર્ઘટના માટે પાકિસ્તાનને દોષ દેવાનું બંધ કરવું જોઇએ.પાકિસ્તાનની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક બાદ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યું હતું કે ખોટા આરોપ મૂકવાથી તંગદિલી ઊભી થશે અને આ વિસ્તારની શાંતિ તેમ જ સ્થિરતાને માઠી અસર થશે.

પાકિસ્તાને ભારતીયોને 'સાર્ક' વિઝા મુક્તિ યોજના હેઠળ મળતી વિઝા અટકાવવાનો પણ નિર્ણય લીધો હતો.પાકિસ્તાને ભારત સાથેનો સીધો કે ત્રીજા દેશના માર્ગે થતો બધો વેપાર બંધ કરવાની જાહેરાત કરી હતી.

પાકિસ્તાને જણાવ્યું હતું કે સિંધુ નદી ૨૪ કરોડ પાકિસ્તાનીની 'જીવાદોરી' છે. સિંધુ કે તેની ઉપનદીઓનું પાણી બીજે વાળવાનું કે અટકાવવાનું કૃત્ય 'યુદ્ધ'નું કૃત્ય ગણાશે.

પાકિસ્તાને પોતાને ત્યાંના ભારતીય હાઇ કમિશનમાંના લશ્કરી સલાહકારોને ૩૦ એપ્રિલ સુધીમાં દેશ છોડવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી)

### હુમલાખોરોને

નવી ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી.

મોદીએ જે ચાર નવી ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી, તેમાં સહરસા અને મુંબઈ વચ્ચેની અમૃત ભારત એક્સપ્રેસ, જયનગર અને પટણા વચ્ચેની નમો ભારત રેપિડ રેલ તેમ જ પિપરા અને સહરસા વચ્ચેની તેમ જ સહરસા અને સમસ્તીપુર વચ્ચેની ટ્રેનનો સમાવેશ થાય છે.

વડા પ્રધાને કેટલીક રેલ લાઇન્સ, પુલ અને રાંધણગૅસના બૉટલિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. (એજન્સી)

# યવતમાળમાં 3,000 વર્ષ પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળ્યા

યવતમાળઃ મહારાષ્ટ્રના યવતમાળ જિલ્લામાં આશરે ત્રણ હજાર વર્ષ જૂની સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા હોવાનો દાવો નાગપુર યુનિવર્સિટીના સંશોધકોએ કરી જણાવ્યું છે કે આ અવશેષો લોહયુગના હોવાની સંભાવના છે.

નાગપુર યુનિવર્સિટીના પ્રાચીન ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ અને પુરાતત્ત્વ વિભાગની ટીમે ૨૦૨૩-૨૪માં નાગપુરના બાબુલગાંવ તાલુકાના પાચખેડ ગામમાં ખોદકામ કર્યું હતું એમ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ ડો.પ્રબાશ સાહુએ પીટીઆઈને જણાવ્યું હતું.

વધુ જાણકારી આપતા સાહુએ જણાવ્યું હતું કે અમે અવશેષોને ચાર સમયગાળામાં વહેંચી નાખ્યા છે... પહેલો સમયગાળો - આયર્ન યુગ, જેને પેટા સમયગાળામાં વિભાજિત કરવામાં આવ્યો હતો. શોધનો સાંસ્કૃતિક ક્રમ લોખંડ યુગથી માટીકામ અને કલાકૃતિઓના અવશેષોના આધારે શરૂ થાય છે. તે પછી સતવાહન સમયગાળો, મધ્યયુગીન સમયગાળો આવ્યો, અને પછી મળી આવેલા સ્થળનો ઉપયોગ નિઝામ યુગ દરમિયાન વોચ ટાવર તરીકે કરવામાં આવ્યો હતો. અમે જે પુરાવા રેકોર્ડ કર્યા છે તેમાં અમને એક સંપૂર્ણ ઘરનું આયોજન જોવા મળ્યું છે. એમાં માટીનો ચૂલો, માટીનથી બનેલી વસ્તુઓ, લોખંડની વસ્તુઓ, સેમી પ્રેશિયસ સ્ટોન, ટેરાકોટા મણકા અને હાડકાની વસ્તુઓ છે.



**અમૂલ્ય અવશેષોઃ** મહારાષ્ટ્રના યવતમાળ જિલ્લામાં ખોદકામ દરમ્યાન 3,000 વર્ષ પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળ્યા હતા. (પીટીઆઈ)

આ નમૂનાઓ ઇન્ટર યુનિવર્સિટી એક્સિલરેટર સેન્ટર, નવી દિલ્હીને મોકલવામાં આવ્યા છે. બે મહિનામાં એ કયા સમયગાળાના છે એની ખબર પડી જશે. આ અવશેષોના સમયગાળાની જાણ થયા પછી ઘટનાક્રમ ગોઠવી શકાશે. (પીટીઆઈ)■

# એપ્રિલ પૂરો થવા આવ્યો હોવા છતાં માત્ર 30 ટકા જ નાળાસફાઈ

## ઈન્સ્પેકશન પર નીકળેલા બીએમસી કમિશનરે ઝટ કામ પૂરું કરવા નિર્દેશ આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દર વર્ષની માફક આ વર્ષે પણ મુંબઈ મહાનગરપાલિકાએ નાળાની સફાઈનું કામ હાથ ધર્યું છે. નાળાસફાઈનું કામ પૂરું કરવા ૩૧ મેની મુદત છે અને ચોમાસુ નજીક છે છતાં હજી સુધી માત્ર ૩૦ ટકા નાળાસફાઈ થઈ છે. નાળાસફાઈનું ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી ટીકા થઈ રહી છે ત્યારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ ગુરુવારે નાળાસફાઈનાં કામનું ઈન્સ્પેકશન કરીને કામ ઝડપથી પૂરા કરવાનો નિર્દેશ આપ્યો હતો.

ચોમાસાના આગમન પહેલા એટલે કે નાનાં-મોટાં નાળાને સાફ કરવા માટે પાલિકા ૨૩૫ કરોડ રૂપિયાનો ખર્ચો કરવાની છે અને તમામ નાળા અને ગટરોને ૩૧ મે, ૨૦૨૫ પહેલા સાફ કરવાના છે. પરંતુ કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી ગુરુવારે કમિશનરે દક્ષિણ મુંબઈમાં વરલીનું રેસકોર્સ નાળું, નેહરુ સાયન સેન્ટર નાળું અને દાદર-ધારાવીમાં નાળાની ચાલી રહેલી સફાઈ કામનું ઈન્સ્પેકશન કર્યું હતું.

નાળાસફાઈના ઈન્સપેકશન બાદ કમિશનરે નાનાં-મોટાં નાળાની સફાઈ ઊંડાઈથી કરવાનો આદેશ આપ્યો હતો, જેથી ચોમાસામાં પાણીનું વહન કરવાની તેની ક્ષમતા વધે. તથા નાળાઓની સફાઈ બાદ તેમાંથી કાઢેલા ગાળ-કચરાનો નિકાલ ૪૮ કલાકની અંદર કરવા પર પણ તેમણે ભાર આપ્યો હતો. નાળાસફાઈના કામના ઈન્સ્પેકશન દરમ્યાન કમિશનરે કહ્યું હતું કે મુંબઈની ડ્રેનેજ સિસ્ટમ નાળા પર આધારિત છે. દર વર્ષે ચોમાસા પહેલા નાળાની સફાઈ કરવી જ પડે છે. ચોમાસું નજીક છે, છતાં માત્ર ૩૦ ટકામ કામ થયું છે. જોકે ચોમાસાના આગમનને હજી સવા મહિનો બાકી છે. તેથી નક્કી કરેલા ટાઈમટેબલ મુજબ કામ પૂરું કરવામાં ગતિ રાખવામાં આવશે, તેથી નાગરિકોએ ગભરાવાની જરૂર નથી. ચોમાસામાં વરસાદના પાણી ભરાય નહીં તેની પૂરતી તકેદારી રાખવામાં આવશે. સફાઈના કામનું વીડિયો રેકોર્ડિંગ તથા પહેલી વખત આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સની મદદ લેવામાં આવવાની છે. તેથી નાળાસફાઈનાં કામમાં સંપૂર્ણપણે પારદર્શકતા રહેશે. નાગરિકો પણ તેમના વિસ્તારની નાળાસફાઈની માહિતી પાલિકાની વેબસાઈટ પરથી મેળવી શકશે. કમિશનરે ઘનકચરા વિભાગના અધિકારીઓને કામ ઝડપથી અને ગુણવત્તાપૂર્વક કરવાનો નિર્દેશ આપ્યો હતો પણ એ સાથે જ તેમણે નાગરિકોને પણ ગટર-નાળામાં પ્લાસ્ટિકની થેલી, બાટલીઓ, થર્મોકોલ જેવો તરતો કચરો નહીં નાખવાની અપીલ કરી હતી. આવા કચરાને કારણે નાળાનો પ્રવાહ અટવાઈ જાય છે અને વરસાદી પાણીનો નિકાલ થઈ શકતો નથી અને તેને કારણે પાણી ભરાઈ જવાની સમસ્યા નિર્માણ થતી હોય છે. ■

# ૧,૮૦૦ કિલો ગૌમાંસ જપ્તઃ ત્રણની ધરપકડ

થાણેઃ ભિવંડીમાં બે વાહનને આંતરી અંદાજે ૩.૬ લાખ રૂપિયાનું ૧,૮૦૦ કિલો ગૌમાંસ જપ્ત કરી પોલીસે ત્રણ જણની ધરપકડ કરી હતી. કોનગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે કાર્યવાહી દરમિયાન ગૌમાંસ લઈ જવાતું હતું તે બન્ને વાહન અને ૧.૭ લાખની રોકડ પણ જપ્ત કરવામાં આવી હતી. અધિકારીના જણાવ્યા મુજબ ગુરુવારની સવારે છ વાગ્યાની આસપાસ રાજનોલી નાકા ખાતે એક કાર અને એક ટેમ્પોમાંથી ગૌમાંસ મળી આવ્યું હતું. બે ડ્રાઈવર અર્શદ હિજાયતુલ્લા ખાન (૪૬) અને મોહમ્મદ નસીમ અયુબ અન્સારી (૩૭) તેમ જ મટન શૉપના માલિક સુભાન શફીક કુરેશી (૨૦)ની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસ સૂચવે છે કે આરોપીઓ ગૌમાંસના ગેરકાયદે વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગૌમાંસના સપ્લાય નેટવર્કની તપાસ કરવામાં આવી રહી છે. ફરાર આરોપીઓની શોધ ચલાવાઈ રહી છે. (પીટીઆઈ)■






# માટીની મૂર્તિ આગામી પેઢી માટે લાભદાયકઃ હાઇ કોર્ટ

## પીઓપીની ગણેશજીની મૂર્તિ પર પ્રતિબંધ સંબંધી આગામી સુનાવણી પાંચમી મેએ

મુંબઈઃ પ્રકૃતિ માટે હાનિકારક પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)ની મૂર્તિ બનાવવા પર પ્રતિબંધ હોઇ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે સુધારિત માર્ગદર્શિકા બહાર પાડી છે જેમાં પીઓપીની મૂર્તિ બનાવવાની મનાઇ કરવામાં આવી છે. તેના વિરોધમાં મૂર્તિકાર સંગઠન તરફથી કરાયેલી અરજીની હાઇ કોર્ટે નોંધ લઇ પીઓપીના બદલે અન્ય પર્યાય પસંદ કરો. આગામી પેઢીને તેનાથી ફાયદો થશે, એવો મત હાઇ કોર્ટે વ્યક્ત કર્યો હતો. હાઇ કોર્ટે આ બાબતની સુનાવણી પાંચમી મે સુધી મુલતવી રાખી છે. કેન્દ્રીય પ્રદૂષણ કન્ટ્રોલ બોર્ડ તરફથી પીઓપી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પ્રતિબંધને કારણે મૂર્તિકારોના વ્યવસાય પર આડઅસર થઇ છે. તેથી હાઇ કોર્ટમાં મૂર્તિકાર સંગઠનો તરફથી અરજી કરવામાં આવી છે. ગણેશોત્સવના ૯૦ અથવા ૧૨૦ દિવસ પહેલા મૂર્તિ બનાવવાની શરૂઆત કરવામાં આવે છે. આ વર્ષે ઓગસ્ટમાં ગણેશોત્સવ છે. પીઓપી પરનો પ્રતિબંધ કાયમ રહેશે તો અન્ય પર્યાય દ્વારા મૂર્તિ બનાવવામાં આવશે. તેથી ઝડપી સુનાવણી હાથ ધરવામાં આવે એવી માગણી અરજીમાં કરાઇ હતી. ■

# ટ્રિપલ તલાક પર પ્રતિબંધ છે, તલાક-એ-અહસન પર નહીંઃ હાઇ કોર્ટ

મુંબઈઃ માત્ર ઇન્સ્ટન્ટ ટ્રિપલ તલાક પર પ્રતિબંધ છે, છૂટાછેડાની પરંપરાગત પદ્ધતિ 'તલાક - એ - અહસન' તરીકે ઓળખાતી પદ્ધતિ પ્રતિબંધિત નથી એમ બોમ્બે હાઇકોર્ટે પત્નીની ફરિયાદના આધારે એક વ્યક્તિ અને તેના માતા-પિતા વિરુદ્ધ નોંધાયેલા કેસને રદ કરતા કહ્યું છે. મુસ્લિમ વુમન (પ્રોટેક્શન ઓફ રાઇટ્સ ઓન મેરેજ) એક્ટ હેઠળ છૂટાછેડાની વ્યાખ્યામાં માત્ર ઝટપટ અથવા અપરિવર્તનીય છૂટાછેડાનો સમાવેશ છે એમ હાઇકોર્ટની ઔરંગાબાદ ખંડપીઠના ન્યાયમૂર્તિ વિભા કંકણવાડી અને ન્યાયમૂર્તિ સંજય દેશમુખે બુધવારે જણાવ્યું હતું. ૨૦૨૪માં જળગાંવમાં પત્નીની ફરિયાદ પર પુરુષ અને તેના માતા-પિતા વિરુદ્ધ મુસ્લિમ મહિલા (વિવાહ અધિકાર સંરક્ષણ) અધિનિયમની કલમ ૪ હેઠળ નોંધાયેલ કેસને અદાલતે રદ કર્યો હતો. આ કલમ અનુસાર જે પણ મુસ્લિમ પુરુષ તેની પત્નીને ટ્રિપલ તલાક (તલાક-એ-બિદ્દત) આપશે તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે.

હાઈકોર્ટે આદેશમાં જણાવ્યું હતું કે 'આ કાયદા હેઠળ તલાકની વ્યાખ્યામાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે તત્કાળ અને અપરિવર્તનીય છે. તલાક એટલે તલાક-એ-બિદ્દત કે પછી તલાકનું અન્ય કોઈ પણ સ્વરૂપ, જે ત્વરિત અથવા અપરિવર્તનીય અસર ધરાવે છે. તલાકના અન્ય તમામ સ્વરૂપો પર રોક કે પ્રતિબંધ નથી. હાલના કેસમાં આ વ્યક્તિએ પત્નીને તલાક-એ-અહસન આપ્યા હતા જે તલાકનું એલાન છે. અંતિમ તલાકનામા ચુકાદાના ત્રણ મહિના પછી આપવામાં આવ્યું હતું. તલાક-એ-અહસનની કાનૂની પ્રભાવ ૯૦ દિવસ દરમિયાન જ અમલમાં આવે પણ એ દરમિયાન આ દંપતીએ ફરી સાથે રહેવાનું શરૂ નહોતું કર્યું.'(પીટીઆઈ)■







LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પશ્ચિમ રેલવેમાં શનિ-રવિ વચ્ચે ૩૫ કલાકનો બ્લોક

## કાંદિવલી-બોરીવલી વચ્ચે રિ-ગર્ડરિંગનું કામ હાથ ધરાવાનું હોવાથી બે દિવસમાં ૧૬૫ લોકલ ટ્રેનો રદ કરાશે

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં કાંદિવલી અને બોરીવલીની વચ્ચે ૨૬-૪-૨૫ની શનિવારે બપોરના એક વાગ્યાથી ૨૭-૨-૨૫ના રવિવારે રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી રિ-ગર્ડરિંગનું કામ હાથ ધરાવાનું હોવાથી ૩૫ કલાકનો મોટો બ્લોક હાથ ધરવામાં આવશે.

કાંદિવલી-બોરીવલી વચ્ચે બ્રિજ નં. ૬૧માં રિ-ગર્ડરિંગનું કામ હાથ ધરવામાં આવનાર છે. પાંચમી લાઇન, કારશેડ લાઇન અને કાંદિવલી ટ્રાફિક યાર્ડ લાઇન પર બ્લોકની અસર રહેશે. બ્લોક દરમિયાન પાંચમા લાઇનની પરાં વિસ્તારની ટ્રેનોની સેવા અને મેલ/એક્સપ્રેસ ટ્રેનોની સેવાને ફાસ્ટલાઇન પર ડાઇવર્ટ કરવામાં આવશે. અમુક મેલ/એક્સપ્રેસ ટ્રેનોને અસર પોહંચશે, જ્યારે અમુક લોકલ ટ્રેનોને રદ કરવામાં આવશે અથવા તો તેના પર અસર પહોંચશે. શનિવારે અંદાજે ૭૩ અને રવિવારે અંદાજે ૯૦ લોકલ ટ્રેનોને રદ કરવામાં આવશે. આ સિવાય લાંબા અંતરની ટ્રેનોમાં ટ્રેન નં. ૧૯૪૧૮ અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસને પચીસમી અને ૨૬મી એપ્રિલે વસઇ ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. ટ્રેન નં. ૧૯૪૧૭ બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ ૨૭મી એપ્રિલ, ૨૦૨૫ના વસઇ સ્ટેશને શોર્ટ-ઓરિજિનેટ કરવામાં આવશે.

ટ્રેન નં. ૧૯૪૨૫ બોરીવલી-નંદુરબાર એક્સપ્રેસ ૨૬મી અને ૨૭મી એપ્રિલે ભાયંદર શોર્ટ-ઓરિજિનેટ કરવામાં આવશે. ટ્રેન નં. ૧૯૪૨૬ નંદુરબાર-બોરીવલી એક્સપ્રેસ ટ્રેનને ૨૬મી એપ્રિલે વસઇ રોડ ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. વધુ માહિતી માટે સંપર્ક : wr.indianrailways.gov.in.



**સુખરૂપ પાછાઃ** પહલગામમાંના આતંકવાદી હુમલા પછી કાશ્મીરમાં અટવાયેલા મહારાષ્ટ્રીયનોના બીજા બૅચને લઈને વિમાન ગઈ કાલે રાત્રે મુંબઈ આવ્યું એ પછી તેમનું સ્વાગત કરાયું હતું. (અમય ખરાડે)

# તમે અહીં આતંક મચાવ્યો છે...

## માનો યા ન માનો પણ આવું પહલગામના આતંકવાદીઓએ ગોળીબાર કરતા પહેલા કહ્યું હતું

મુંબઈઃ ''તમે અહીં આતંક મચાવ્યો છે,'' એક આતંકવાદીએ જમ્મુ અને કાશ્મીરના બૈસરનમાં પ્રવાસીઓ પર તેમના જીવ બચાવવાની વિનંતીઓને અવગણીને આડેધડ ગોળીબાર ચાલુ રાખતા બૂમ પાડી હતી, હત્યાકાંડમાં બચી ગયેલા લોકોએ ગુરુવારે ઘરે પરત ફર્યા પછી આપવીતી જણાવી.

થાણે જિલ્લાના ડોમ્બિવલીના વતની ત્રણ પિતરાઈ ભાઈઓ સંજય (૫૦), હેમંત જોશી (૪૫) અને અતુલ મોને (૪૩)નો ૨૨ એપ્રિલ (મંગળવાર)ના રોજ પહેલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ૨૬ વ્યક્તિઓમાં સમાવેશ થાય છે.

મૃતકોના સંબંધીઓએ વર્ણવ્યું કે કેવી રીતે એક રમણીય દિવસ તેમના જીવનનો સૌથી ખરાબ દિવસ બની ગયો. ભૂરા કપડાં પહેરેલા, ચહેરા ઢાંકેલા, માથા પર કેમેરા લગાવેલા આતંકવાદીઓ બૈસરનના મનોહર ઘાસના મેદાનમાં આવ્યા અને એક રમણીય સ્થળને લોહીથી લથપથ કરી દીધું.

૨૨ એપ્રિલે પોતાના પરિવાર સાથે પહેલગામ ગયેલા સંજય લેલેના દીકરા હર્ષલ લેલેએ મીડિયાને કહ્યું,''તેઓ ઓછામાં ઓછા ચાર લોકો હતા, મેં બે લોકોને જોયા, પરંતુ તેમની હિલચાલ અને પગલાઓના અવાજ પરથી હું કહી શક્યો કે ત્યાં વધુ લોકો હતા. તેમના જીવનની ભયાનક ક્ષણને યાદ કરતા કહ્યું, ''મારો હાથ મારા પિતાના માથા પર હતો ત્યારે મને અચાનક કંઈક ભીનું લાગ્યું. તે લોહી હતું, તેમના માથા પર ગોળી વાગી હતી,'' તેમણે ધ્રૂજતા અવાજે યાદ કર્યું.

માર્યા ગયેલા અતુલ મોનેની પત્ની અનુષ્કા મોનેએ હુમલાખોરો સાથે દલીલ કરવાનો પ્રયાસ કરતી વખતે તેમના પતિની હત્યા કેવી રીતે કરવામાં આવી તે જણાવતા કહ્યું કે, ''અમે બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ પહલગામ પહોંચ્યા. તે એક સુંદર દિવસ હતો. અચાનક અમે ગોળીબાર સાંભળ્યો, પરંતુ મને લાગ્યું કે તે નજીકમાં કોઈ સાહસિક પ્રવૃત્તિ હશે. પરંતુ બંદૂકધારીઓએ જાણવાની કોશિશ કરી કે ગ્રુપમાં કોણ હિન્દુ છે કે મુસ્લિમ.'' તેઓએ અમને ત્રણથી ચાર વાર પૂછ્યું. કોઈએ જવાબ આપ્યો નહીં. મારા પતિ આગળ આવ્યા અને કહ્યું, 'તમે અમારા પર કેમ બૂમો પાડી રહ્યા છો? અમે કંઈ કર્યું નથી.' તેઓએ તેમને ગોળી મારી દીધી, અનુષ્કા મોને કહ્યું. અતુલ મોને હર્ષલ લેલેના કાકા હતા.

તેમણે કહ્યું, ફરીથી પૂછ્યું કે તેમનામાંથી કોણ હિન્દુ છે ત્યારે તેમના બીજા સંબંધીએ હાથ ઉંચો કર્યો હતો. ''તેઓએ તેમને પણ ગોળી મારી દીધી હતી.''

''અમે બધા પ્રવાસીઓ છીએ, પરિવારો છીએ. અમે શું આતંક ફેલાવ્યો હતો?'', ''તમે અહીં આતંક મચાવ્યો છે'' અનુષ્કા મોનેએ સામી દલીલ કરતા કહ્યું અને પછી આતંકીઓએ ભયભીત ભીડ પર ફરીથી ગોળીબાર કર્યો.

હર્ષલ લેલેએ કહ્યું બીજા કાકા, હેમંત જોશીએ હુમલાખોરોને વિનંતી કરવાનો પ્રયાસ કર્યો. 'તેમણે કહ્યું, અમે કંઈ કર્યું નથી, અમને જવા દો,' અને તેઓએ તેમને ગોળી મારી દીધી.

ત્યારબાદ થયેલી અંધાધૂંધીમાં, સ્થાનિકો અને ઘોડાવાળાઓ દ્વારા બચી ગયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા. ''સ્થળ પર કોઈ સુરક્ષા વ્યવસ્થા નહોતી. આ વિસ્તાર ખુલ્લો હતો, સો કરતાં વધુ પ્રવાસીઓ હતા, હેલીકોપટર હતા પણ ખુબ ઓછા હતા.'' હર્ષલ લેલેએ ઉમેર્યું. (પીટીઆઈ )

# ડોમ્બિવલીના ત્રણ કઝિનના ઘરે એનઆઇએ

મુંબઈઃ પહલગામમાં આતંકવાદીઓએ પર્યટકો પર કરેલા હુમલામાં મૃત્યુ પામેલા ડોમ્બિવલીના ત્રણ કઝિનના ઘરે નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ની ટીમ પહોંચી હતી અને તેમના પરિવારજનોની પૂછપરછ કરી હતી. કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં પહલગામ ખાતે મંગળવારે બપોરે આતંકવાદીઓએ કરેલા હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. એનઆઇએની ચાર સભ્યની ટીમ ગુરુવારે ડોમ્બિવલી પશ્ચિમમાં અતુલ મોને, હેમંત સુભાષ જોશી અને સંજય લક્ષ્મણ લેલેના ઘરે ગઇ હતી. એનઆઇએની ટીમે ત્રણેય મૃતકોના પરિવારજનો સાથે વાતચીત કરી હતી. ત્રણેય કઝિનના મૃતદેહને બુધવારે સાંજે ડોમ્બિવલીમાં લાવવામાં આવ્યા હતા અને બાદમાં તેમના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. એનઆઇએ આતંકવાદી હુમલાની તપાસમાં જમ્મુ-કાશ્મીર પોલીસને સહાય પૂરી પાડી રહી છે. (પીટીઆઇ)

# કોચિંગ ક્લાસીસ પર લગામ તાણવા મહારાષ્ટ્ર સરકાર નવો કાયદો લાવવાની ફિરાકમાં

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, સલામતી/ માળખાકીય ધોરણો અને ભ્રામક જાહેરાતો સહિત અન્ય બાબતોના સંદર્ભમાં ખાનગી કોચિંગ ક્લાસને નિયંત્રિત કરવા માટે એક નવો કાયદો બનાવવાની યોજના બનાવી રહી છે.

શાળા શિક્ષણ વિભાગ કર્ણાટક, ગોવા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સહિત કેટલાક અન્ય રાજ્યો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓનો અભ્યાસ કરી રહ્યું છે. રાજ્ય વિધાનસભાના આગામી ચોમાસા સત્રમાં કોચિંગ ક્લાસને નિયંત્રિત કરવા માટે બિલ લાવવાની અપેક્ષા છે. વિભાગે તેના ૧૦૦-દિવસના કાર્યક્રમમાં બિલના અમલનો સમાવેશ કર્યો છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે,આ કાયદાથી રાજ્યમાં કોચિંગ ક્લાસની નોંધણી ફરજિયાત થવાની અપેક્ષા છે. આ ઉપરાંત, તેમાં માળખાગત સુવિધાઓ સંબંધિત સ્પષ્ટ નિયમો હશે, જેમાં વર્ગખંડોમાં વિદ્યાર્થીની સંખ્યાનો સમાવેશ થાય છે . જોકે કેન્દ્રીય માર્ગદર્શિકામાં પ્રતિ વિદ્યાર્થી એક ચોરસ મીટર ફરજિયાત છે, તે મુંબઈ અને પુણે જેવા શહેરોમાં શક્ય ન પણ હોય, અને મહારાષ્ટ્ર બિલમાં આમાં થોડો ફેરફાર કરવો પડી શકે છે. કોચિંગ ક્લાસને સલામતીના ધોરણોનું પાલન કરવું પડશે અને સમયાંતરે અધિકારીઓ દ્વારા સલામતી પદ્ધતિઓ પ્રમાણિત કરાવવી પડશે. કાયદામાં આ સંબંધિત સ્પષ્ટ આદેશ હશે.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, શાળા શિક્ષણ વિભાગ વર્ગો દ્વારા વસૂલવામાં આવતી ફીનું નિયમન કરવું કે નહીં તે અંગે કોઈ નિષ્કર્ષ પર પહોંચ્યું નથી. કોચિંગ ક્લાસ દ્વારા આપવામાં આવતું શિક્ષણ સરકારની મૂળભૂત ફરજનો ભાગ નથી અને તેને મર્યાદિત કરી શકાતું નથી, કારણ કે તે વિદ્યાર્થીઓ અને વર્ગો વચ્ચેનો પરસ્પર કરાર છે. આ જવાબદારી લેવાને બદલે, વિભાગ માને છે કે તે નિર્ણય લેવાનું તેમના પર છોડી દેવું જોઈએ.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે આ કાયદાનો મુખ્ય ભાર કોચિંગ ક્લાસ દ્વારા જારી કરવામાં આવતી જાહેરાતો પર રહેશે. ''આ કાયદો આ ક્ષેત્રમાં થતી ગેરરીતિઓને રોકશે, કારણ કે ઘણા વર્ગો તેમના વિદ્યાર્થીઓને શાળાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મળેલા માર્ક્સ સંબંધિત મોટા દાવાઓ કરે છે. કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય તેમને આ ભ્રામક માહિતી પ્રસારિત કરવાથી રોકવાનો રહેશે.''

# ઓક્યુપન્સી સર્ટિફિકેટની ખરાઇ મહારેરા ચકાસશે

મુંબઈઃ કલ્યાણ-ડોંબિવલી વિસ્તારમાં ગેરકાયદે બાંધકામના કેસોના જવાબમાં, મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (મહારેરા) એ રાજ્યભરમાં પૂર્ણ થયેલા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ માટે સબમિટ કરાયેલા ઓક્યુપન્સી સર્ટિફિકેટ્સ (ઓસી) ની ખરાઇ ચકાસવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ગુરુવાર, ૧૮એપ્રિલ, ૨૦૨૪, અથવા વાસ્તવિક સૂચના મુજબની અન્ય કોઈ તારીખે, મહારેરાએ તમામ સંબંધિત અધિકારીઓને નોટિસ મોકલી, ઓસીની કાયદેસરતાની પુષ્ટિ માગી હતી .

રિયલ એસ્ટેટ રેગ્યુલેટર ઓથોરિટીએ કુલ ૩,૬૯૯ પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સ માટે મહારેરા વેબસાઇટ પર અપલોડ કરેલા પ્રમાણપત્રો ચકાસવા જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટ્સના ડેવલપર્સે પૂર્ણતાનો દાવો કર્યો હતો અને મહારેરા દ્વારા જારી કરાયેલી નોટિસના જવાબમાં તેમના ઓસી સબમિટ કર્યા હતા જેને લઈને આ પગલું લેવામાં આવ્યું છે.

મહારેરાએ આયોજન અધિકારીઓને સૂચના આપી છે કે તેઓ દસ દિવસની અંદર જવાબ આપે કે ઓસી ખરેખર તેમના દ્વારા જારી કરવામાં આવ્યા હતા અને જો આ સમયગાળા દરમિયાન કોઈ જવાબ ન મળે, તો રિયલ એસ્ટેટ ઓથોરિટી સબમિટ કરેલા ઓસી ને અધિકૃત માનશે અને તે મુજબ પ્રોજેક્ટ સ્થિતિ અપડેટ કરશે.

નિયમનકારી સંસ્થાએ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ વિસંગતતાઓ અથવા છેતરપિંડી અથવા ખોટા દસ્તાવેજો મળશે, તો કોઈપણ સંકળાયેલ જોખમ અને નાણાકીય તેમજ સમગ્ર જવાબદારી સંબંધિત અધિકારીની રહેશે.

### ક્યાં કેટલા પ્રોજેક્ટ?

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ૧,૮૧૯
મુંબઈ શહેર - ૧૦૬
મુંબઈ ઉપનગરો - ૪૩૦
થાણે - ૫૫૭
પાલઘર - ૧૭૫

# નવી મુંબઈમાં છ વર્ષની પુત્રીની હત્યા બાદ માતાએ કરી આત્મહત્યા

મુંબઈઃ નવી મુંબઈના ઘનસોલી વિસ્તારમાં પચીસ વર્ષની મહિલાએ તેની છ વર્ષની પુત્રીની ગળું દબાવી હત્યા કર્યા બાદ આત્મહત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર બુધવારે મોડી રાતે આ ઘટના પ્રકાશમાં આવી હતી. મૃતકોની ઓળખ પ્રિયંકા કાંબળે (૨૫) અને તેની પુત્રી વૈષ્ણવી (૬) તરીકે થઇ હતી.

પ્રિયંકાએ તેની નાદુરસ્ત તબિયત અને ડિપ્રેશનને કારણે આ પગલું ભર્યું હોવાનું પોલીસને લાગી રહ્યું છે. પ્રિયંકાની હાઇ બ્લડ પ્રેશરની સારવાર પણ ચાલી રહી હતી.

પ્રિયંકા તેના પતિ મહાદેવ અને પુત્રી સાથે ઘનસોલીના મહાશેરાવાલી અપાર્ટમેન્ટમાં રહેતી હતી. કપડાંની દુકાનમાં કામ કરતો મહાદેવ ઘટનાને દિવસે કામે ગયો હતો. તેની ગેરહાજરીમાં પ્રિયંકાએ કથિત રીતે તેની પુત્રીની ગળું દબાવી હત્યા કરી હતી અને બાદમાં ગળાફાંસો ખાધો હતો.

ઘરની બારી ખુલ્લી હોવાથી પડોશીએ ડોકિયું કરતાં પ્રિયંકા ગળાફાંસો ખાધેલી હાલતમાં નજરે પડી હતી. આથી તેણે તાત્કાલિક મહાદેવને તેની જાણ કરી હતી.

મહાદેવ ઘરે આવ્યા બાદ પડોશીઓની મદદથી પ્રિયંકા અને પુત્રીને હોસ્પિટલમાં લઇ ગયો હતો, જ્યાં બંનેને તપાસીને મૃત જાહેર કરાઇ હતી.

દરમિયાન બનાવની જાણ થતાં રબાળે પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ આદરી હતી. પોલીસને ઘટનાસ્થળેથી કોઇ સ્યુસાઇડ નોટ મળી આવી નહોતી. મહાદેવે પોલીસને જણાવ્યું હતું કે પ્રિયંકાની તબિયત નાદુરસ્ત હતી અને તે ડિપ્રેશનમાં પણ હતી. દંપતીને ૧૦ વર્ષનો પુત્ર છે જે વતન પંઢરપુરમાં રહે છે.

# મહારાષ્ટ્રમાં ચાર અંગ પ્રત્યારોપણ સંકલન કેન્દ્ર બનાવવામાં આવશે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ચાર ઝોનલ અંગ પ્રત્યારોપણ સંકલન કેન્દ્રો સ્થાપવામાં આવશે એવી માહિતી રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરે ગુરુવારે કહ્યું હતું. આ ઉપરાંત માનવી ઓર્ગન રિકવરી સેન્ટર સરકારી હોસ્પિટલમાં સ્થાપવામાં આવશે અને દરેક હોસ્પિટલમાં સંકલનકર્તાની નિયુક્તિ કરવામાં આવશે એમ તેમણે કહ્યું હતું. અંગ પ્રત્યારોપણ સંકલન કેન્દ્રો અમરાવતી, કોલ્હાપુર, નાશિક અને સોલાપુરમાં સ્થાપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. અંગ દાન અને પ્રત્યારોપણ રાજ્યમાં ગતિ પકડી રહ્યું છે. વધુ પારદર્શક અને અસરકારક વ્યવસ્થા તૈયાર કરવાથી વેગ મળશે. અંગ દાન માટે જનજાગૃતિની આવશ્યકતા હોવાથી રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરવામાં આવશે, એમ પણ તેમણે કહ્યું હતું. રાજ્યના સ્થાપના દિને એટલે કે પહેલી મેના રોજ અંગદાન કરનારાઓ અને તેમના પરિવારજનોનું પાલક પ્રધાનો અને કલેક્ટરોને હસ્તે સન્માન કરવામાં આવશે.

છેલ્લા પાનાનું ચાલુ

## વિદર્ભ તપે છે

જેમાં બ્રહ્મપુરીમાં ૪૫.૯ ડિગ્રી સાથે સમગ્ર દેશમાં સૌથી ગરમ રહ્યું હતું. આ દરમ્યાન રાજ્યના દસ જિલ્લામાં ૨૮ એપ્રિલ સુધી હીટવેવની ચેતવણી આપવામાં આવી છે.

વિદર્ભ સહિત મરાઠવાડામાં કાળઝાળ ગરમી પડી રહી છે. બંને રિજનના મોટાભાગના જિલ્લામાં છેલ્લા ચાર-પાંચ દિવસથી ૪૦ ડિગ્રીની ઉપર તાપમાન નોંધાઈ રહ્યું છે. ગુરુવારે વિદર્ભના બ્રહ્મપુરીમાં ૪૫.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે સમગ્ર રાજ્યમાં જ નહીં પણ આખા દેશમાં હાઈએસ્ટ તાપમાન રહ્યું હતું. વિદર્ભના અકોલામાં ૪૫.૨ ડિગ્રી, ચંદ્રપુરમાં ૪૫.૦ ડિગ્રી, યવતમાળમાં ૪૪.૪ ડિગ્રી, નાગપુરમાં ૪૪.૪ ડિગ્રી,અમરાવતીમાં ૪૪.૨ ડિગ્રી, વાશિમમાં ૪૩.૨ ડિગ્રી, ગોંદિયામાં ૪૨.૬ ડિગ્રી, ભંડારામાં ૪૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મરાઠવાડાના બીડમાં ૪.૩ ડિગ્રી, પરભણીમાં ૪૩.૪ ડિગ્રી, ઔરંગાબાદમાં ૪૧.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ગુરુવારે ફરી એક વખત હિલ સ્ટેશન માથેરાનમાં મુંબઈ કરતા વધુ ગરમી નોંધાઈ હતી. દિવસ દરમ્યાન માથેરાનમાં મહત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી નોંધાયું હતું, તેની સામે મુંબઈમાં સાંતાક્રુઝમાં ૩૩.૬ ડિગ્રી અને કોલાબામાં ૩૪.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો મહાબળેશ્વરમાં પણ મહત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગે રાજ્યના વિદર્ભ સહિત મધ્ય મહારાષ્ટ્રના દસ જિલ્લામાં ૨૮ એપ્રિલ સુધી હીટવેવની ચેતવણી આપી છે, જેમાં જળગાંવ, પુણે, કોલ્હાપુર, સોલાપુર, અહિલ્યાનગર (અહમદનગર), સાંગલી, છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ), જાલના, પરભણી, બીડ, હિંગોલી, નાંદેડ, લાતુર, ધારાશિવ (ઉસ્માનાબાદ), અકોલા, અમરાવતી, ચંદ્રપુર, નાગપુર, વર્ધા, યવતમાળનો સમાવેશ થાય છે.

## દેરાસર ડિમોલિશન

સમક્ષ ફરી સુનાવણી થઈ હતી, જેમાં તેમણે દેરાસરના તમામ દસ્તાવેજોની માહિતી લીધી હતી. તમામ વિગતો જાણ્યા બાદ તેમણે પોલીસને સંબંધિત અધિકારી અને બાંધકામ તોડી પાડવાના કૃત્યના વિરોધમાં ગુનો નોંધવાનો આદેશ આપ્યો હતો. એ સાથએ જ તેમણે એસીબીની તપાસનો આદેશ પણ આપ્યો હતો. વિલે પાર્લેના જૈન દેરાસરને ગયા બુધવારે ૧૬ એપ્રિલના પાલિકાના કે-પૂર્વ વોર્ડ દ્વારા ગેરકાયદે હોવાનું કહીને તોડી પાડવામાં આવ્યું હતું, તેની સામે દેશભરમાં સમગ્ર જૈન સમાજમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

## મુંબઈ અલર્ટ મૉડ પર

ડીસીપીને તેમની હદમાં વધુ સતર્ક અને સાવધાન રહેવાની સૂચના આપવામાં આવી છે. મુંબઇમાં કોઇ અનિચ્છનીય ઘટના ન બને તે માટે મુંબઈ પોલીસ દ્વારા વિશેષ સાવચેતી રાખવામાં આવી રહી છે. ગેટવે ઓફ ઇન્ડિયા, મરીન ડ્રાઇવ, ચોપાટી, સમુદ્ર કિનારે તથા અન્ય પર્યટન સ્થળે બંદોબસ્તમાં રહેલી પોલીસને સતર્ક કરવામાં આવી છે. હાલ વેકેશન હોવાથી ધાર્મિક સ્થળો પર ભીડ જોવા મળે છે. આવા સ્થળો પર બંદોબસ્ત વધુ જડબેસલાક કરાયો છે.

અસામાજિક તત્ત્વો અને ગુનેગારો પર નિયંત્રણ રાખવા મુંબઈ પોલીસ દ્વારા નિયમિત ઓપરેશન ઑલઆઉટ હાથ ધરવામાં આવે છે, જેમાં પેટ્રોલિંગ, ઠેરઠેર નાકાબંધી, કોમ્બિંગ ઓપરેશન કરી ગુનેગારોની ધરપકડ કરવામાં આવે છે.

મુંબઈમાં પાંચ હજાર સીસીટીવી કેમેરા બેસાડવામાં આવ્યા છે અને તેના દ્વારા નજર રાખવામાં આવી રહી છે. જો કોઇ શંકાસ્પદ નજરે પડે તો ત્વરિત તેની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશને આપવામાં આવે છે.

પોલીસ દ્વારા નાગરિકોને અફવા ન ફેલાવવા અને તેના પર વિશ્વાસ ન રાખવાની અપીલ કરવામાં આવી છે. કોઇ પણ માહિતીને ખરાઇ કરવા માટે પોલીસનો સંપર્ક સાધવો. શંકાસ્પદ વસ્તુ અથવા વ્યક્તિ નજરે પડે તો તેની માહિતી નજીકના પોલીસ સ્ટેશનને અથવા ૧૦૦ નંબર પર કૉલ કરીને આપવી, એવું જણાવાયું છે.

## જૈન મરણ

**વિશા ઓસવાલ જૈન**

જામનગર નિવાસી હાલ મરીનડ્રાઇવ મહેન્દ્રભાઇ પ્રભુલાલ ઝવેરી (ઉં. વ. ૯૪) તે શ્રેણીકભાઇ, મિનલ મીલનભાઇ બાવીશીના પિતા. રાજુલબેનના સસરા. કૃતિ, એશ, મનન, પૂનમ તથા ઇશાના દાદા તા. ૨૩-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ કાંદિવલી સ્વ. ચંદ્રકાંત સાકરચંદ મહેતાના ધર્મપત્ની લતાબેન (ઉં. વ. ૮૭) તા. ૨૩-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કાર્તિક, બિંદુ, સ્વ. અલકા, મનીષા, રાખી, તૃપ્તિના માતુશ્રી. તે બીના, સ્વ. દિલીપભાઇ, ભાવીન, રાજન, હેમંત તથા સમીરના સાસુ. તે પિયરપક્ષે બિલીયા નિવાસી નેમચંદ ગુલાબચંદ મહેતાની સુપુત્રી. ગં.સ્વ. વિજયાબેન, સ્વ. રસીકભાઇ, સ્વ. શાંતીભાઇના બેન. સ્વ. મહાસુખભાઇ, સ્વ. લાભુબેન, સ્વ. શારદાબેન, ગં. સ્વ. મુક્તાબેન, ગં. સ્વ. વસંતબેનના ભાભી. તે દર્શિલ, ધૃમીલ, કિંજલ, દિશા, સૃષ્ટિ, મીલી, કરણ, સાગરના દાદી-નાની. સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાભરાઇના દેવકાબેન શામજી ગાલા (ઉં. વ. ૯૨) તા. ૨૧-૪-૨૫ના અવસાન પામેલ છે. રતનબેન નાનજી રવજી ગાલાના પુત્રવધૂ. દેઢિયાના તેજબાઇ હંસરાજ વેરશીના પુત્રી. શામજી નાનજીના ધર્મપત્ની. મંજુલા/હેમલતા, છગનલાલ, વાસંતી, લીના, અરુણા (દીકરી તુલ્ય)ના માતુશ્રી. તલકશી, શિવજી, પ્રેમજી, વીરજી, મુલબાઇ, પાનબાઇ, કુંવરબાઇ, મણીબેનના બેન. પ્રા. જીવરાજ ભાણજી હોલ, અશોકનગર, મુલુંડ (વેસ્ટ). ૪થી ૫.૩૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા હાલ ઘાટકોપર સ્વ. જયાગોરી ગુલાબચંદ ભગવાનજી મેઘાણીના સુપુત્ર સ્વ. ભરત મેઘાણી (ઉં. વ. ૭૪) શનિવાર તા. ૧૯-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ધર્મપત્ની ભાવનાબેન ભરત, ભાઇ-વહુઃ આશાબેન અરવિંદભાઇ મેઘાણી,ઇલાબેન રાજેશભાઇ મેઘાણી, બહેન-બનેવીઃ ઉષાબેન નગીનદાસ રવાણી, ભારતીબેન ઉમેશકુમાર શાહ, કુ. સ્વ. કુસુમબેન ગુલાબચંદ મેઘાણી, દીકરી-જમાઇ : નિકિતાબેન અમોલ દીઘે, તન્વી યોગેશ દોશી, બિનલ ભરતભાઇ મેઘાણી, દીકરોઃ સ્વ. રાહુલ ભરતભાઇ મેઘાણી,સસરા પક્ષઃ સ્વ. નવનીતલાલ બાવાલાલ શાહ (રાજકોટ). ઠે. બી-૧૨, કેકે સ્મૃતિ ન્યૂ માણેકલાલ એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ કાંદિવલી, રમેશચંદ્ર લક્ષ્મીચંદ કોઠારી (ઉં.વ. ૯૩) તા. ૨૧/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રિકાબેનના પતિ. વર્ષા, પારસ, અમી, કૌશલના પિતા. રાજેશભાઈ, તુષારભાઈ, ફાલ્ગુનીના સસરા. જીવીન, વૃષ્ટી, દેવાંશના દાદા-નાના. સ્વ. જશવંતરાય, રજનીકાંતભાઈ ચુનીલાલ દોઢીવાળાના બનેવી. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૬/૪/૨૫ના ૩.૦૦ થી ૫.૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કૉર્નર, એસ.વ્હી. રોડ, કાંદિવલી (વે).

## પારસી મરણ

માકી બેહલી બાતલીવાલા તે મરહુમ બેહલીના ધનીયાની. તે મરહુમો ગુલબઇ ને બરજોર શીરાઇના દીકરી. તે શાપુરના માતાજી. તે એલીઝાબેથ સુસેનના સાસુજી. તે મરહુમો મેહર ખુશરુ વાચ્છા ને સીલ્લુ ખુશરુ કેપ્ટનના બહેન. તે અલાઇશા ને કીતાનજલીના બપઇજી. (ઉં. વ. ૧૦૦) રે. ઠે. ૬૦૩, કોસતબેલી, પેરી ક્રોસ રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ- ૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા ૨૫-૪-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગ્યે બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**હાલાઇ ભાટીયા**

પરમાણંદ જમનાદાસ કાપડીયા (ઉં. વ. ૭૮) રહેનાર વાશી નવી મુંબઇ, બુધવાર, તા. ૨૩-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ગં. સ્વ. નલિનીબેનના પતિ. ચિ. પ્રીત અને અ. સૌ. વૈશાલી નીલેશ વેદ પાઠકના પિતા. અ. સૌ. ચાર્મીના સસરા. સ્વ. કુમનદાસ વસનજી વૈદ (જલગામવાળા)ના જમાઇ. દ્રીશાના નાના. બેસણું તથા લૌકિક વ્યવહારની પ્રથા બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

ગં. સ્વ. સુભદ્રાબહેન કિર્તનલાલ દેસાઇ (ઉં. વ. ૯૩) મંગળવાર, તા. ૨૨-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેઓનું છેલ્લું બેસણું શનિવાર, તા. ૨૬-૪-૨૫ના ૫થી ૭. લૌકિક પ્રથા સદંતર બંધ રાખેલ છે. ઠે. ધીરેન કિર્તનલાલ દેસાઇ, ફ્લેટ નંબર ૨૫, ૭મે માળે, નવજીવન સોસાયટી બિલ્ડિંગ નંબર-૧૧, લેમિંગ્ટન રોડ, મુંબઇ સેન્ટ્રલ-(ઇસ્ટ).

**નવગામ વિશા દીશાવળ વણિક**

લાંઘણજ નિવાસી હાલ કાંદિવલી સ્વ. રમણલાલ લલ્લુભાઇ શાહના સુપુત્ર ચંપકલાલ (ઉં. વ. ૮૧) તે વર્ષાબેનના પતિ. સમીર, સચિનના પિતાશ્રી. રૂપા, ટીનાના સસરા. કોમલ, અંશના દાદા. સ્વ. નવનીતભાઇ, મધુબેન, વીણાબેન, નલિનીબેનના ભાઇ. તા. ૨૩-૪-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૫-૪-૨૫ના ૫થી ૭. ઠે. લોહાણા બાલાશ્રમ હોલ, અતુલ ટાવરની બાજુમાં, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી (વેસ્ટ), સાથે શ્વસુર પક્ષ, વિઠ્ઠલદાસ બહેચરદાસ શાહ (કલોલ) ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મણીબેન લક્ષ્મીદાસ ગોપાલજી, મહીધર (ઠક્કર) કચ્છ ગામ બીટ્ટા (હાલ ઘાટકોપર)ના પુત્રવધૂ સ્વ. જયાબેન (ઉં. વ. ૭૬) તે જીવરામ ગંગારામ આઇયા ગામ મોથાળાવાળાની પુત્રી. તે સ્વ. નરેન્દ્રભાઇના પત્ની.તે પરેશ, રાજેશ અને જાસ્મીનના માતા. લીના, અંજલી અને શ્યામકુમારના સાસુ. વૈભવ, દર્શિલ, સેજલના દાદી. તા. મંગળવાર ૨૨-૪-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૪-૨૫ના ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ), મહિલાઓએ એજ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

મૂળ ગામ ગુંજાર હાલ સુરત સ્વ. હીરાબેન મકવાણા (ઉં. વ. ૮૦) તા. ૨૨-૪-૨૫ના અક્ષરનિવાસી થયા છે. તે સ્વ. પ્રવીણભાઇ છોટાલાલભાઇ મકવાણાના ધર્મપત્ની. તે પ્રદીપભાઇ તથા મનીષભાઇના માતુશ્રી. પ્રીતીબેન તથા વૈશાલીબેનના સાસુ. સિદ્ધાર્થ, કૃતાર્થના દાદી. સ્વ. જેરામભાઇ તથા સ્વ. નંદુબેન સિદ્ધપુરાના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૬-૪-૨૫ શનિવારના ૩થી ૫. ઠે. લુહાર સુથાર જ્ઞાતી, કાર્ટર રોડ, નં.૩. બોરીવલી (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

સાયલા નિવાસી હાલ મુંબઈ, પારેખ ચંપકલાલ કાંતિલાલના ધર્મપત્ની અ.સૌ. સરોજબેન, તે હિતેશ તથા બિંદીના માતુશ્રી. સંગીતા તથા વિનીત મહેતાના સાસુ. સાવરકુંડલાવાળા પ્રાણકુંવર અમૃતલાલ ગાંધીની દીકરી. કુંદનબેન, ઇન્દુબેન, વીણાબેનના ભાભી. સોમવાર, ૨૧/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૨૫/૪/૨૫ના ૫ થી ૭, સરદાર પટેલ બાગ, પારલેશ્વર રોડ, વિલેપાર્લે ઈસ્ટ.

**દશા મોઢ માંડલિયા વણિક**

અંધેરી નિવાસી, દિવ્યપ્રભાબેન (ઉં.વ. ૮૧), તે ભગવાનદાસ મણીલાલ શાહના ધર્મપત્ની. બુધવાર તા. ૨૩.૪.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે દીપેનના માતા. મેઘનાના સાસુ. સ્વ. હરિલાલ, સ્વ. નવનીતલાલ, સ્વ. ચંદ્રકાંત, સ્વ. ચંદ્રમણીબેન શાહ તથા સ્વ. ગીતાબેન દામાણીના બહેન. સ્વ. રસીકલાલ, સ્વ. ઈશ્વરલાલ, સ્વ. જિતેન્દ્રભાઈ, સ્વ. પદમાબેન શાહ, સ્વ. વિજયાબેન સોલંકી, સ્વ. આણંદબેન શાહ તથા ગં. સ્વ. દેવયાનીબેન (વીણાબેન) મહેતાના ભાભી. મીતના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂડ ગામ સલાયા હાલ કાંદિવલી, સ્વ. સંતોકબેન ધરમશી તન્નાના સુપુત્ર પ્રકાશ તન્ના (ઉં.વ. ૭૨) તા. ૨૪-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નીલાબેનના પતિ. સ્વ. મનુભાઈ, સ્વ. શશીકાંતભાઈ, સ્વ. તારાબેન બાબુલાલ, સ્વ. કાંતાબેન બાબુભાઇ, સ્વ. દમુબેન ગોવિંદભાઇ, સ્વ. ઇન્દુબેન, સ્વ. મીનાબેન વાસુદેવના ભાઈ. સ્વ. મોહનલાલ કાલિદાસ ઠક્કરના જમાઈ. કેતનભાઈ, દીપકભાઈ, કનકબેન, મનસ્વીબેન, અલ્કાબેન, પ્રજ્ઞાબેન, જયશ્રીબેન, ધર્મિષ્ટાબેન, જ્યોતિબેનના કાકા. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૫-૪-૨૫ના ૫.૦૦ થી ૭.૦૦. હાલાઇ લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ. વી. રોડ, કાંદિવલી-વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

**મોચી**

કોટડા નિવાસી હાલ મલાડ, જયંતિભાઈ કરસનભાઈ મકવાણા તા. ૨૩/૪/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પ્રભાબેન મકવાણાના પતિ. દિલીપભાઈ મકવાણાના મોટાભાઈ. મુકેશ, ભાવેશ, નૂતનના પિતાશ્રી. અ. સૌ. મનીષા અને અશોકકુમાર પટેલના સસરા. પરમ અને દક્ષના દાદા. રોનક અને મોસમના નાના. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૬/૪/૨૫ના ૪થી ૬. મોનીકા હોલ, સુભાષ લેન, દફતરી રોડ, મલાડ (પૂર્વ).

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

## આક્રોશ અને આઘાત સાથે



# ડોમ્બિવલી સજ્જડ બંધ

**વિરોધઃ** પહલગામના આતંકવાદી હુમલામાં ત્રણ ડોમ્બિવલીકરને ગુમાવનાર આ દૂરનાં પરાંમાં લોકોએ ગઈ કાલે ત્રાસવાદી હુમલાના વિરોધમાં બંધ પાળ્યો હતો. (પીટીઆઈ)

થાણેઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર થયેલા આતંકવાદી હુમલામાં મુંબઈના ડોમ્બિવલીની ત્રણ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. બુધવારે તેમની અંતિમયાત્રામાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સહિત હજારો લોકો જોડાયા હતા અને ડોંબિવલી બંધની જાહેરાત કરી હતી. ત્યારે ગુરુવારે ડોમ્બિવલીમાં સન્નાટો જોવા મળ્યો હતો.

ડોમ્બિવલીમાં તમામ દુકાનો બંધ રહી હતી, રસ્તાઓ પર વાહનો દેખાયા નહોતા. લોકોએ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા તથા આતંકવાદના વિરોધમાં સ્વેચ્છાએ બંધ પાળ્યો હતો.

પહલગામ હુમલામાં થાણે જિલ્લાના ડોમ્બિવલીના ત્રણ કઝિન ભાઇઓ સંજય લેલે (૫૦), હેમંત જોશી (૪૫) અને અતુલ મોને (૪૩)નું મૃત્યુ થયું હતું.

ડોમ્બિવલીના રસ્તાઓ સામાન્ય રીતે હંમેશા ભીડવાળા જોવા મળતા હોય છે ત્યારે ગુરુવારે આ રસ્તાઓ પર કાગડા ઊડી રહ્યા હતા. રિક્ષાઓ, બસ અને ખાનગી વાહનો જોવા મળ્યા નહોતા. તમામ દુકાનો પણ બંધ રહી હતી.

પીડિતોના શોકમાં જ બુધવારે બપોરથી જ વિવિધ દુકાનો, ઓફિસો અને સ્થાનિકો બજારો બંધ થવા લાગી હતી. લોકો દ્વારા સ્વચ્છાએ જાહેર કરાયેલા આ બંધને રાજકીય પક્ષો તથા સામાજિક સંસ્થાઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. ■

# પિતાના લોહીથી રંગાયેલાં વસ્ત્રો પહેરી આશાવરીએ પિતાને આપ્યો મુખાગ્નિ

**અંતિમયાત્રામાં જોડાયેલા હજારો લોકોના 'પાકિસ્તાન મુર્દાબાદ'ના નારાથી સ્મશાન ગૂંજી ઊઠ્યું**

પુણેઃ આતંકવાદીઓના ગોળીબારમાં લોહીલુહાણ થયેલા કપડાં પહેરીને અને દિલમાં એ ઘટનાની આગ ધગધગતી રાખીને આશાવરીએ પિતા સંતોષ જગદાળેને અંતિમવિદાય આપી ત્યારે અંતિમયાત્રામાં જોડાયેલા હજારો લોકોના 'પાકિસ્તાન મુર્દાબાદ' સહિતના નારાઓથી સ્મશાન ગૂંજી ઊઠ્યું હતું. લોકોની આંખો ભીની હતી, પણ પાકિસ્તાની આતંકવાદીઓ સામેનો ગુસ્સો સૌના દિલમાં જોવા મળતો હતો.

પહલગામના આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા પુણેના બે પર્યટકના મૃતદેહને ગુરુવારે વહેલી સવારે ફ્લાઇટ દ્વારા પુણે લાવવામાં આવ્યા હતા. પુણે ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે સવારે ૫.૩૦ કલાકે સંતોષ જગદાળે અને કૌસ્તુભ ગણબોટેના મૃતદેહ મૃતદેહ લાવવામાં આવ્યા હતા ત્યારે નાગરી ઉડ્ડયન ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન મુરલીધર મોહોલ પણ હાજર રહ્યા હતા.

કૌસ્તુભ અને તેની પત્ની સંગીતા ગણબોટે તથા સંતોષ અને તેની પત્ની પ્રગતી જગદાળે અને તેમની દીકરી આશાવરી કાશ્મીર ફરવા ગયા હતા જ્યાં કૌસ્તુભ અને સંતોષ ત્રાસવાદીઓની ગોળીનો શિકાર બન્યા હતા. જગદાળે અને ગણબોતેની અંતિમયાત્રામાં હજારો લોકો જોડાયા અને 'પાકિસ્તાન મુર્દાબાદ' સહિતના સૂત્રોચ્ચાર કરીને રોષ વ્યક્ત કર્યો હતો. આતંકવાદીઓએ ગોળીબાર કર્યો અને પિતાને લોહીલુહાણ હાલતમાં દીકરીએ પિતાને ગળે લગાવ્યા. દીકરીના વસ્ત્રો પિતાના લોહીથી રંગાઇ ગયા અને એ જ વસ્ત્રો પહેરીને આશાવરીએ પિતાને અંતિમ વિદાય આપી હતી. નવી પેઠ વિસ્તારના વૈકુંઠ ખાતેના ઇલેક્ટ્રિક સ્મશાનગૃહમાં ગણબોટે અને જગદાળે એમ બન્ને મિત્રના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. કૌસ્તુભ ફરસાણનો વ્યવસાય કરતો હતો અને ભાગ્યે જ તેને પોતાના કામમાંથી ફુરસત મળતી હતી. આવું પ્રથમ વખત બન્યુ હતું જ્યારે તે અને તેની પત્નીએ ફરવા જવાનો પ્લાન બનાવ્યો. તે મિત્ર સંતોષ અને તેની પત્ની સાથે કાશ્મીર ફરવા ગયા, એમ ગણબોતેના બાળપણના મિત્ર સુનીલ મોરેએ જણાવ્યું હતું. ■






# મહારાષ્ટ્રના ૬૫ પ્રવાસીઓ સાથેનો પ્રથમ બેચ મુંબઈ પહોંચ્યો



**હેમખેમઃ** કાશ્મીરના આતંકવાદી હુમલામાં ઈજાગ્રસ્તને ગઈ કાલે વિશેષ વિમાનમાં મુંબઈ પાછા લાવવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

મુંબઈઃ પહલગામ આતંકવાદી હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં ફસાયેલા મહારાષ્ટ્રના ૬૫ પર્યટક સાથેનો પ્રથમ બેચ ગુરુવારે વહેલી સવાલે મુંબઈ આવી પહોંચ્યો હતો. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના દ્વારા પર્યટકોનો પાછા લાવવાના પ્રયાસ હેઠળ આ કાર્ય કરવામાં આવ્યું હતું.

અન્ય પર્યટકોને પણ સુરક્ષિત લાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે, એમ રાજ્યના પ્રધાન ગિરીશ મહાજને જણાવ્યું હતું.

પહલગામ હુમલા બાદ મહારાષ્ટ્ર સહિતના પર્યટકોને સુરક્ષિત લાવવા માટે એકનાથ શિંદે બુધવારે જમ્મુ-કાશ્મીર પહોંચ્યા હતા.

'પહલગામના હુમલા બાદ મહારાષ્ટ્રના ૬૫ પર્યટકો સાથેની પ્રથમ સ્પેશિયલ ફ્લાઇટ ગુરુવારે વહેલી સવારે ૩.૩૦ કલાકે છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવી હતી', એમ શિવસેનાના એક અધિકારીએ જણાવ્યું હતું. પર્યટકો સાથેની વધુ બે ફ્લાઇટ પણ મુંબઈ આવવાની છે.

અસરગ્રસ્ત લોકોને સુરક્ષિત અને સલામત રીતે પાછા લાવવાની અમારી પ્રાથમિકતા છે. કોઇ પણ પરિસ્થિતિમાં અથવા કોઇ પણ કટોકટીમાં શિવસેના મરાઠી માણૂસ સાથે હોવા માટે કટિબદ્ધ છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ગિરીશ મહાજન પણ બુધવારે જમ્મુ-કાશ્મીર પહોંચ્યા હતા. કેટલા પર્યટકો હજી પાછા ફરવાની રાહ જોઇ રહ્યા છે એમ પૂછતા તેમણે કહ્યું હતું કે ૧૮૦ લોકો પહેલાથી રિટર્ન થયા છે, જ્યારે બાકીના ૩૭૦ લોકોને બે દિવસમાં પાછા લાવવામાં આવશે. મુખ્ય પ્રધાનના ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી (ઓએસડી) દિલ્હીમાં છે અને પ્રવાસીઓને મહારાષ્ટ્ર પાછા ફરવામાં મદદ કીર રહ્યા છે. ■






# હુમલાની થોડી મિનિટો પહેલા જ દંપતીએ પહલગામ છોડ્યું ને મોતને હાથતાળી આપી

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના એક દંપતી તેમના ભાગ્યના ઓવારણાં લે એટલા ઓછા છે, કારણ કે આતંકવાદી હુમલાની થોડી મિનિટો પહેલા જ પહલગામનું દુર્ઘટનાગ્રસ્ત સ્થળ છોડીને તેઓ નીકળી ગયા હતા અને મૃત્યુને તેમણે હાથતાળી આપી હતી. અસરગ્રસ્ત વિસ્તારથી ઝડપથી નીકળી જવામાં અને હોટલ સુધી પહોંચવામાં મદદ કરનારા પહેલગામના સ્થાનિક લોકોનો દંપતીએ આભાર માન્યો હતો. મહારાષ્ટ્રના નાંદેડના રહેવાસી સાક્ષી અને કૃષ્ણા લોળગે પહેલગામની મુલાકાતે આવ્યા હતા. હોટલ પહોંચ્યા બાદ શૂટ કરેલા એક વીડિયોમાં સાક્ષીએ જણાવ્યું હતું કે 'આતંકવાદી હુમલો થયો હતો એ સ્થળે અમે ગયા હતા, પરંતુ દુર્ઘટનાની ૧૫-૨૦ મિનિટ પહેલા જ અમે ત્યાંથી નીકળી ગયા હતા.' (પીટીઆઈ)■

# પહેલીવાર પુણે બહાર પગ મૂક્યો ને કાળ ભરખી ગયો



**અંતિમ વિદાયઃ** કાશ્મીરમાં પહલગામમાંના આતંકવાદી હુમલામાં જાન ગુમાવનાર પુણેના કૌસ્તુભ ગણબોટેની ગઈ કાલે અંતિમયાત્રા નીકળી જેમાં હજારો લોકો જોડાયા હતા. (પીટીઆઈ)

પુણેઃ પુણેના રહેવાસી કૌસ્તુભ ગણબોટેએ જીવનભર પોતાના વ્યવસાયને ફેલાવી એને સફળ બનાવવા સખત મહેનત અને સંઘર્ષ કર્યા હતા. જોકે, ધરતી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરના પહલગામમાં પરિવાર સાથે મજા કરવાની તેમની સફરનો કરૂણ અંજામ આવ્યો હતો. તાજેતરમાં જ દાદા બનેલા ગણબોટે અને તેના અંગત મિત્ર સંતોષ જગદાળે મંગળવારે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ૨૬ વ્યક્તિઓમાં હતા.

ગણબોટે, તેમની પત્ની સંગીતા, સંતોષ જગદાળે, તેમની પત્ની પ્રગતિ તેમજ તેમની પુત્રી આશાવરી કાશ્મીરમાં એન્જોય કરી રહ્યા હતા ત્યારે આતંકી હુમલાએ બંને પરિવારના સભ્યોને મોતના મોંમાં ધકેલી દીધા હતા. ગણબોટેના બાળપણના મિત્ર અને પાડોશી સુનિલ મોરેએ જણાવ્યું હતું કે 'જિંદગી આખી એ 'ફરસાણ' બ્રાન્ડનો બિઝનેસ વધારવામાં રચ્યોપચ્યો રહ્યો. પહેલીવાર તેણે અને તેની પત્નીએ પુણે શહેરની બહાર મુસાફરી કરવાનું નક્કી કર્યું હતું.

અંગત મિત્ર સંતોષ અને તેના પરિવાર સાથે ટુર પર જવાનું નક્કી કર્યું હતું. આઠ દિવસ પહેલા મને કાશ્મીર વિશે વાત કરી ત્યારે ખૂબ ઉત્સાહિત દેખાતો હતો.' ગણબોટેના ભૂતકાળનો એક પ્રસંગ ઉખેળી મોરેએ જણાવ્યું હતું કે 'વીસ વર્ષ પહેલાં ટેમ્પોમાં મુસાફરી વખતે ગંભીર અકસ્માત થતા તે સારી પેઠે દાઝી ગયો હતો. એમાંથી ઉગરી ગયા બાદ પોતાનો બીજો જન્મ થયો હોવાનું તે માનતો હતો.' (પીટીઆઈ)■






# પહલગામ આતંકનો ભોગ બનેલા બે પુણેકરના પરિવારને મળ્યા શરદ પવાર



**સાંત્વનઃ** અગ્રણી નેતા શરદ પવાર પહલગામમાં જીવ ગુમાવનાર સંતોષ જગદાળેના પરિવારને મળ્યા હતા. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

પુણેઃ એનસીપી (એસપી)ના વડા શરદ પવારે ગુરુવારે પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા પુણેના રહેવાસીઓ સંતોષ જગદાળે અને કૌસ્તુભ ગણબોટેના ઘરે જઈને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. પવારે બંને મૃતકોના પરિવારના સભ્યોને પણ મળ્યા અને શોક વ્યક્ત કર્યો હતો. જગદાળે અને ગણબોટેના મૃતદેહ સવારે ૫:૩૦ વાગ્યે એક ફ્લાઇટ દ્વારા પુણે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યા હતા અને બાદમાં લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે અહીંના કર્વેનગર અને કોંઢવા વિસ્તારોમાં તેમના ઘરે લઈ જવામાં આવ્યા હતા.

જિલ્લા વહીવટી અધિકારીઓના જણાવ્યા અનુસાર, નજીકના મિત્રો દ્વારા જગદાળે અને ગણબોટેના અંતિમ સંસ્કાર વૈકુંઠ સ્મશાનગૃહમાં કરવામાં આવશે. પવાર પહેલા જગદાળેના નિવાસસ્થાને ગયા અને તેમના પાર્થિવ દેહ પર પુષ્પાંજલિ અર્પણ કરી. તેમણે શોકગ્રસ્ત પરિવારના સભ્યો સાથે પણ વાત કરી અને શોક વ્યક્ત કર્યો.

બાદમાં તેમણે ગણબોટેના ઘરની મુલાકાત લીધી જ્યાં તેમણે તેમને શ્રદ્ધાંજલિ આપી અને પરિવારના સભ્યોને સાંત્વના આપી. ■

# મહિલાઓએ કપાળ પરના ચાંદલા કાઢી અલ્લા હુ અકબરના નારા લગાવ્યા હતા

પુણેઃ મંગળવારે પહલગામમાં આતંકવાદીઓએ જેમની હત્યા કરી હતી એમાંની પુણેની એક વ્યક્તિની પત્નીએ એ સમયે કેવી સમયસૂચકતા વાપરી એની વિગતો ગુરુવારે આપી હતી. હુમલાખોરોએ પુરુષોને અઝાન પઢવાનું કહેતા હોવાનું ધ્યાનમાં આવતા આ મહિલાએ તેમજ ગ્રુપની અન્ય મહિલાઓએ કપાળ પરના ચાંદલા કાઢી નાખી અલ્લા હુ અકબરના નારા લગાવવાનું શરૂ કરી દીધું હતું. જોકે, ધાર્મિક ઓળખ છુપાવવાની આ કોશિશનો કોઈ ફાયદો ન થયો, કારણ કે બંદૂકધારી આતંકવાદીઓએ મહિલાના પતિ અને તેના પુણેના મિત્રને છોડ્યા નહીં. મંગળવારે આતંકવાદીઓએ જે ૨૬ જણની હત્યા કરી હતી એમાં સામેલ કૌસ્તુભ ગણબોટેની પત્ની સંગીતા ગણબોટેએ એમ પણ કહ્યું હતું કે જ્યારે એક સ્થાનિક મુસ્લિમ વ્યક્તિએ હુમલાખોરોનો સામનો કર્યો હતો અને પૂછ્યું હતું કે તેઓ નિર્દોષ લોકોની હત્યા કેમ કરી રહ્યા છે ત્યારે આતંકવાદીઓએ તેને નિર્વસ્ત્ર કરી ગોળી મારી તેની હત્યા કરી હતી.(પીટીઆઈ)■


ચોથી પૂણ્યતિથી



સ્વ. રમેશકુમાર ચૌથમલજી

શિવગંજ રાજસ્થાન

૦૯.૦૧.૧૯૫૩ : ૨૫.૦૪.૨૦૨૧

સુરજનું ઉગવું અને આથમવું, ફુલનું ખીલવું અને કરમાવું
સુખ અને દુ:ખનું આવવું - જાવવું
આ કુદરતનો અવિરત ક્રમ છે પણ
આપના સંસ્કાર અને સદગુણો અમારા જીવનમાં સંસ્કરણ બને
એજ અમારા જીવનનું ધ્યેય છે.

**શ્રધ્ધા સુમન :**

પત્ની : તારાદેવી જૈન
ભાઈ-ભાભી : કિશોર-અંજના, પ્રવીણ-લીસા
બેહન-બેહનોઈ : રસીલા-અશોકકુમારજી, નીતા-રમેશકુમારજી,
પુત્રી-જમાઈ : ડોલી-કેતનજી, નલીની-મિલનજી, વિનલ-અવીનાશજી, પ્રિયંકા-સમીતજી, કેજલ-પરાગજી, રીના ગોયલ
પુત્ર-પુત્રવધુ : જીતેન્દ્ર-પુનમ, જીનેન્દ્ર-શીતલ, જયંત-અર્પિતા, કિનેશ-પ્રેરણા
પૌત્ર-પૌત્રી : શ્રેષ્ઠા, સમીક્ષ, આયુષ, ઝોહાન, રેને, યોહાન, દિયાન, રીઆના, કિમાર્યા, રીઓમ, કિયાન, જોયાના, મેહાન, ડિમાર્યા

ડો. ચૌથમલજી વાલચંદજી જૈન પરિવાર

KAMLA LANDMARC GROUP Aspirations Located

# પહલગામ હુમલાના મૃતકોની અંતિમયાત્રામાં સુરત-ભાવનગર હિબકે ચડ્યું



**અંતિમવિધિઃ** પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ભાવનગરના સુમિત પરમાર અને યાતીશ પરમારની અંતિમવિધિમાં સ્થાનિક લોકોએ હાજરી આપી હતી. (એજન્સી)



**અંતિમક્રિયાઃ** પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા સુરતના શૈલેશ કળથિયાના અંતિમસંસ્કારમાં પરિવારજનો અને સંબંધીઓએ હાજરી આપી હતી. (એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ત્રણ ગુજરાતીનાં મોત થયાં હતાં. જેમાં એક સુરત અને બે ભાવનગરના મૃતકોનો સમાવેશ થાય છે. ભાવનગરના મૃતકો બાપ-દીકરો હતા.

સુરતના શૈલેષ કળથિયાના મૃતદેહને બુધવારે રાત્રે સુરત એરપોર્ટ લાવવામાં આવ્યો હતો. ગુરુવારે સવારે તેમની અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં સાંસદ મુકેશ દલાલ પણ જોડાયા હતા. શૈલેષ કળથિયાના પરિવારજનોના હૈયાફાટ રુદનથી માહોલ ગમગીન બની ગયો હતો. ભાવનગરના પિતા-પુત્રના મૃતદેહ અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યા હતા અને અહીંથી ભાવનગર લઈ જવામાં આવ્યા હતા. મૃતદેહને જોતા જ મૃતક યતીશભાઈ પરમારના પત્ની અને મૃતક સ્મિત પરમારના માતા કાજલબેને હૈયાફાટ રુદન કર્યું હતું. પિતા-પુત્રની અંતિમ યાત્રામાં મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ પણ સામેલ થયા હતા. એક તરફ શહેરીજનોના મોતનું દુઃખ અને બીજી બાજુ આતંકીઓ સામેના રોષ સાથે મોટી સંખ્યામાં લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા.

## મૃતકના પત્ની અને બાળકે ઠાલવી વ્યથા

મૃતક શૈલેષ કળથિયાના પત્નીએ સુરતના દિગ્ગજ નેતાઓ સમક્ષ વ્યથા ઠાલવી હતી અને ન્યાયની માગણી કરી હતી. આ સાથે તેમણે પહલગામમાં સુરક્ષા વ્યવસ્થાની ખામીઓ સામે રોષ ઠાલવ્યો હતો. તેમણે નેતાઓની હાજરીમાં જણાવ્યું હતું કે આટલા ટુરિસ્ટ હતા પણ કોઇ આર્મી, પોલીસ કે મેડિકલ કેમ્પ નહોતો. અમે સરકાર અને જે આર્મી ઉપર ભરોસો રાખીને ફરવા ગયા હતા એ જ આર્મી કહે છે કે તમે ઉપર કેમ ફરવા જાઓ છો. વીઆઈપી માટે જે સેવાઓ છે તે સામાન્ય જનતા માટે કેમ નથી, તેવો સવાલ પણ તેમણે કર્યો હતો. આ સાથે આવડી મોટી ઘટના બની ગઈ હોવા છતાં નીચે આર્મી કેમ્પમાં આ વિશે કોઈને માહિતી ન હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે નેતાઓ-વીઆઈપીની સુરક્ષા માટે કાફલો હોય છે ત્યારે ટેક્સપેયર્સ માટે કોઈ સુવિધા નહીં. આ સાથે શૈલેષભાઈના પુત્રએ પણ ત્યાં કોઈ મદદે ન આવ્યા હોવાનું જણાવ્યું હતું.

## ભાવનગરના મૃતકોને મુખ્ય પ્રધાને આપી શ્રદ્ધાંજલિઃ પરિવારના દુઃખમાં સહભાગી થયા

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જમ્મુ કાશ્મીરનાં પહલગામમાં બાવીસ એપ્રિલના રોજ થયેલાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને તેમના ઘરે જઈ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપી હતી. ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલી નંદનવન સોસાયટીમાં રહેતાં યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું આતંકી હુમલામાં દુઃખદ અવસાન થયું છે.

તેમના મૃતદેહને મોડી રાત્રે ભાવનગર ખાતે લાવવામાં આવતા ભૂપેન્દ્ર પટેલે શોક સંતૃપ્ત પરિવારજનોને ઘરે જઈ સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્ય પ્રધાને સ્વર્ગસ્થ પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આતંકવાદી હુમલામાં માર્યા ગયેલાં પિતા-પુત્રના મૃતદેહોને ઈન્ડિગોની ફ્લાઈટમાં શ્રીનગરથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યા હતા.

અમદાવાદથી રોડ માર્ગે બન્ને મૃતદેહને મધ્યરાત્રીએ ભાવનગર લવાયા હતા. મુખ્ય પ્રધાન સાથે કેન્દ્રિય રાજ્ય પ્રધાન શ્રીમતી નિમુબેન બાંભણીયા, કેબિનેટ પ્રધાન કુંવરજીભાઇ બાવળીયા સાથે સ્થાનિક નેતાઓ અને અગ્રણીઓ પરિવારના દુઃખમાં સહભાગી થયા હતા.

# જમ્મુ-કાશ્મીરમાં ફસાયેલા ગુજરાતીઓને પરત લાવવા રાજ્ય સરકારે બે હેલ્પલાઈન નંબર શરૂ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ત્રણ ગુજરાતીનાં મોત થયાં હતાં. કાશ્મીર પ્રવાસે ગયેલા ગુજરાતના પ્રવાસીઓને પરત લાવવા માટે રાજ્ય સરકારે કવાયત શરૂ કરી હતી. સરકાર દ્વારા તમામ જિલ્લામાંથી કાશ્મીરમાં ફસાયેલા ગુજરાતી પ્રવાસીઓની માહિતી મગાવી હતી. ગુજરાતના પ્રવાસીઓ હેમખેમ વતનમાં પરત ફરે તે માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકાર જરૂરી વ્યવસ્થાઓ કરી રહી છે. ઉપરાંત રાજ્ય સરકારે બે હેલ્પલાઈન નંબર શરૂ કર્યા હતા.

આ માટે રાજ્ય સરકારે સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે બે હેલ્પલાઇન નંબર શરૂ કર્યા છે. યાત્રિકો અને તેમના પરિવારજનો લેન્ડલાઈન નંબર ૦૭૯-૨૩૨૫૧૯૦૦ અને મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૫૩૦૪ પર સંપર્ક કરીને સુરક્ષા વિષયક બાબતો તેમજ ગુજરાત પરત ફરવા અંગે સંકલન સાધી શકશે, તેમજ જરૂરી મદદ મેળવી શકાશે. ઉલ્લેખનીય છે કે જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાના પગલે ત્યાં પ્રવાસ અર્થે ગયેલા ગુજરાતના પરિવારોની સુરક્ષા અને સલામતી માટે રાજ્ય સરકાર જમ્મુ કાશ્મીર તંત્ર સાથે સતત સંકલનમાં છે.

# દેશમાં મલેરિયા નિર્મૂલનમાં ગુજરાતનો કેટેગરી એકમાં સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના મલેરિયા નિર્મૂલન માટેના અથાગ પ્રયત્નો થકી તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓ સહિત રાજ્યનો મલેરિયા પોઝિટિવ દર ૧,૦૦૦ની વસ્તીએ ૦૧થી નીચે નોંધાયો હતો. જેના પરિણામે ગુજરાતનો સમગ્ર દેશમાં મલેરિયા નિર્મૂલન અંતર્ગત કેટેગરી-૨માંથી ૧માં સમાવેશ કરવામાં આવ્યો હતો.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યમાંથી મલેરિયા નિર્મૂલન માટે સરકાર કટિબદ્ધ છે. જે અંતર્ગત રાજ્યના તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે મલેરિયાનું નિદાન અને સારવાર મફત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪માં આરોગ્ય વિભાગ દ્વારા મલેરિયાના નિદાન માટે અંદાજે ૧.૮૧ કરોડ કરતાં વધુ તાવના દર્દીઓ શોધી, લોહીના નમૂના એકત્રિત કરીને નિઃશુલ્ક નિદાન કરવામાં આવ્યું હતું, તેમજ મલેરિયા પોઝિટિવ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા શહેરી તેમ જ ગ્રામ્ય વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દ્વારા સઘન પોરાનાશક કામગીરી, પોરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન, ફિવર સર્વેલન્સ, બાંધકામ સાઈટની તપાસ, શ્રમિકોના બ્લડ સ્ક્રિનિંગ તથા લાંબા સમય સુધી પાણી સ્થગિત રહેતું હોય તેવા વિવિધ વિસ્તારોમાં પોરાભક્ષક માછલીઓ મૂકવાની કામગીરી કરવામાં આવે છે.

રાજ્યમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૨૩૩ ગામોની અંદાજિત ૨.૫૨ લાખ કરતાં વધુ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવામાં આવી હતી. રાજ્ય સરકારના મલેરિયા નિર્મૂલનના અવિરત પ્રયાસોના ભાગરૂપે મલેરિયા પ્રભાવિત ક્ષેત્રોમાં ઘટાડો થતાં વર્ષ ૨૦૨૫માં ૧૯૬ ગામોની અંદાજિત ૨.૦ લાખ કરતાં વધુ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ગુજરાતમાં ગરમી અને ઉકળાટઃ સખત તાપથી જનજીવન પ્રભાવિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચૈત્ર મહિનાની આકરી ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. ગઈકાલે પણ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૪૩ ડિગ્રી સે. તાપમાન સાથે સૌથી ગરમ રહ્યું હતું. રાજકોટ, અમરેલી અને સુરેન્દ્રનગરમાં ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તે ઉપરાંત કચ્છમાં ભુજ અને કંડલા એરપોર્ટ પર ૪૨ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં કેશોદમાં ૪૨ ડિગ્રી, ભાવનગરમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત સૌરાષ્ટ્ર-ગુજરાતનાં મોટાભાગનાં દરિયાકાંઠાનાં વિસ્તારોમાં તાપમાન સામાન્ય રહ્યું હતું.અને મોટાભાગના સ્થળોએ ૩૩થી ૩૮ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું હતું. આકરી ગરમીના કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા છે. ત્યારબાદ સમગ્ર પ્રદેશમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. આગમી દિવસોમાં ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી ૪૪ ડિગ્રીની વચ્ચે રહેવાની શક્યતા છે. અહેવાલો અનુસાર રાજ્યનાં ૧૩ જિલ્લાઓમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ ગયો છે.

# પ્રવાસીઓ માટે નવું નજરાણુંઃ એસઓયુ પાસે નવું મ્યુઝિયમ બનાવવાની યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાત સરકાર નર્મદાના કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની પાસે 'ગુજરાત વંદના મ્યુઝિયમ' બનાવવાની યોજના ઘડી રહી છે. ગુજરાત વંદના મ્યુઝિયમમાં રાજ્યની સંસ્કૃતિ અને વારસાની ઝાંખી જોવા મળશે. સિનિયર ગવર્નમેન્ટ ઓફિશિયલના કહેવા મુજબ આ મ્યુઝિયમ ૧૨ એકર અને અંદાજિત ૨૬,૦૦૦ સ્ક્વેર મીટરમાં બાંધવામાં આવશે. આ મ્યુઝિયમનું બાંધકામ હાલ તેના શરૂઆતી તબક્કામાં છે.

સ્ટેટ યુથ અને કલ્ચરલ ડિપાર્ટમેન્ટના વડાએ જણાવ્યું કે, 'ગુજરાત વંદના મ્યુઝિયમ રાજ્યના ભવ્ય ભૂતકાળ અને તેના નોંધનીય કાર્યોની ગેલેરી અને લેન્ડસ્કેપ તરીકે પ્રદર્શિત થશે. આ મ્યુઝિયમ રાજ્યના વારસાનું સંવર્ધન કરશે અને તેના નિરંતર વિકાસને નોંધી રાજ્યના વિકાસને દર્શાવશે. વધુમાં જણાવ્યું કે આ મ્યુઝિયમ કેવડિયામાં નર્મદા નદીની સામે ગોરા ગામમાં ઊભું કરવામાં આવશે. હાલમાં આ પ્રોજેક્ટના ડિઝાઇનિંગ પર કામ ચાલી રહ્યું છે.

મ્યુઝિયમ મામલે ઓફિશિયલ્સ દ્વારા જણાવવામાં આવ્યું કે આ મ્યુઝિયમ ગૌરવ- સિદ્ધિ ઉત્સાહના ફ્રેમવર્કને ધ્યાનમાં લઇ કાર્ય કરશે જે ગુજરાતનો સાર અને સંસ્કૃતિ દર્શાવશે. મ્યુઝિયમની ગેલેરીમાં ગુજરાતની શોર્યગાથાઓ, આઝાદીની લડતમાં ગુજરાત રાજ્યની ભૂમિકા, ગુજરાતની સરહદો અને મહાગુજરાત ચળવળની સ્વતંત્ર રીતે ઓળખ લોકો સમક્ષ મૂકવામાં આવશે.

રાજ્યની ઓળખ માટે ૭ વિભાગ બનાવવામાં આવશે જેમાં સૌપ્રથમ ઓરીએન્ટેશન એરિયામાં ગુજરાત રાજ્યની ઓળખ, રાજ્યના રહેવાસીઓ, ભાષા અને મ્યુઝિયમ વિશેની જાણકારી પ્રાપ્ત થશે. મ્યુઝિયમના ગૌરવ વિભાગમાં રાજ્યનું રાષ્ટ્રીય મહત્ત્વ, આઝાદીમાં રાજ્યનો હિસ્સો, આઝાદી લડત સમયના શૂરવીરો અને નોંધનીય વ્યક્તિઓનાં કરેલાં કાર્યો દર્શાવવામાં આવશે. ઉત્સાહ વિભાગમાં વિવિધ ગુજરાતી સમુદાયો અને વૈશ્વિક ફલક પર ગુજરાતીઓના રોજિંદા જીવન અને સાંસ્કૃતિક કાર્યકમોની ઉજવણી જોવા મળશે. સિદ્ધિ વિભાગમાં ૧૯૬૦ પછીથી હાલ સુધીના વિકાસને દર્શાવાશે. અંતમાં 'ગુજરાતના ભાવિ' વિભાગમાં નવીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, શહેરીકરણ, પરિવહન અને એનર્જી અને પર્યાવરણીય જતનની વાત જોવા મળશે.

મ્યુઝિયમ પ્રોજેક્ટમાં કાર્ય કરતા ઓફિશિયલ્સ દ્વારા જણાવવામાં આવ્યું કે, મ્યુઝિયમની યોજના નક્કી થઇ ગઈ છે.

# વડોદરામાં ભૂંડોનો ત્રાસઃ મહિલા પર હુમલો કરતા હૉસ્પિટલે ખસેડાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના તમામ શહેરોમાં રખડતા ઢોર અને શ્વાનનો ત્રાસ છે અને લોકો પર હુમલો કરવાના અને તેમના લીધે અકસ્માતો થવાના ઘણા કિસ્સા બને છે ત્યારે વડોદરામાં ભૂંડોનો ત્રાસ રહેવાસીઓ સહન કરી રહ્યા છે અને અમુક વિસ્તારમાં આ ત્રાસ અસહ્ય બની રહ્યો છે તેવી ફરિયાદ રહેવાસીઓ કરી રહ્યા છે.

વડોદરાના માંજલપુર વિસ્તારમાં એક મહિલા પર ભૂંડે રીતસરનો હુમલો કરી દીધો હતો અને આસપાસના રહેવાસીઓએ તેમને બચાવવા દોડવું પડ્યું હતું. મહિલાને ભૂંડથી છોડાવી તેને એમએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

માંજલપુર વિસ્તારમાં ઘરનોકર તરીકે કામ કરતી આ મહિલા સમાજ ગરબા ગ્રાઉન્ડ પાસે આવેલી ગજાનંદ સોસાયટીમાં થી કામ કરીને ઘર બહાર નીકળ્યાં હતાં ત્યારે નજીકના કોમન પ્લોટ પાસેથી પસાર થતાં હતાં ત્યારે અચાનક એક ભૂંડે દોડી આવી તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલો થતાં મહિલા પડી ગયાં હતાં અને ભૂંડે તેમને કરડવાનું શરૂ કરી દીધું હતું.

ભૂંડના હુમલાથી બચવા માટે મહિલાએ પાંચ મિનિટ સુધી સંઘર્ષ કરતાં રહ્યાં હતા તેની સાથે સાથે તેમણે બૂમાબૂમ કરતા આજુબાજુના મકાનમાં રહેતા લોકો દોડી આવ્યા હતા અને ભૂંડને ભગાડવાનો પ્રયત્ન કર્યો હતો. અચાનક થયેલા ભૂંડના હુમલાને કારણે લોકો ભયભીત થઈ ગયા હતા. લોકોએ ભૂંડને પથ્થરો મારી ભગાડ્યો હતો. મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલે પહોંચાડવામાં આવી હતી. અગાઉ પણ આવા હુમલા થયા છે ત્યારે તંત્ર આ મામલે પગલાં લે તેમ રહેવાસીઓ માગણી કરી રહ્યા છે.

# માંડવીના રત્નાપર મઉંમાં પ્રેમીએ પોતાની પ્રેમિકાની ગળું દબાવી નિર્મમ હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બંદરીય માંડવી તાલુકાના રત્નાપર મઉંમાં એક ગૃહિણીના શંકાસ્પદ મોત પ્રકરણમાં પોસ્ટ મોર્ટમ બાદ નવો વળાંક આવ્યો છે, જેમાં ખુદ પ્રેમીએ જ ઘરકંકાસમાં પ્રેમિકાનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી અને આ મામલાને બીમારીથી મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો.

ગઢશીશાના ઇન્ચાર્જ પી.આઇ. સી.વાય.બારોટે જણાવ્યું હતું કે, રત્નાપર મઉ ગામે રહેતા મૂળ છોટાઉદેપુર બોડેલીના ધરતીબેન સોલંકી વાડીમાં હતા ત્યારે રાત્રીના સમયે કથિત રીતે ફીટ આવવાથી મૃત્યુ પામતાં જે તે સમયે ગઢશીશા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો હતો. ત્યારબાદ મૃતકના ડીટેઇલ્ડ પેનલ પોસ્ટમોર્ટમમાં હાથ વડે ગળું દબાવવાના કારણે મોત થયાનું સામે આવ્યું હતું.

મહિલાને ગઢશીશાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઇ આવનાર અને પોલીસમાં જાણવાજોગ દાખલ કરાવનાર તેના ૨૭ વર્ષીય સદ્દગુરુ પ્રવીણ તડવી નામના પ્રેમીની પોલીસે આગવી ઢબે પૂછપરછ કરી હતી, જેમાં તે ભાંગી પડ્યો અને ઘરકંકાશમાં મહિલાનું ગળું દબાવી હત્યા કરી હોવાની કબૂલાત આપી હતી.

સદ્દગુરુ તડવી હતભાગી ધરતીબેનને ભગાડીને રત્નાપર મઉ ગામે આવ્યો હતો. બે-અઢી મહિનાથી તે સાથે રહેતો હતો.

બંનેના લગ્ન થયા ન હતા પરંતુ બન્ને સાથે રહેતા હતા. બન્ને વચ્ચે થયેલા કંકાસમાં આવેશમાં આવીને સદ્દગુરુએ ગળું દબાવી મહિલાની હત્યા કરી મામલાને બીમારીથી મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હોવાનું ઇન્ચાર્જ પી.આઇ. સી.વાય. બારોટે ઉમેર્યું હતું.

# સુરતની કુખ્યાત કાદરશાની નાળમાંથી દબાણો હટાવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં હાલ દબાણ હટાવ ઝુંબેશ ચાલી રહી છે, જે અંતર્ગત વિવિધ શહેરોમાં તંત્ર દ્વારા બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું છે. સુરત પાલિકાના દબાણ માટે કુખ્યાત એવા કાદરશાની નાળ વિસ્તારમાં પાલિકા તંત્રએ દબાણ દૂર કરવાની કામગીરી કરી હતી. આ કામગીરી આ વિસ્તારમાં મેટ્રોની કામગીરી ચાલી રહી હોવાથી રોડ સાંકડા થઈ ગયા છે તેમ છતાં માથાભારે દબાણ કરનાર રસ્તા પર દબાણ કરીને ધંધો કરી રહ્યા હતા.

આ અંગેની લાંબા સમયથી ફરિયાદ બાદ અચાનક પાલિકા તંત્ર ઉંઘમાંથી જાગ્યું હતું અને રસ્તા પરના આ ગેરકાયદે દબાણ દૂર કર્યા હતા. તંત્ર જો આ માથાભારે તત્ત્વોના દબાણ દૂર કરી શકતી હોય તો શહેર માટે માથાનો દુખાવો બની ગયેલા ચૌટા બજાર અને પાલનપોર વિસ્તારના દબાણ કેમ દૂર કરવામાં આવતા નથી તેવા પ્રશ્નો ઉઠ્યા હતા.

# પોન્ઝી સ્કેમની આરોપીની પોલીસ દ્વારા આઠ વર્ષ બાદ ધરપકડ કરાઈ

અમદાવાદઃ ૨૦૧૭નું સૌથી મોટું કૌભાંડ, અર્બુદા ક્રેડીટ કો-ઓપરેટિવ સોસાયટીના મુખ્ય સૂત્રધારને પકડી લેવામાં આવ્યા છે. અબજો કરોડના કૌભાંડી નિશા અગ્રવાલને કપડવંજ પોલીસે મંગળવારે નારણપુરા વિસ્તારમાંથી ઝડપી પાડી હતી. આઠ વર્ષની નાસભાગ બાદ આખરે આરોપી પોલીસના સકંજામાં ભરાઇ હતી, તેમ એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે.

આ પોન્ઝી કૌભાંડમાં નિશા સહિત તેના પતિ રાકેશ અગ્રવાલ અને આશા (રાકેશની બીજી પત્ની) પણ સામેલ હતાં. આ અગ્રવાલ ટોળકીએ હજારો ગુજરાતી થાપણદારોના પૈસા પોન્ઝી સ્કીમ હેઠળ ડૂબાવ્યા હતા. પોલીસ ઇન્સ્પેક્ટર જનકસિંહ દેવડાએ મીડિયા સાથે કરેલી વાતચીત અનુસાર નિશા આ પોન્ઝી કૌભાંડ સહિત અન્ય ૨૧ ગુનાઓમાં સામેલ હતી જેમાંથી છ ગુનાઓ અંતર્ગત તે ભાગેડુ જાહેર કરાઈ હતી. અમુક ગુના હેઠળની ધરપકડ બાદ તે ઓળખ બદલીને પરદેશમાં સ્થળ બદલતી ફરતી હતી, નિશા નારણપુરાસ્થિત બે મહિલાના સંપર્કમાં હોવાથી પોલીસે નિશાને ફસાવવા જાળ ફેલાવી હતી જેમાં તેમને સફળતા મળી છે. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનોલોજીના ઉપયોગથી ૧૩ પોલીસકર્મીની ટીમે નારણપુરાના ઘરમાં દરોડો પાડી નિશાની ધરપકડ કરી હતી. નિશા અર્બુદા સોસાયટીના નામે ગુજરાત અને રાજસ્થાનમાં ઓફિસ ચલાવતી હતી અને બેંક વ્યાજ કરતા પણ વધુ આકર્ષક વ્યાજના વાયદા કરી લોકોને રોકાણ કરવા લલચાવતી હતી.

# સુરેન્દ્રનગર-વઢવાણના સફાઇ કામદારોને બે મહિનાથી પગાર ન મળતાં હડતાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર અને વઢવાણમાં કરાર આધારિત સફાઈ કામદારોને બે મહિનાથી પગાર ન ચૂકવાયા હોવાના આરોપ સાથે સફાઈ કામદારો હડતાળ પર ઉતર્યા હતા. ૩૦૦થી વધુ કર્મચારીઓને ફેબ્રુઆરી અને માર્ચનો પગાર ચુકવવામાં આવ્યો નથી, જેના કારણે મોંઘવારીના જમાનામાં સફાઈ કામદારોને મુશ્કેલી પડી હતી. આ અંગે ગુજરાત રાજ્ય કર્મચારી સંઘે રજૂઆત કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં અંતે તા. ૨૩મી એપ્રિલથી હડતાળ શરૂ કરવામાં આવી હતી. આ અંગે મહાનગરપાલિકાના કમિશનર અને જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરી હતી અને દર મહિને ૧ થી ૧૦ તારીખ સુધીમાં પગાર ચૂકવવાની માગ કરી હતી. એવી પણ વિગતો હતી કે પાલિકાએ કોન્ટ્રાક્ટરને પગારનો ચેક આપ્યો હોવા છતાં હજુ સુધી કર્મચારીઓને પગાર મળ્યો નથી. આ મામલે તંત્ર સાથે વાતચીત થઈ શકી નથી.

# મેટિની

## આમિર ખાનનું રિ- ડેવલપમેન્ટ

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

**આ ‘મિસ્ટર પરફેક્શનિસ્ટ’ મહાન ગાથા ‘મહાભારત’ પર એકથી વધુ ફિલ્મ બનાવશે, પણ એ એક્ટિંગ પર ઓછું અને નિર્માણ પર વધુ ધ્યાન આપવા માગે છે.**



રિ-ડેવલપમેન્ટ

મુંબઈવાસીઓની રગેરગમાં આ શબ્દ આજકાલ સળવળાટ કરી રહ્યો છે. અંગ્રેજીના ચાર શબ્દ નહીં જાણતા લોકો રિ-ડેવલપમેન્ટ શબ્દના શરીર અને આત્માથી વાકેફ છે. સોબોથીમકાબો(સાઉથ બોમ્બેથી મલાડ - કાંદિવલી - બોરીવલી) સુધી પુનર્વિકાસનું રણશિંગુ ફૂંકાઈ રહ્યું છે. એનો લાભ સામાન્ય જનતા સાથે ફિલ્મ પર્સનાલિટીને પણ મળી રહ્યો છે. શાહરુખ ખાનના ‘મન્નત’ અને સલમાન ખાનના ‘ગેલેક્સી એપાર્ટમેન્ટ’ ના રિનોવેશનના ન્યૂઝ પછી હવે લેટેસ્ટ ખબર એ છે કે આમિર ખાનની બાંદ્રાના પાલી હિલ વિસ્તારની ‘વર્ગો કો - ઓપરેટીવહાઉસિંગ સોસાયટી’નું પણ રિડેવલપમેન્ટ થવાનું છે. એ જ્યારે પણ થશે ત્યારે આમિર અને એના પરિવારને વધુ સગવડો ધરાવતું નવું નક્કોર ઘર રહેવા મળશે. જોકે, સ્થૂળ ભાવની સાથે સાથે આમિર ખાનનું સૂક્ષ્મ ભાવે પણ રિ-ડેવલપમેન્ટ થઈ રહ્યું છે.

‘લાલસિંહ ચઢ્ઢા’ (૨૦૨૨)ના ધબડકા પછી સ્વૈચ્છિક નિવૃત્તિ લેનારા આ ‘મિસ્ટર પરફેક્શનિસ્ટ’ હવે ફિલ્મ કરિયરનું પુનર્નિર્માણ કરતો એવું પ્રતીત થાય છે. એના પગલે સિનેમા પ્રેમીઓને આમિર નવા સ્વરૂપે જોવા મળશે એ આશા અસ્થાને નથી.

ફિલ્મ પર્સનાલિટી આમિરના રિ-ડેવલપમેન્ટની વાત કરતી વખતે મુખ્ય ત્રણ બાબત ઊડીને આંખે વળગે છે. સૌથી પહેલી અને ખાસ ધ્યાન ખેંચે એવી વાત એ છે કે આમિર હવે એક્ટિંગને બદલે ફિલ્મ મેકિંગ - ફિલ્મ નિર્માણને પ્રાધાન્ય આપવા માગે છે.

ફિલ્મ વિવેચક અને દેશી - વિદેશી ચિત્રપટ સૃષ્ટિના ઊંડા અભ્યાસુ અનુપમા ચોપડાને આપેલા એક ઈન્ટરવ્યૂમાં આમિરને એની મહત્ત્વાકાંક્ષા વિશે પૂછવામાં આવતા એનો પ્રત્યુત્તર હતો કે ‘મારી અદમ્ય ઈચ્છા છે મહાકાવ્ય ‘મહાભારત’ પરથી ફિલ્મ બનાવવાની. આ વર્ષે એ દિશામાં પહેલા ડગ ભરવાછે. પહેલા ફિલ્મ લખવાને પ્રાધાન્ય આપવામાં આવશે. મારો પ્રમુખ સહભાગ પ્રોડ્યુસર તરીકે હશે. એક્ટિંગ કરી શકે નહીં એ અત્યારે નિશ્ચિત પણે એટલા માટે નથી કહેતો, કારણ કે કયા પાત્ર માટે કયો અભિનેતા ફિટ છે એ ડિરેક્ટર સાથે વિગતવાર ચર્ચા કરી નક્કી કરવામાં આવશે.

ડિરેક્શન આમિર કરશે કે બીજું કોઈ એ સવાલના જવાબમાં ભાઈ દલીલ કરે છે વાત એમ છે કે ‘મહાભારત’ની કથા એટલી વિશાળ છે કે એક ફિલ્મમાં એને સમાવવી અસંભવ છે. એટલે એકથી વધુ ફિલ્મ બનશે અને એને માટે એકથી વધુ ડિરેક્ટરની જરૂર પડશે. આ ફિલ્મો એક પછી એક બનાવીએ તો બહુ લાંબો સમય લાગે એટલે એક ચોક્કસ સમયગાળામાં આ ફિલ્મો બની જાય એ જરૂરી છે. મને યાદ છે ત્યાં સુધી ‘લોર્ડ ઓફ ધ રિંગ્સ’ નવલકથા પરથી ત્રણ ફિલ્મ બની IsuThe Fellowship of the Ring (2001), The Two Towers (2002), and The Return of the King (2003) અને ત્રણેયનું શૂટિંગ એક સાથે કરવામાં આવ્યું હતું. એ રીતે ‘મહાભારત’ની ફિલ્મોનું પ્લાનિંગ કરવું છે. અત્યારે તો લખવા પર ફોકસ છે, પણ આ ફિલ્મો બનાવવી છે જરૂર.

બીજી બે વાત આમિરની એક્ટિંગ સાથે નિસ્બત ધરાવે છે. પ્રખ્યાત સરકારી વકીલ ઉજજવલ નિકમ (૧૯૯૩ બોમ્બ બ્લાસ્ટ, ૨૬/૧૧ આતંકવાદી હુમલો, ગુલશન કુમાર હત્યા કેસ, પ્રમોદ મહાજન હત્યા કેસ) પર બે વર્ષ પહેલા બાયોપિક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે લીડ રોલ આમિર ખાન કરશે એવી વાત વહેતી થઈ હતી. જોકે, તાજેતરમાં આમિરે આ ફિલ્મ છોડી દીધી હોવાના અહેવાલ આવ્યા છે. એક્ટિંગ પર ઓછું અને નિર્માણ પર વધુ ધ્યાન આપવાની નીતિના ભાગરૂપે આમિરે આ નિર્ણય લીધો છે. અલબત્ત, નિકમની બાયોપિકના સહ નિર્માતા તરીકે એ સક્રિય રહેશે પણ અભિનય નહીં કરે. આમિરના સ્થાને રાજકુમાર રાવને લેવામાં આવશે એવી અટકળો વ્યક્ત થઈ છે.

ત્રીજી વાત છે એની આ વર્ષે રિલીઝ થનારી ‘સિતારે ઝમીં પર.’ ૨૦૦૭માં આવેલી ‘તારેઝમીં પર’ની સ્પિરિચ્યુઅલ સિક્વલ માનવામાં આવતી આ ફિલ્મ કોમેડી હોવાનું કહેવાય છે. આમિરના જ શબ્દો છે કે ‘તમારી આંખો તારે ઝમીં પર’ જોઈને ભીની થઈ હશે, જ્યારે ‘સિતારે ઝમીં પર’ જોઈ તમે ખડખડાટ હસી પડશો.’

આ બંને ફિલ્મમાં આમિર કોચ છે, પણ ૨૦૦૮ની ફિલ્મનો કોચ નિકુંભ અત્યંત લાગણીશીલ, ઋજુ સ્વભાવની વ્યક્તિ હતો. ૨૦૨૫ની ફિલ્મનો કોચ ગુલશન માથા ફરેલ છે, વાતવાતમાં લોકોનું અપમાન કરી નાખે છે. ઝઘડવું, મારામારી કરવી એનો સ્વભાવ છે. ટૂંકમાં સાવ વિપરીત કોચ. ૨૦૧૮ની સ્પેનિશ ફિલ્મ ‘Campeones’ (Champions)ની આ હિન્દી રિમેકમાં આમિરનો એક્ટર તરીકે અલગ જ અવતાર જોવા મળશે એવી અપેક્ષા છે.


આમ અત્યારના તબક્કે તો આમિર ખાનનું રિ-ડેવલપમેન્ટ પ્રોસેસમાં છે. એ પૂરું થયા પછી સિને પ્રેમીઓને કેવો અને કેટલો આનંદ થાય છે એ તો આવનારો સમય કહેશે, પણ આ રિ-ડેવલપમેન્ટ અને ખાસ કરીને ‘મહાભારત’ ફિલ્મની વાત ઉત્કંઠા વધારનારી જરૂર છે. ■

## બોલિવૂડની પુરાણી પરંપરાઃ બંધ કરો યે નાચગાના!

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ



અનારકલી



દેવદાસ

આપણે ત્યાં ફિલ્મમાં વાર્તા કે પટકથા કે ઇવન સેટ પર ફિલ્મ શૂટ કરવા કેમેરા નહીં હોય તો ચાલશે પણ ફિલ્મોમાં નાચગાના તો જોઇએ જ. જ્યારથી બોલતી ફિલ્મો આવી ત્યારથી ગીતોનૃત્યો વિના ભાગ્યે જ કોઇ ફિલ્મ હશે. ૧૯૩૨ની ‘ઇંદ્રસભા’ ફિલ્મમાં પૂરા ૭૧ ગીતો ને ભવ્ય નૃત્ય હતાં, એના પછી છેક ૧૯૯૪ની ‘હમ આપકે હૈં કૌન’માં ૧૪ ગીત હતાં એવી ખબર હતી.પણ અમને હમણાં ખબર પડી કે ૧૯૮૪ની ‘બંસત રાસ’ નામની ઓડિયા ફિલ્મમાં કુલ ૮૧ ગીત હતાં!

પહેલાં ગીતોને કારણે આપણી ફિલ્મો ઓસ્કાર કે બીજા વિદેશી એવોર્ડ્ઝમાં સૂગથી જોવાતી પણ હવે તો ‘નાટૂ નાટૂ’ ગીત માટે ઓસ્કાર એવોર્ડ આપીને જગત આખાએ આપણાં સોંગ્સને સ્વીકારી લીધા છે. બોલિવૂડમાં નાચગાના પર અનેક મજેદાર વાતો છે.

એક ફિલ્મી પાર્ટીમાં ૬૦ના દાયકાનો ડાન્સિંગ સ્ટાર શમ્મી કપૂર અને જ્યુબિલી કુમાર- રાજેન્દ્રકુમાર ભેગા થઈ ગયા.

શમ્મી કપૂર ડાન્સ માટે જાણીતો અને એની સામે રાજેન્દ્ર કુમારનો ડાન્સ એકદમ હાસ્યાસ્પદ..પણ કોણ જાણે શું થયું કે રાજેન્દ્રકુમારે એ પાર્ટીમાં શમ્મીકપૂરના એક ડાન્સની ભોળેભાવે ભૂલો કાઢી. આ સાંભળીને તોફાની શમ્મીકપૂરે એને ચણાના ઝાડ પર ચડાવ્યો અને કહ્યું, ‘ચાલ, મને કરીને બતાવો ને...! તમારા જેવો ગુરુ ક્યાં મળશે? ’ હવે રાજેન્દ્રકુમારે એક બે સ્ટેપ કરીને બતાવ્યા પછી તો શમ્મીકપૂરે કહ્યું કે હજુ બીજા બે -ચાર સ્ટેપ બતાવોરાજેન્દ્રકુમારે એ પણ કર્યા. બધાંએ તાળીઓ પાડી. શમ્મીકપૂરે કહ્યુ કે હજુ પેલા ગીતનો ડાન્સ કરીને બતાવો ને આમ એણે આખી રાત રાજેન્દ્રકુમારને લોકો સામે નચાવ્યો ને લોકો હસીને લોટપોટ! હવે આપણે જાણીએ છીએ કે રાજેન્દ્ર કુમારમાં ડાન્સની એવી કોઈ ટેલેન્ટ નહોતી. શમ્મી કપૂર માટે જે ડાન્સ હતો એ રાજેન્દ્ર કુમાર માટે કસરત હતી.

જોકે જંપિંગ સ્ટાર જીતેંદ્રના ધરતી પર અવતરણ પછી ફિલ્મી નૃત્યોમાં નૃત્ય કરતા કસરત વધી ગયેલ. હીરો-હીરોઈન નૃત્ય શરૂ કરે કે ત્યાં અચાનક આસપાસથી ૧૦ છોકરાછોકરીઓનું ટોળું ધસી આવે ને હીરો-હીરોઈન આસપાસ ટોળું કસરત જેવા ડાન્સ કરે! જીતુજી તો સારા ડાન્સર પણ અજય દેવગણ, સની દેઓલ કે સુનીલ શેટ્ટી જેવા બોડી બિલ્ડરોએ પણ ડાન્સ કરવો પડતો હોય છે. ગોવિંદા જેવો સુપર્બ ડાન્સર એક્ટર એક બે ડગલા ચાલે પછી એમાં થોડા નૃત્યના સ્ટેપ ઉમેરી લે. એ જ રીતે રાજ કપૂરના ‘આવારા’ના ગીતોનું અને મિથુન ચક્રવર્તીના ૧૯૮૦ના દાયકાની ફિલ્મ ‘ડિસ્કો ડાન્સર’નું ઘેલું તો રશિયાથી લઇને રોમાનિયા સુધી છેક ૨૦૦૬ સુધી અમે પોતે સગી આંખે જોયું છે.

‘જ્વેલથીફ’ ફિલ્મના જાણીતા ગીત ‘હોઠો પે એસી બાત’ ના શૂટિંગ અગાઉ નિર્દેશક વિજય આનંદની વિનંતીથી ત્યારની આસિસ્ટન્ટ ડાન્સ કોરિયોગ્રાફર સરોજ ખાને સતત પાંચ મિનિટ સુધી એકધારું એ ગીત પર ડાન્સ કરી બતાવ્યો. દેવ આનંદ અને હીરોઇન બંનેના સ્ટરપ્સ એકલી છોકરીએ સતત ૫ મિનિટ અટક્યા વિના કર્યા. આ જોઇને તો હીરોઇન વૈજન્તીમાલાના હાંજા ગગડી ગયા. એણે શૂટિંગ કેંસલ કરાવીને કહ્યું, ‘મારે એવો ડાન્સ કરવા માટે ૪-૫ દિવસના રિહર્સલ્સ જોઈશે, તો જ હું આવું કામ કરી શકું’ એ જ વૈજયંતીમાલા એ સૂરજ ફિલ્મના ગીત ‘કૈસે સમઝાઉ, બડી નાસમઝ હો’માં માત્ર એક જ ટેકમાં એટલે કે એક જ વારમાં આખું ગીત એક જ શોટમાં પરફોર્મ કર્યુ છે.

એક આડ વાતઃ ૧૯૪૧માં ચરોતર સામયિકમાં ગુજરાતીના બેસ્ટસેલર નવલકથાકાર શ્રી ર.વ. દેસાઈએ ગાંધીજીની અસરમાં આવીને લખેલું કે યુવાનોએ ડાન્સને બદલે કસરત કરવી જોઈએ તો આઝાદી જલ્દી મળશે! બોલો! આ જોઇને હાસ્યલેખક ધનસુખલાલ મહેતાએ ‘જ્યોતિર્ધર’માં જવાબ આપતા લખ્યું કે ડાન્સ ને કસરત એકબીજાના વિરોધી નથી પણ પૂરક છે ને કસરત કરવાથી આઝાદી જલ્દી કેવી રીતે મળે ?’

એક ઓપેરા કે સંગીતનાટકમાં હીરોઈનને મંચ પરથી બહાર જવાની હતી ને ત્યાં ઉડતો વાંદો આવ્યો ને તેના ડ્રેસમાં ભરાઈ ગયો! એ હીરોઈનની ચાલ ડાન્સમાં ફેરવાઇ ગઇ! લોકોને મજા પડી ગઈ. ‘વન્સમોર’ના અવાજો આવ્યા!

આમ ક્યારેક એકની ગભરામણ બીજા માટે ડાન્સ બની જાય. ગોવિંદા અને હિતિક જેવા સુપર્બ ડાન્સ એક્ટર કોઇ નથી એ વાત પ્રભુદેવાથી માંડીને ફરાહ ખાન સુધી સૌ કોરિયોગ્રફરો માને છે, પણ જ્યારે ગોવિંદા સેટ પર મોડો આવે ત્યારે એ સૌને ગભરાવી મૂકે. ગીતનું શૂટિંગ ફટાફટ પતાવવા પોતાને મનમાં આવે એમ ડાન્સ કરે અને ચાલુ શોટમાં એને જોઇ જોઇને ડાન્સરો કોપી કરે કારણકે એમને તો તાલીમ મળી જ ના હોય ને?.

એક ડાન્સ સ્પર્ધામાં જજે એક કલાકારને પૂછ્યુંઃ ‘તમે આવા ડાન્સની ટ્રેનિંગ ક્યાંથી લીધી?’

‘સર, મેં ડાન્સની નહીં પણ માર્શલઆર્ટની ટ્રેનિંગ લીધી છે!’

‘હંમમમ. લાગ્યું જ! જજે કહ્યું.’

જોકે માર્શલઆર્ટનો જાણકાર અક્ષયકુમાર અભિનય ભલે એકનો એક કરે પણ ડાન્સ સરસ કરી લે ! શાહરુખ માટે કહેવાય છે કે શરૂઆતમાં ડાન્સ સારો આવડતો નહીં તો એની પત્ની ગૌરી જે કોરિયોગ્રાફર શામક દાવરનાં ક્લાસમાં જતી ત્યાં જઇને ચોરી છૂપી ડાન્સના સ્ટેપ્સ શીખતો. અહીં સુધી ઠીક છે, પણ પાછલા જનમ વગેરેમાં માનતા શામક દાવરે એક પુસ્તકમાં લખ્યું છે કે શાહરુખ પછીથી સમય જતાં સારો ડાન્સર એટલે બની શક્યો, કારણ કે શાહરુખમાં સંધ્યા બોઝ નામની મૃત ડાંસરનો આત્મા પ્રવેશી ચૂક્યો છે!

વેલ, પોસિબલ છે! જે દેશમાં ૧ ફિલ્મમાં ૭૨થી ૮૧ ગીતો મુકાતાં હોય ત્યાં કંઇપણ શક્ય છે. ક્યારેક અચાનક ટપકતા આઇટેમ સોંગ્સ જોઇને, મુજરાનાં અંતે જૂની ફિલ્મોનો બોલાતો સંવાદ યાદ આવેઃ

બંધ કરો યે નાચ-ગાના.! ■

## શંખ ને મૂરખ હંમેશાં બીજાની ફૂંકથી જ વાગે!



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા



બીજા અંકનાં રિહર્સલ-જી.આર. શરુ થયા. ફેરફાર સાથે, જે ઉમેશ પારેખે કલાકારોને પહેલા અંક પછી તૈયાર કરાવી લીધા હતા એટલે બધાં બમણી શક્તિથી શરૂ થઈ ગયાં. આમ પણ જાગતી કીડીની શક્તિ સૂતેલા હાથી કરતાં વધુ હોવાની.

નાટકની રજૂઆત અને સારું જાય તો ‘કવર’ મળવાની અપેક્ષા નજર સામે હોય એટલે શક્તિ આપોઆપ આવી જતી હશે એવું એક કલાકાર તરીકે મારું માનવું છે. ઘણાં વખત પહેલાં મેં લખેલું કે ‘હું નાટક પ્રોસેસ પૂરતો શોર્ટ-ટેમ્પર થઈ જતો’. સમય જતાં થોડો પરિપક્વ થતો ગયો.

કોઈએ સાચું જ કીધું છે કે ગુસ્સાની એક પળ ઉપર જો તમે નિયંત્રણ રાખી શકો તો પસ્તાવાના ઘણાં દિવસ બચાવી શકો.

આ બાજુ અમારા કલાકારો બમણાં જોશથી મચી તો પડ્યા, સાથે નાની-મોટી ભૂલો પણ કરતાં રહ્યા. ત્યારે કોઈએ કહેલું એક ‘બ્રહ્મવાક્ય’ યાદ રાખી મેં ગુસ્સો કાબુમાં રાખ્યો. હેમખેમ બીજો અંક પૂરો થયો. ત્રીજા અંક પહેલા બધા થોડો ‘પોરો’ ખાવા બેઠા. હવે ત્રીજા અંક પછી ઓડકાર સંતોષનો આવે છે કે વસવસાનો એ જોવાનું હતું. મારી પરિપકવતાએ મને શીખવી દીધું હતું કે ક્રોધ એ એવો પવન છે, જે તમારા બુદ્ધિના દીવાને ઓલવી નાંખે.

ખેર, ‘પોરો’ ખાઈ, ફરી થોડા ફ્રેશ થઈ ત્રીજા અંક્નો આરંભ કર્યો. ત્રીજો અંક નિર્વિઘ્ને પૂરો થયો. કાલથી બુકિંગ શરૂ થવાનું હતું. ત્રણ દિવસ હાથમાં હતા. બે દિવસ બધા કલાકારો સાથે મળીને માત્ર રિડિંગ કરવાનું નક્કી કર્યું જેથી રજૂઆત ‘જક્કાસ’ થઈ શકે.

એકંદર, નાટક સારું બન્યું હતું એવું તો લાગ્યું . એને વધુ સારું કરવા બે દિવસ મળવાના હતા. ડિરેક્ટર તરીકે મને સંતોષ થતો જ નથી. જાણું છું કે દરેકની પોતાની મર્યાદા હોય છે. દરેક કલાકારની પોતાની લઢણ હોય છે, છતાં મારો જીવ વધુ ને વધુ અપેક્ષા રાખતો. આપણને ઓછું મળે છે એ આપણું દુઃખ નથી, આપણને ઓછું લાગી રહ્યું છે એ આપણું દુઃખ હોય છે, મારું પણ એવું જ હતું.

ત્રીજો અંક પૂરો થયો. કલાકારો રવાના થયા પછી બાકી રહ્યા, હું, ડોલર પટેલ, સુભાષ ખન્ના અને રાજેશ મહેતા.

એક ચોખવટ કરી દઉં. ઘણાં વાંચકોએ મને સવાલ કર્યો છે કે આ રાજેશ મહેતા એટલે લોકપ્રિય કટાર તારક મહેતાના ઉલટા ચશ્માનાં લેખક તારક મહેતાના સગાં થાય છે એ?

ના. તારક મહેતા વાળા રાજેશ મહેતા, એક અદભુત કલાકાર માત્ર. જયારે મારી સાથેના રાજેશ મહેતા એ કલાકાર અને સંગીતકાર બંને. એમની ઘણી કેસેટો પણ બહાર પડેલી. એ સ્વ. જગદીશ શાહ-નિલા થિયેટર સાથે સંકળાયેલા. એ મેન્ડોલીન સરસ વગાડતાં, જૂના ‘બુલબુલ’ જેવું એટલે રમૂજમાં બધા એમને ‘ટુનટુન’ કહી કલાકાર રાજેશ મહેતાથી અલગ ઓળખ આપતાં. આ સહજ, વાંચકોની જાણ ખાતર.

બધા કલાકારો ગયા પછી, બીજા દિવસથી ખુલતા બુકિંગની ચર્ચા કરી. સામાન્ય નવા નાટકનું બુકિંગ ખુલે ત્યારે પ્લાનની પૂજા થાય, શ્રીફળ વધેરાય અને નાટકના બોર્ડ ઉપર હારતોરા પણ થાય. ડોલર અને સુભાષે આ જવાબદારી લઈ લીધી, નિર્માતા હતા ને!

ઘરે જઈ જી.આર.ની બધી વાત મેં પત્ની ભારતીને કરી. મને થતું હતું કે ‘નાટક સારું જશેને?’ ભારતીએ સરસ સમજાવ્યું કે ‘પરિણામ વિચારો પ્રમાણે નહીં, મહેનત પ્રમાણે મળે છે. તમે મહેનત કરી છે તો ફળ મળશે જ.’

બીજી સવારે જા.ખ. જોઈ. સરસ છપાય હતી. અખબારમાં ‘ખાસ’ પોઝિશન વધુ પૈસા આપી લીધેલી. જા. ખ. નાં એ પાના પર એક જ એડ. દેખાતી હતી માણસ માત્ર લફરાને પાત્ર. ચટપટી એવી ઊપડી કે ક્યારે નવ વાગે અને બુકિંગ જાણું. સાડા નવ થયાં. ડોલર કે સુભાષ, કોઈનો ફોન ન આવ્યો. મારી જાણવાની ઇચ્છા બળવત્તર બનતી હતી. આમ પણ કેટલીક ઇચ્છાઓ વરસાદનાં ટીપાં જેવી હોય છે, જેને પામવા જતા હથેળી તો ભીંજાય પણ હાથ હંમેશાં ખાલી રહે!

છેવટે મેં પાટકર થિયેટર પર ફોન કર્યો. બુકિંગ કલાર્ક પ્રભાકરે ઉપાડ્યો અને હરખનાં ખબર આપ્યા કે એક કલાકની અંદર જ ઘણું સારું એવું બુકિંગ થઈ ગયું છે.

ડોલર અને સુભાષ તો પૂજા પતાવી ઘર ભેગા થઈ ગયા હતા. આમ પણ સિરિયલ-ફિલ્મો સાથે સંકળાયેલાને નાટક બનાવવાનું ભૂત સવાર થયેલું સાથે નામ બનાવવાનો મોહ પણ. શંખ અને મૂર્ખ હંમેશાં બીજાની ફૂંકથી જ વાગે. આ લોકોને નાટક માટે મારે પંપ મારી હવા ભરતી રહેવી પડશે. લગભગ ૧૨.૩૦ વાગે ડોલરનો ફોન આવ્યો. ૯ થી ૧૨ વચ્ચે થયેલ બુકિંગનો આંકડો મને કહ્યો.મેં સવારે જાણેલો એ કરતાં ઘણો વધુ હોય એ સ્વાભાવિક હતું.

એક વાત તો નક્કી, મનહર ગઢિયાની જા.ખ. કામ કરી ગઈ હતી. હવે નાટક સારું નીવડે એટલે ભયો-ભયો.

બીજા દિવસ રીડિંગમાં કેટલાક કલાકાર લબડતા હતા. મારી કમાન છટકતી હતી પણ મેં કંટ્રોલ રાખ્યો. એ પરિસ્થિતિ મેં માંડ સાંચવી. જો કે કેટલું સાચવી લો છો એ સમજદારી નથી પણ કેટલું બગડવા નથી દેતા એ સમજદારી છે. મેં સંયમ રાખી સમજદારી બતાવી. હવે આવતી કાલે પાટકર હોલમાં થશે ‘માણસ માત્ર લફરાને પાત્ર’ નાં શ્રી ગણેશ.! ■

ડબલ રિચાર્જ

મંદી કોને કહેવાય?
પોતાની ‘પોસ્ટ’ પોતે જ ‘લાઇક’ કરવી એને મંદી કહેવાય.

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# સુપરહિટ વિદેશી ફિલ્મની નવ વર્ષમાં ૨૬ રિમેક, પણ ઈંગ્લિશમાં એક સુધ્ધાં નહીં!

## ૨૦૧૬ની ઈટાલિયન ફિલ્મ હિન્દી સહિત અન્ય ભાષામાં ફરી બનવાનો ‘ગિનેસ વર્લ્ડ રેકોર્ડસ’ ધરાવે છે, પણ એની અંગ્રેજીમાં ફિલ્મ નકો !

ફિલ્મ રિમેકનો ઈતિહાસ ઘણો જૂનો છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમ જ હોલિવૂડમાં સુધ્ધાંમાં... ગયા વર્ષે રિલીઝ થયેલી અક્ષય કુમારની ‘ખેલ ખેલ મેં’ પણ ઈટાલિયન ફિલ્મની સત્તાવાર રિમેક છે. કઈ ફિલ્મ અદભુત લાગે છે અને કઈ બકવાસ એ દરેક સિને ભાવકનો અબાધિત અધિકાર છે, પણ સારું - નરસું નક્કી કરતા પહેલા એ ફિલ્મ જોવી જરૂરી છે.

સિનેમાના વિશ્વ ઈતિહાસમાં એવી ફિલ્મો બની છે જે ચિત્રપટ ચાહકે જોવી જ જોઈએ એવું માનવામાં આવે છે. આ વિશિષ્ટ યાદીમાં ઈટાલિયન ઈન્ડસ્ટ્રીનો સમાવેશ માનપૂર્વક થાય છે. ફિલ્મોને કલાત્મક સ્વરૂપ આપવામાં ઈટલીના ફિલ્મમેકરોનું યોગદાન માતબર રહ્યું છે.

૧૯૧૩માં આવેલી Quo Vadis (ફિલ્મ ઈતિહાસની શરૂઆતની બ્લોકબસ્ટર પૈકી એક)થી લઈને A Muzzarell (૨૦૨૪) સુધીની સફરમાં ઈટાલિયન ઈન્ડસ્ટ્રીએ અદ્‌ભુત ફિલ્મોઅને મૂઠી ઊંચેરા ફિલ્મ મેકરની ભેટ આપી છે. It happened one night, Bicycle Thieves, La Strada, La Dolce Vita, Senso, Umberto D., Suspiria, The Conformist, The Good, The Bad and The Ugly... આવી અવિસ્મરણીય ફિલ્મોની યાદી ઘણી લાંબી છે. ઉપરાંત, ઈટાલિયન ઈન્ડસ્ટ્રીએ એવા નામાંકિત ફિલ્મમેકરઆપ્યા છે, જેમનાચિત્રપટ ઓલટાઈમ ગ્રેટ ફિલ્મ્સની યાદીમાં બિરાજવા ઉપરાંત અન્ય મેકરો માટે પ્રેરણારુપ સાબિત થયા છે. Federico Fellini,Vittorio De Sica, Roberto Rossellini, Bernardo Bertolucci, Sergio Leone..આ યાદી પણ દમદાર છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં ઈટાલિયન ફિલ્મોના દબદબામાં ઓટ આવી એ હકીકત હોવા છતાં એ ફિલ્મોનો પ્રભાવ વૈશ્વિક ઈન્ડસ્ટ્રી પર અનન્ય રહ્યો છે.

આવી આ આગળીવેગળી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક એવી ફિલ્મ છે જે એક એવો વિશ્વવિક્રમ ધરાવે છે કે એ જાણ્યા પછી આશ્ચર્યથી આંખો પહોળી થઈ જશે. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૬ના દિવસે રિલીઝ થયેલી ફિલ્મ રોમેન્ટિક કોમેડી ડ્રામા Perfetti Sconosciuti (Perfect Strangers)ની અત્યાર સુધીમાં જુદા જુદા દેશમાં હિન્દી સહિત વિશ્વની ૨૪ ભાષામાં આ ફિલ્મની રિમેક બની ચુકી છે, પણ આશ્ચર્ય અને અચરજ થાય છે એવી વાત એ છે કે અત્યાર સુધીમાં ઈંગ્લિશમાં એની રિમેક નથી બની ! આનું એક સજ્જડ કારણ છે જેની આપણે વિગતે વાત કરીશું.





ઈટાલિયન ફિલ્મ Perfetti Sconosciuti અને હિન્દી ફિલ્મ ‘ખેલ ખેલ મેં’

### હિન્દી ‘ખેલ ખેલ મેં’એ કેવા ખેલ કર્યા?

ફ્લોપ ઝાઝી અને હિટ જૂજ વચ્ચે ઘેરાયેલો અક્ષય કુમાર આજની તારીખમાં પણ બહુ બિઝી એક્ટર છે. ૨૦૨૪માં એની પાંચ ફિલ્મ રિલીઝ થઈ હતી. જોકે, એનો ફલોપનો સિલસિલો જારી રહ્યો હતો. રિલીઝ થયેલી ફિલ્મમાં એક હતી ‘ખેલ ખેલ મેં’. અક્ષયની આ ફિલ્મ ઈટાલિયન ફિલ્મ Perfetti Sconosciuti (Perfect Strangers) ની સત્તાવાર રિમેક છે. મતલબ કે રાઈટ્સ ખરીદવામાં આવ્યા હતા. જોકે, ‘ખેલ ખેલ મેં’ બોક્સ ઓફિસ પર કોઈ ખેલ દેખાડી નહોતી શકી અને અક્ષયના લિસ્ટમાં એક વધુ ફ્લોપનો ઉમેરો થયો હતો.

‘ખેલ ખેલ મેં’ સિવાય સાઉથની બે ફિલ્મ આઈટાલિયન ચિત્રપટ પરથી પ્રેરણા લઈને કે એના પર આધારિત બની હોવાનું કહેવાયું હતું. એક હતી મલયાલમ ફિલ્મ 12th Man અને બીજી હતી તેલુગુ ફિલ્મ Richie Gadi Pelli. મલયાલમ ફિલ્મ હિટ સાબિત થઈ હતી જ્યારે તેલુગુ ફિલ્મ ફલોપ નીવડી હતી.

ઈટાલિયન ફિલ્મ Perfetti Sconosciuti (Perfect Strangers)ની કથા રસપ્રદ છે, સાથે રમુજી સુધ્ધાં છે, પણ એ અલગ કેડી કંડારેએવી નથી. વાર્તાનુસાર સાત નિકટના મિત્રોનું ગ્રૂપ ડિનર પાર્ટી માટે ભેગું થાય છે. ગ્રૂપની ઇવા નામની રિલેશનશિપ થેરપિસ્ટ દાવો કરે છે કે જો મિત્રો એકબીજાના ફોનમાં મેસેજ જોશે તો કેટલાક કપલના છૂટાછેડા થઈ જશે. કોઈ સહમત થાય છે તો અસહમતિ પણ. દલીલના તથ્યની ચકાસણી કરવા એક ગેમ રમવાનું નક્કી થાય છે. બધાએ પોતાનો ફોન ટેબલ પર મૂકી દેવાનો અને પોતાના મેસેજ ગ્રૂપના બાકીના સભ્યો સાથે શેર કરવાના. શરૂઆતમાં બધાને મજા પડે છે, પણ ધીરે ધીરે મેસેજમાં પતિ કે પત્નીથી છુપાવી રાખેલી વાતો છતી થવા લાગે છે. પરિણીત સ્ત્રીની અફેર, કોઈ પુરુષની ગર્લફ્રેન્ડ... જૂઠાણાં અને રહસ્યો ગૂંથાય છે. રાત પડે છે ત્યાં સુધીમાં તો મૈત્રી, લગ્ન અને રોમેન્સના લીરેલીરા ઉડી ગયા હોય છે. જોકે, ફિલ્મનો અંત અનપેક્ષિત અને આશ્ચર્યકારક છે. એકઠા થયા હોય છે એ જગ્યામાંથી મિત્રો બહાર નીકળે છે ત્યારે જાણે કશું જ બન્યું નથી એવી રીતે વર્તે છે. ગેમ શરૂ થવા પહેલા આપસી સંબંધોનું જે સ્વરૂપ હતું એ જ રહે છે અને રમત રમાઈ જ નહોતી એ રીતે બધા ફરી પોતપોતાના જીવનમાં ગોઠવાઈ જાય છે.. !

આ ફિલ્મને બોક્સ ઓફિસ પર ફાંકડી સફળતા મળી હતી. ૪૦ લાખ ડૉલરના બજેટમાં બનેલી આ ફિલ્મ વિશ્વભરમાં ત્રણ કરોડ બત્રીસ લાખ ડોલરનું કલેક્શન કરવામાં સફળ રહી હતી.

વાર્તામાં કોઈ વિશિષ્ટ તત્ત્વ ન હોવા છતાં નવ જ વર્ષમાં આટલી બધી રિમેક બની એ હકીકત આશ્ચર્યમાં ગરકાવ કરી દેનારી છે. સૌથી પહેલી રિમેક ગ્રીસમાં બની. ત્યારબાદ સ્પેનમાં અને ૨૦૧૮ની સાલમાંટર્કી, ફ્રાંસ, હંગેરી, સાઉથ કોરિયા, મેક્સિકો અને ચીનમાં રિમેકનીભરતી આવી હતી. ત્યારબાદ અનુક્રમે રશિયા, આર્મેનિયા, પોલેન્ડ, જર્મની, વિયેતનામ, જાપાન, સ્લોવેકિયા, ચેક રિપબ્લિક, રોમાનિયા, નેધરલેન્ડ્સ, ઈઝરાયલ. ઈજીપ્ત. લેબેનોન, યુએઈ, નોર્વે, ઈન્ડોનેશિયા, અઝરબૈજાન, આઈસલેન્ડ, ડેનમાર્ક અને ભારતમાં પણ આની રીમેક બની છે. અમુક દેશોમાં અલગ અલગ ભાષામાં ફિલ્મ બની હોવાથી ભાષાની સંખ્યા દેશ કરતાં વધારે છે.

હવે અંગ્રેજીમાં આ ફિલ્મની રિમેક કેમ નથી બની એ જાણવા જેવું છે. વાત એમ છે કે ૨૦૧૭માં આ ફિલ્મ ઈંગ્લિશમાં બનાવવાના રાઈટ્સ ‘વાઇન્સ્ટીન કંપની’ એ ખરીદ્યા હતા. જોકે, ફિલ્મ ફ્લોર પર જાય એ પહેલા જ કંપની આર્થિક રીતે ભાંગી પડતા અને કંપનીના સ્થાપક હાર્વી વાઇન્સ્ટીન સામે ગુનાહિત આરોપો કરવામાં આવતા ફિલ્મ અભેરાઈ પર ચડી ગઈ હતી. હવે કોને ખબર એ બનશે કે નહીં. ■




મહેશ નાણાવટી

# મૂછેં હોં તો નથ્થુલાલ જૈસી?

હા, ૬૦-૭૦ના દશકના સમયમાં જ્યારે હિન્દુ હીરોએ મુસ્લિમ હીરોનું પાત્ર ભજવવાનું આવે ત્યારે પાતળી મૂછો લગાડી દેવાની જાણે એક ફોર્મ્યુલા હતી! રાજેશ ખન્ના ‘મહેબૂબ કી મહેંદી’માં, જિતેન્દ્ર ‘મેરે હુજુર’માં અને ‘દિદાર-એ-યાર’માં, રિશી કપૂર ‘અમર અકબર એન્થની’માં કે ઈવન પંકજ પરાશર ‘નિકાહ’માં!

ગયા શુક્રવારે આપણે એકટરોની વિગ વિશેની વાતો લઈને બેઠા હતા. આજે મૂછ હાથમાં આવી છે. (ચિંતા ન કરો, કોઈની ચોટલી હાથમાં નથી લેવાની ! ...)

આમ તો મૂછો એ પુરુષોની મર્દાનગીની નિશાની માનવામાં આવે છે, પરંતુ તમે માર્ક કરજો, મોટેભાગના સફળ અને હેન્ડસમ હીરોલોગ મૂછમૂંડા જ રહ્યા છે. સલમાન ખાનનું નામ એમાં સૌથી ઉપર મૂકવું પડે, પરંતુ આપણે જરા દૂરના ભૂતકાળથી શરૂ કરીએ?

સૌથી પહેલાં તો એ કબૂલ કરવું પડે કે રાજ કપૂરે પોતાની આખી કારકિર્દીમાં ક્યારેય મૂછમૂંડા બનીને પરદા ઉપર (કે ઈવન પરદા પાછળ) આવવાનું સ્વીકાર્યું નહોતું. એની સામે જેની સૌથી ફળદ્રુપ ‘ખેતી’ માનવામાં આવે છે એવા બિચારા અનિલ કપૂરને એક ફિલ્મમાં પોતાની જ મૂછ મૂંડાવવી પડી હતી! એ ફિલ્મ હતી ‘લમ્હે’. અહીં વિચિત્ર વાત તો એ હતી કે જે પાત્ર ભજવવા માટે મૂછ કઢાવી નાખી હતી એ તો શ્રીદેવીના બાપની ઉંમરનું હતું !

બીજા એક કલાકાર હતા પ્રદીપકુમાર. એમણે પણ કદી મૂછો ઉતરાવી નહીં. એમ તો તાલીમાર ડાયલોગબાજી અને ટણીબાજ અદાકારીના શહેનશાહ એવા રાજકુમારે પણ છેલ્લી ફિલ્મ સુધી મૂછ રાખી હતી, પરંતુ એમાં તકલીફ એક જ હતી કે એમની મૂછ ગુરુત્વાકર્ષણના નિયમની વિરુદ્ધ ધીમે ધીમે, ફિલ્મે ફિલ્મે ઊંચી ને ઊંચી ચડતી જતી હતી!

વધુ એક હીરો, જેને કદી ‘સ્ટાર’ની ગણવામાં આવ્યો જ નહીં એ અમોલ પાલેકરે એકમાત્ર ફિલ્મ ‘ગોલમાલ’માં ડબલ રોલ ભજવવા માટે મૂછ મૂંડાવી હતી. જોકેએ સિવાયની જેટલી ભૂમિકા ભજવી એ વળી કંઈ ‘મૂછાળા મરદ’ની તો નહોતી જ!

ડબલ રોલની વાત નીકળી છે તો રાજેશ ખન્ના જે ફિલ્મથી સુપરસ્ટાર બન્યા તે પહેલી જ સુપરહિટ ફિલ્મ ‘આરાધના’માં ઈન્ટરવલ પછી શર્મિલા ટાગોરના દીકરા તરીકે એ સૂતળી જેવી પાતળી મૂછ લગાવીને આવી ગયા હતા.

જોકે,એ સિવાય રાજેશ ખન્નાનું મૂછ લગાવવા પાછળનું લોજિક બહુ ક્લિયર હતું. જ્યારે જ્યારે હીરોના નેગેટિવ રોલ હોય ત્યારે મૂછ લગાડી દેવાની, જેમ કે ‘દુશ્મન’, ‘દાગ’, ‘રાજારાની’, ‘હમશકલ’ વગેરે.!




રાજ કપૂર




દેવ આનંદ




દિલીપ કુમાર




રાજેશ ખન્ના



અમિતાભ



અનિલ કપૂર



જીતેન્દ્ર

આ બધા વચ્ચે જિતેન્દ્રનો કેસ બડો મજેદાર છે. એમની ઈમેજ ‘જમ્પિંગ જેક’ની બની ગઈ હતી. એમાંય વચ્ચેના સમયમાં જ્યારે ફિલ્મો ખાસ ચાલી નહોતી રહી ત્યારે જિતેન્દ્રએ ગુલઝાર સાહેબને પકડયા હતા. ગુલઝાર સાહેબે આ ભાઈને ‘સિરિયસ’ દેખાડવા માટે ‘પરિચય’માં જાડી મૂછો ચોંટાડી આપી! (જાડા ચશ્મા પણ પહેરાવી દીધેલા.) એ જ ઈમેજ જિતેન્દ્રએ ‘કિનારા’માં તો રિપીટ કરી જ કરી, પણ પાછળથી જ્યારે સાઉથની ફિલ્મો લેવા માંડી ત્યારે મોટી ઉંમર બતાડવાની હોય એવી સ્ટોરીમાં એ જ મૂછો સફેદ કરાવીને ચોંટાડવા માંડેલી! (પેલા ચશ્મા પણ સાચવીને સાથે જ રાખેલા.)

એ જ રીતે હીરોને જ્યારે ગામડીયાનો રોલ કરવાનો હોય ત્યારે પણ મૂછો ચોંટાડી દેવાતી હતી. જિતેન્દ્રએ ‘ધરતી કહે પુકાર કે’, ‘બનફૂલ’ જેવી ફિલ્મોમાં મૂછો લગાડી હતી. આ મામલામાં દિલીપકુમાર સાહેબનું કહેવું પડે. એમણે છેક ૧૯૬૧માં ‘ગંગા જમના’માં ગામડીયાનો રોલ ભજવવા માટે મૂછો લગાડેલી. એ પછી છેક ‘૧૯૭૪માં ‘સગીના મહાતો’ માટે એવી મૂછો ચીપકાવી હતી! જોકે એ પછી ‘સૌદાગર’, ‘શક્તિ’, ‘વિધાતા’, ‘મજદૂર’, ‘ક્રાંતિ’, ‘મશાલ’, ‘કર્મા’, વગેરેમાં મૂછો લગાડેલી, પરંતુ એ બધા સિનિયર કેટેગરીના રોલ હતા. હા, એકદમ યાદગાર છતાં ખૂબ જ ફની કહી શકાય એવી મૂછો એમણે ધારણ કરેલી ‘મુગલ-એ-આઝમ’માં!

દેવ આનંદ મોટાભાગે ‘ક્લિન સેવ્ડ’- મૂછ વગરના રોલ કરતા અપવાદ રુપ એમણે ‘હમ દોનો ’ અને ‘ગેમ્બલર’માં મૂંછ ધારણ કરવી પડી હતી ખરી અહીં સિનિયર કેટેગરીની વાત નીકળી છે તો જેકી શ્રોફને યાદ કરી લઈએ? જેકીએ યંગ હીરો તરીકે એકપણ રોલ માટે મૂછ મૂંડાવી નહોતી (રેકોર્ડ છે હોં.) પરંતુ પાછળથી પ્રિયદર્શનની ફિલ્મ ‘હલચલ’માં વડીલનો રોલ ભજવવા માટે મૂછો મૂંડાવી નાંખી! જરા ઊલટું ના કહેવાય?

કેમ કે રાજેશ ખન્નાએ જ્યારે ‘અવતાર’માં ઘરના મોભીનો રોલ કર્યો ત્યારે સરસ મજાની ‘સોલ્ટ ઍન્ડ પેપર’ ટાઈપની મૂછો લગાડી હતી.

બાકી મહાનાયક અમિતાભ બચ્ચનની વાત કરો તો સાહેબ, પહેલી જ ફિલ્મ જેમાં એમને ‘ગુંગાભાઈ’ બનાવી દીધેલા એ ‘રેશમા ઔર શેરા’માં એમણે ભરાવદાર અને હૃષ્ટપૃષ્ટ મૂછો લગાડેલી! જોકે એ પછી અમિતાભે પણ પેલો નેગેટિવ શેડના રોલવાળો નિયમ ચાલુ રાખેલો. ‘સૌદાગર’ (૧૯૭૩), ‘દો અજનબી’, ‘ગંગા કી સૌગંધ’, ‘કસમેં વાદે’, ‘ઈમાન ધરમ’, ‘સત્તે પે સત્તા’ (ડબલ રોલ), ‘પુકાર’ (ડબલ રોલ) વગેરે.

જોકે બચ્ચન સાહેબ સિનિયર કેટેગરીમાં આવી ગયા પછી તો દાઢી-મૂછનો કોઈ હિસાબ જ રહ્યો નથી. બસ, એમનો ‘શરાબી’નો ડાયલોગ તમામ ફિલ્મી મૂછોને અંજલિ આપવા માટે પૂરતો છે કે ‘મૂછે’ હોં તો નથ્થુલાલ જૈસી... વરના ના હોં!’ ■

કલેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## ‘અબીર-ગુલાલ’ની ગેમ ઓવર?



થોડાં અઠવાડિયા અગાઉ આપણે ‘કલેપ એન્ડ કટમાં’ જાણ્યું હતું કે પાકિસ્તાની કલાકાર ધરાવતી ભારતીય ફિલ્મ ‘અબીર ગુલાલ’ને મહારાષ્ટ્રમાં રિલીઝ નહીં કરવા દેવામાં આવે તેવી વાત અહીંની બે રાજકીય પાર્ટીએ કરી હતી. હવે તાજેતરની પહેલગામની ઘટના બાદ હવે સોશિયલ મીડિયા પર ‘અબીર ગુલાલ’ના મુખ્ય કલાકાર તરીકે ફવાદ ખાનને લેવા માટે જલદ રોષ પ્રગટી રહ્યો છે. સોશિયલ મીડિયાના યુઝર્સ પહેલેથી કહી રહ્યાં છે કે ભારતમાં આટલા ટેલેન્ટેડ કલાકાર હોવા છતાં ફવાદને લીધો જ કેમ ? હવે પહેલગામની આતંકવાદી ઘટના પછી તો ‘ફિલ્મ ફેડરેશને’ પણ આ ફિલ્મની રજૂઆત સામે સખત વિરોધ જાહેર કર્યો છે..

કેટલાક યુઝર્સ તો ટિકિટ બુકિંગ એપ્સને વિનંતી કરી રહ્યા છે કે આ ફિલ્મનું બુકિંગ તમારા હાથમાં ન લો અને જો લેશો તો તમારે પણ બાયકોટનો સામનો કરવો પડશે.

ફવાદ ખાનનો ભૂતકાળ પણ વિવાદાસ્પદ રહ્યો છે. ભારતમાં બનેલી અમુક આતંકવાદી અમુક ઘટનામાં એની મૂંગી તો અમુક વખત એની બોલકી સહમતી રહી છે. અત્યારે એની ફિલ્મ રિલીઝ થવાની છે એટલે એ કદાચ મૂંગો રહેશે, પરંતુ ભારતીય દર્શકો મૂંગા રહેવાના બિલકુલ મૂડમાં નથી.

શક્ય છે કે ‘અબીર ગુલાલ’ની રિલીઝ પાછી ઠેલાય અથવા તો મેકર્સ તેને ‘મૂંગા મોઢે’ કોઈ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરીને પોતાની જીવ છોડાવી દે.

## ચોપરા પછી હવે ભુવનની ‘મહાભારત’

બી.આર.ચોપરાની ‘મહાભારત ‘સિરીઝ બે-બે વખત ટીવી ઉપર જોવા મળી અને બંને વખત તેને બમ્પર સફળતા મળી. હાલમાં રણબીર કપૂર જેમાં ભગવાન શ્રી રામની ભૂમિકા ભજવે છે એવી ‘રામાયણ’ ફિલ્મનું શૂટિંગ પણ ચાલી રહ્યું છે.

હવે આવામાં આમિર ખાને પોતાને મહાકાવ્ય એવા મહાભારત પર ફિલ્મ બનાવવી છે એવી ઈચ્છા જાહેર કરી છે. આ વર્ષમાં મહાભારત ઉપર કામ શરૂ થઇ જશે એમ આમિરે હમણાં એક મુલાકાતમાં કહ્યું છે અને સાથે એમ પણ ઉમેર્યું છે કે કે મહાભારતની કથા પર સૌ પહેલાં તો ઊંડું સંશોધન અને પછી લખાણ શરૂ થશે. ફિલ્મનું શૂટિંગ ક્યારે શરૂ થશે એ તો હજી કહી શકાય તેમ નથી. આ ઉપરાંત આમિર ખાને એમ પણ કહ્યું છે કે આવી મહાકથા ફક્ત એક જ ભાગમાં દેખાડી શકાય એવો વિષય નથી એટલે એને એક કરતાં વધુ ભાગમાં વહેંચવી પડશે. હા, આ મહા- ફિલ્મમાં પોતે અદાકારી કરશે કે નહીં એ વિશે એણે ફોડ પાડ્યો નથી

ચોપરાજીની ‘મહાભારત’ને ભલે દાયકાઓ વીતી ગયા પરંતુ તેની અસર આજે પણ ભારતીયોના માનસપટ ઉપર એટલી જ જબરદસ્ત રીતે અંકિત થયેલી છે. આથી આમિર મિયાં ઉર્ફે ભુવને પોતાની મહાભારતને યાદગાર બનાવવા ખરા અર્થમાં કેવી કમર કસવી પડશે એ પણ એક કલ્પનાનો વિષય છે

## ગૌરીની રેસ્ટૉરાંમાં નકલી પનીર?



સાર્થક સચદેવા નામના એક યુટ્યુબર છે. હવે અટક પ્રમાણે કદાચ વર્તન કરતા હોય એમ આ સાર્થકભાઈ વારંવાર મુંબઈની મોટીમોટી કે નાની-મોટી રેસ્ટોરન્ટમાં જઈને પનીરની ખરાઈનું ટેસ્ટિંગ, અફકોર્સ કેમેરા સામે ખાનગીમાં, કરતા જોવા મળે છે. હાલમાં સાર્થક આપણને ‘સચ’ દેવા માટે મોટી મોટી સેલિબ્રિટીસ દ્વારા ચલાવવામાં આવતા રેસ્ટોરન્ટમાં ગયા. આ ભાઈ સહુથી પહેલાં વિરાટ કોહલીના વન કમ્યુન, પછી શિલ્પા શેટ્ટીના બાસ્ટીયન, ત્યારબાદ બોબી દેઓલના સમપ્લેસ એલ્સ અને છેલ્લે ગૌરી ખાનના બાંદ્રામાં આવેલા રેસ્ટૉરાં ટોરીમાં ગયા. અહીં બધે એમણે પનીરની ડીશો મંગાવી અને એમાંથી પનીર શોધીને તેને સાફ કરી. ત્યારબાદ સાથે લાવેલી બોટલમાંથી આયોડીનના બે-ત્રણ ટીપાં આ પનીર ઉપર રેડ્યાં.

આ ‘આયોડીન ટેસ્ટમાં’ વિરાટ, શિલ્પા અને બોબીની રેસ્ટોરન્ટ પાસ થઇ ગઈ, પણ શાહરુખની બીબી ગૌરીની રેસ્ટોરન્ટની પનીરનો રંગ બદલાઈ ગયો. આથી સચદેવાએ પોતાનો ટેસ્ટ ‘સાર્થક’ હોવાનું જાહેર કરતાં ‘ટોરી’માં ઉપયોગમાં લેવાતી પનીર ખરાબ હોવાનું જાહેર કરી દીધું. આ બધું એમણે પોતાની ચેનલ ઉપરાંત ‘ઇન્સ્ટાગ્રામ ’ ઉપર પણ ચડાવી દીધું.

હવે આવું જ્યારે થાય ત્યારે જે-તે સેલિબ્રિટી સુધી વાત તો પહોંચે જ. ‘ટોરી’ના મેનેજમેન્ટ સુધી પણ પહોંચી અને તેણે એક લાંબુલચક નિવેદન આપી દીધું કે ‘સાર્થકભાઈ, આયોડીન ટેસ્ટથી પનીરમાં સ્ટાર્ચની માત્રા વધુ ઓછી હોય એનો ખ્યાલ આવે છે નહીં કે તે ખરાબ છે કે નકલી છે!’

જે હોય તે પણ સોશિયલ મીડિયા પર સચદેવા સાહેબના પનીર ટેસ્ટિંગના એટલા બધા વીડિયો છે કે દર્શકોને જરૂર થાય કે આટલું બધું પનીર ખાધા પછી પેલા ટેસ્ટરને ઊબકા નહીં આવ્યા હોય?!

કટ એન્ડ ઓકે..



*‘જ્યાં સુધી હું ન કહું ત્યાં સુધી કશું સાચું માનશો નહીં.’ આમિર ખાનના ભત્રીજા ઇમરાન ખાનની કમબેક મૂવીમાં પોતે હીરોઈન છે એવી અટકળોનો જવાબ આપતી ભૂમિ પેડણેકર.*

ફિલ્મનામા
નરેશ શાહ

# પત્નીએ લખેલી બાયોગ્રાફીથી ઓમ પુરી અપસેટ હતા?

## બીજી પત્નીએ લખેલી ઓમ પુરીની આત્મકથા પર નવી સર્ચલાઈટ ફેંકે છે ઓમ પુરીનાં પ્રથમ પત્નીની આત્મકથા !



નંદિતા પુરી – ઓમ પુરી – સીમા કપૂર

૨૦૧૭માં ૬૬ વરસની ઉંમરે ગુજરી ગયેલા ઉમદા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત અભિનેતા ઓમ પુરી ૨૦૨૫માં ફરી ચર્ચામાં આવ્યા છે.

યોગાનુયોગ એ છે કે આ વખતે પણ ઓમપુરી એમના એક સમયના પત્ની સીમા કપૂરને કારણે સ્મૃતિમાં ફરી જાગૃત થયા છે. આમ જુઓ તો ઓમ પુરી જેવા સમર્થ અભિનેતા એમની ફિલ્મો કે અભિનયના કારણે જ લાઈમલાઈટમાં રહેવા જોઈએ, પણ ઓમ પુરીની એ કમનસીબી રહી છે કે જિંદગીના છેલ્લા બે દશકા દરમિયાન એ બે પત્નીઓના કારણે જ વધુ ચર્ચામાં રહ્યા હતા.

પહેલી વખતની ચર્ચામાં એમનાં બીજા પત્ની અને પત્રકાર નંદિતા પુરી (ચૌધરી) એ લખેલી ઓમ પુરીની બાયોગ્રાફી 'અનલાઈકલી હીરો' નિમિત બની હતી.

૨૦૦૯માં પત્રકાર-પત્ની નંદિતા ચૌધરીએ લખેલી અને પ્રસિદ્ધ થયેલી બાયોગ્રાફીના એક ચેપ્ટરના અઢાર પાનાંએ રીતસરની ચર્ચા જગાવી હતી, કારણ કે તેમાં નંદિતાએ પતિ ઓમ પુરીના અન્ય સ્ત્રીઓ સાથેના દૈહિક સંબંધની અને પ્રેમ પ્રસંગોની વાત નામ દઈને લખી હતી. એટમ બોમ્બ ફૂટવો સ્વાભાવિક હતો. નંદિતા પુરીએ લખેલી બાયોગ્રાફી (ખાસ તો મહિલાઓ પરનું એ ચેપ્ટર) વાંચો તો છાપ એવી જ પડે કે ઓમ પુરી 'નાડી છુટ્ટા' એક્ટર હતા. મજા તો એ હતી કે ખુદ ઓમ પુરી પોતાની એ બાયોગ્રાફીને પ્રમોટ કરતાં પ્રસંગોમાં (પત્ની નંદિતા સાથે) હાજર રહેતા હતા. આ કારણે ઈમેજ એવી ઊભી થઈ હતી કે ઓમ પુરી પણ પત્ની લિખિત પોતાની બાયોગ્રાફીની વિગતોથી સહમત હતા, પરંતુ ફેબ્રુઆરી, ૨૦૨૫માં ઓમ પુરીનાં પ્રથમ પત્ની અને અભિનેતા અનુ કપૂરના બહેન સીમા કપુરે પોતાની લખેલી આત્મકથામાંથી તમે પસાર થાવ છો ત્યારે એક બીજું સત્ય ઉઘડીને આપણી સમક્ષ આવે છે.







સીમા કપૂરે આલેખેલાં સત્યની વાત કરતાં પહેલાં 'દો ફૂલ, એક માલી' જેવી સિચ્યુએશન ધરાવતાં સીમા કપૂર-ઓમ પુરી-નંદિતા પુરી (ચૌધરી)નું બેકગ્રાઉન્ડ જાણવું જરૂરી છે. ઓમ પુરી ' નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા.' અને 'પુના ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ'માં અભ્યાસ પૂરો કર્યા પછી મુંબઈ હતા ત્યારે સીમા કપૂર એમને પહેલી વખત મળ્યાં હતાં . લગભગ અગિયાર વરસના સંપર્ક અને સંબંધ (સીમા કપૂરે ઓમ પુરી સાથે શરીરસંબંધ લગ્ન પહેલાં જ બંધાયાનું આત્મકથામાં લખ્યું છે!) પછી બંને ૧૯૯૧માં પરણી ગયા. ઓમ પુરી ત્યારે એકતાલીસ વરસના હતા , પણ...

દશકા જૂની ઓળખાણ-આત્મીયતા પછી સીમા કપૂર - ઓમ પુરીના થયેલાં લગ્ન બે વરસ પણ માંડ ટક્યા. 'સીટી ઓફ જોય'ના શૂટિંગમાં ગયેલા ઓમ પુરી ઈન્ટરવ્યુ લેવા આવનારા પત્રકાર નંદિતા ચૌધરીના પ્રેમમાં પડી ગયા. ૧૯૯૩માં એમણે સીમા કપૂરને ડિવોર્સ આપ્યા પછી એમણે નંદિતા ચૌધરી સાથે લગ્ન કરી લીધા અને 'ઈશાન' નામના પુત્રના પિતા પણ બની ગયા.

એ પછી આવ્યો યુ ટર્ન.નંદિતા સાથેના દામ્પત્યજીવનમાં સાત આઠ વરસમાં જ ઓટ આવી ગઈ અને પુરી સાહેબ (સીમા કપૂર આજ સંબોધન કરે છે ઓમ પુરી માટે) ફરી સીમા કપૂર પાસે આવવા માંડ્યા. એ પછી તો સીમા - ઓમ - નંદિતાના જીવનમાં પોલીસ કેસ, કોર્ટ કેસ, માનહાનિ કેસ, જાહેર લડાઈ જેવું ઘણું બધું , પરંતુ પુત્ર ઈશાનને મળવવાના મોહમાં ઓમ પુરી હડધૂત થઈને પણ નંદિતા પુરીના ઘેર જતાં, જે ઘર ખરેખર તો ઓમ પુરીએ જ ખરીદેલું. અલગ રહેવા માટે એમણે એક અન્ય ફલેટ ખરીદીને ત્યાં રહેવાનું શરૂ કરી દીધું હતું, જ્યાંથી એક સવારે રસોડામાં ફર્શ પર પડેલો એમનો નિર્વસ્ત્ર દેહ મળ્યો હતો!

૨૦૦૯માં જ નંદિતા ડિવોર્સ માટે તૈયાર થઈ ગયા હતાં અને એ વરસે નંદિતાએ ઓમ પુરીની લખેલી બાયોગ્રાફી 'અનલાઈકલી હીરો' પબ્લિશ થઈ હતી.

બીજી તરફ, સીમા કપૂર પોતાની બાયોગ્રાફી 'યુ ગુજરી હૈ અબ તલક'માં લખે છે કે, 'અનલાઈકલી હીરો' બાયોગ્રાફીથી ઓમ પુરી ખુશ નહોતા., છતાં એમણે વિરોધ ગળી જવો પડેલો, કારણ કે વિરોધ કરે તો નંદિતા એમને પુત્ર ઈશાનને મળવા નહીં દે એવી ભીતિ ઓમ પુરીને હતી.

વધુ ચમકાવનારી વાત તો સીમા કપૂરે એ લખી છે કે (ઓમ) પુરી સાહેબે પોતાની બાયોગ્રાફી લખવાનું કામ પોતાની મિત્ર અપરાજિતા કૃષ્ણને આપી દીધું હતું. અપરાજિતાએ તેનું હોમ વર્ક પણ શરૂ કરી દીધું હતું અને દિલ્હી, પૂના, ચંદીગઢ, પંજાબ જઈને પુરીસાહેબના મિત્રો, પરિચિતોના ઈન્ટરવ્યૂ કરી લીધા હતા. ઓમ પુરીની ખુદની વાતો એ રેકર્ડ પણ કરતી જતી હતી, પણ નંદિતાને આ વાતનો ખ્યાલ આવ્યો એટલે તેણે 'હઠ' લીધી કે ઓમ પુરીની બાયોગ્રાફી એ જ લખશે. લડાઈ-ઝઘડાથી કાયમ થાકી-હારી જતાં ઓમ પુરીએ 'કજિયાનું મોં કાળું' કરીને નંદિતાને 'અનલાઈકલી હીરો' લખવા દીધી. બાયોગ્રાફી પ્રસિદ્ધ થઈ ત્યારે ઓમ પુરીએ એવું નિવેદન પણ આપેલું કે મેં મારી આત્મકથાની પાંડુલિપિ (રફ ડ્રાફ્ટ) પણ વાંચી નથી. એ નંદિતાએ લખેલાં મહિલાઓના ચેપ્ટરથી અપસેટ હતા, પરંતુ દર વખતની જેમ નંદિતાને નમતું જોખીને ઓમ પુરીએ પોતાના જ નિવેદનને રદિયો આપી દીધો હતો!

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

'ફૂલ' શબ્દ સાથેના આ ગીત કઈ ફિલ્મના છે ને એને પરદા પર કયા કલાકારે પેશ કર્યું છે ?

૧) ફૂલો સા ચેહરા તેરા કલીયો સી મુસ્કાન હૈ..

૨) ફૂલો કે રંગ સે દિલ કી કલમ સે તુજકો લિખી...

૩) ફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં,ફૂલ નહીં મેરા દિલ હૈ..

૪) ફૂલો કા તારો કા સબકા કેહના હૈ એક હઝારો મેં..

૫) ફૂલ ગુલાબ કા લાખો મેં હઝારો મેં એક ચેહરા...

૬) ફૂલ ફૂલ પે બની તેરી તસ્વીર, ફૂલ ફૂલ પે લિખા..

૭ ) ફૂલ હૈ બહારોકા,બાગ હૈ નજારો કા ઔર ચાંદ હોતા

## ક્વિઝ (બ)

અહીં દર્શાવેલી કલ્યુ સંકેત પરથી કહી શકો કે એ કઈ સાયન્સ ફિકશન ફિલ્મ છે અને એનો હીરો કોણ છે?

૧) પરગ્રહ પ્રાણી

૨) હાથની ઘડિયાળ

૩) ટાઈમ મશીન

૪) સ્ત્રી રોબોટ

૫) વીડિઓ ગેમ

૬) મોબાઈલ ફોન

૭ ) ઉડતો સુપર હીરો

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# બોક્સ ઓફિસ માટે થિયેટર્સ ને ઓટીટી વચ્ચે બોક્સિંગ!

## શું થિયેટર્સ ફરી પાછાં ક્યારેય ઊભાં નહીં થઈ શકે?

એક સમય હતો જ્યારે લોકો માટે નવી ફિલ્મ જોવી એટલે માત્ર થિયેટરમાં જ જોવી એવું હતું. ટિકિટ લઈ, મિત્રો કે ફેમિલી સાથે જઈને, પોપકોર્ન લઈને ફિલ્મ જોવાની, પણ હવે જમાનો બહુ ઝડપથી બદલાઈ ગયો છે. હવે એટલું પૂરતું નથી કે ફિલ્મમાં એ-લિસ્ટ હીરો હોય અને એક્શન અને સોન્ગ્સના દમ પર ફિલ્મ ચાલી જાય. હવેનો દર્શક ચતુર છે, એની પાસે પૂરતા વિકલ્પો છે. એમાં સૌથી મોટો વિકલ્પ છે ઓટીટી પ્લેટફોર્મ્સ.

હમણાંના જ કેટલાક કિસ્સા જોઈએ જેમ કે, 'બડે મિયાં છોટે મિયાં', 'મૈદાન', 'સિકંદર', વગેરે. આ ફિલ્મ્સ મોટા સ્ટાર્સ અને તગડા બજેટ સાથે આવી હતી, પરંતુ થિયેટરમાં લોકો પહોંચ્યા નહીં. એ સાથે સામે આવેલા ચોંકાવનારા આંકડા કહે છે કે 'બડે મિયાં છોટે મિયાં'ને ૧૮૦ કરોડ જેટલું નુકસાન થયું છે અને 'મૈદાન'ને તો ૮૦ કરોડથી વધુની ખોટ સહેવી પડી છે. અમુક ફિલ્મ્સ જ્યાં આસાનીથી ૩૦૦-૪૦૦ કરોડ પહોંચી રહી છે ત્યાં સલમાન ખાનનો સ્ટાર પાવર પણ 'સિકંદર'ને માંડ માંડ ૧૦૦ કરોડ સુધી પહોંચાડી શકી.



હવે વિચારો, આજે કોઈ નિર્માતા ૩૦૦-૪૦૦ કરોડના રોકાણ સાથે ફિલ્મ બનાવે અને જો દર્શકો તેને થિયેટર સુધી જોવા ન જાય તો પછી એવું મોટું રોકાણ કરવાની હિંમત કોણ કરે?




તાજેતરમાં જ ઓટીટી પ્લેટફોર્મ 'નેટફ્લિક્સ' ના સીઈઓ ટેડ સેરેન્ડોસે એક ધારદાર કમેન્ટ કરી છે. એ કહે છે કે 'કોવિડની મહામારી પછી સ્પોર્ટ્સ, કોન્સર્ટ્સ, બ્રોડવે, વિવિધ ઈવેન્ટ્સનો માહોલ ફરી લગભગ પહેલાં જેવો થઈ ગયો છે, પરંતુ થિયેટર્સની સ્થિતિ હજુ પાછી જેવી હતી તેવી થઈ નથી. અને એવી સ્થિતિ ફરી આવશે પણ નહીં. મૂવી થિયેટર્સ આર નોસ્ટેલ્જીયા, નોટ ધ ફ્યુચર ઓફ એન્ટરટેઇન્મેન્ટ.

આજના સમયમાં ટેડ સેરેન્ડોસની વાત સાચી હોય તેવું લાગી રહ્યું છે. નવા દાયકાનો દર્શક જુદો છે. એ પોતાની પસંદ મુજબ એન્ટરટેઇન્મેન્ટ ઈચ્છે છે અને એ પસંદનો પર્યાય વધુ ને વધુ થિયેટર નહીં, પણ ઓટીટી બનતો જાય છે. કોવિડ પછી થિયેટર બોક્સ ઓફિસ કલેક્શનમાં વૈશ્વિક સ્તરે ૪૦-૫૦% ઘટાડો થયો છે. એ સ્થિતિ બહેતર થવાના બદલે ચાલુ વર્ષે તેનાથી વધુ ૮% ઘટાડો જોવા મળ્યો છે. મતલબ કે દર્શકો થિયેટર સુધી આવવાનું ઓછું કરી રહ્યા છે એ નક્કર તારણ છે.

અત્યારે ઓટીટીએ પોતાનું સામ્રાજ્ય ઊભું કરી લીધું છે. પહેલા લોકો માત્ર સિરિયલ કે ડોક્યુમેન્ટરી ઓટીટી પર જોતા. હવે એવી ફિલ્મ્સ જે થિયેટરમાં ન ચાલે, એ ઓટીટી પર ખૂબ ચાલે છે. આજના યુવાનો માટે, ખાસ કરીને મેટ્રો સિટીમાં રહેતા લોકો માટે, ઓટીટી એ ડિફોલ્ટ મનોરંજન માધ્યમ છે. રાત્રે બેડમાં પડ્યા પડ્યા મોબાઈલમાં કંઈ જોવું હોય તો તરત નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ વીડિયો કે યુટ્યૂબ ખોલાય છે. ઓફિસ પછી ડિનર કરીને પરિવાર સાથે સમય વિતાવવો હોય તો પણ એ જ. કોઈ થિયેટર સુધી જવાની જરૂર નહીં, કોઈ પાર્કિંગની તકલીફ નહીં, કોઈ ટિકિટનું ટેંશન નહીં. અને હવે તો મોટા સ્ટાર્સ પણ ઓટીટી માટે ફિલ્મ્સ બનાવે છે એટલે લોકો પાસે કોઈ કારણ રહેતું નથી થિયેટર સુધી જવાનું.

જોકે, એનો મતલબ એ પણ નથી કે થિયેટર સાવ ખતમ થઈ ગયા છે કે બહુ જલ્દી ઇતિહાસ બની જશે. થિયેટર આજે પણ જીવંત છે, પરંતુ એક વાત સ્પષ્ટ છે કે હવે તે દરેક ફિલ્મ માટેનું માધ્યમ નથી રહ્યું. હવે થિયેટર એ ખાસ અનુભવ માટેનું પ્લેટફોર્મ બની ગયું છે. જેમ 'એવેન્જર્સ' હોય કે 'બ્રહ્માસ્ત્ર' હોય કે 'ડ્યુન' હોય કે પછી એવી જ કોઈ ભવ્ય વિઝ્યુઅલ્સવાળી ફિલ્મ હોય જે થિયેટર માટે જ બનેલી હોય તો દર્શકો જરૂર આકર્ષાય છે, પણ જ્યાં વાત હોય સુંદર વાર્તાની, ઇમોશનલ કનેક્ટની કે પર્સનલ ટચની, ત્યાં ઓટીટી વધારે અસરકારક સાબિત થાય છે થઈ રહ્યા છે. આથી હવે નિર્માતાઓ માટે એક જ રસ્તો છે, કોન્ટેન્ટ મુજબ આયોજનનો. એક જ નક્કી મોડેલ બધાં માટે કદાચ કારગત નહીં નીવડે. દરેક ફિલ્મનું ભવિષ્ય એના કન્સેપ્ટ અને કેટેગરી પર આધાર રાખે છે. મોટા પડદા માટે એવી ફિલ્મ્સ બનાવવી જોઈએ કે જે દર્શકને ખેંચે, માત્ર સ્ટાર પાવરથી નહીં, પણ અનુભવથી અને નાની-મધ્યમ ફિલ્મ્સ, જે સરળ પણ અસરકારક વાર્તાઓ કહે, એ ઓટીટી માટે. ત્યાં એને એની યોગ્ય ઓડિયન્સ પણ મળે અને પ્રોફિટ પણ.

આ બદલાવથી થિયેટરના માલિકો માટે પણ સંકેત છે. હવે માત્ર પોપકોર્ન અને કોલ્ડ્રિંક્સથી ચાલવાનું નથી. હવે એમણે એમ વિચારવું પડશે કે કઈ રીતે એમની સ્પેસનો ઉપયોગ થાય. એક ઇવેન્ટ સ્ટાઇલ એક્સપિરિયન્સ સેન્ટરમાં થિયેટર્સનો ફેરફાર થવો સમયની માગ છે. ભવિષ્ય તરફ જોઈને ઘણાં થિયેટર્સ ક્રિકેટ મેચીસ લાઈવ બતાવીને પણ પોતાને રિબ્રાન્ડ કરી રહ્યા છે (આવા અનેક મજેદાર ઉપાય અલાયદા લેખનો વિષય છે). એટલે ફિલ્મ્સ હવે કઈ જોવી એટલું મહત્વનું નથી, પણ એ ફિલ્મ કેવી રીતે અને ક્યાં જોઈશું એ સવાલ વધારે વજનદાર થઈ ગયો છે. જો ફિલ્મમેકર્સ સમયની નજાકત સમજી શકે તો એમની ક્રિએટિવિટી પણ જીતી જશે અને બિઝનેસ પણ. જો નહીં સમજે તો પછી દર્શક પાસે વિકલ્પો તો છે જ!

**લાસ્ટ શોટ**

*'તમારો દર્શક તમને શું કહેવાની કોશિશ કરે છે એ સમજવું રહ્યું.'*
*- ટેડ સેરેન્ડોસ ('નેટફ્લિક્સ')*

ફોકસ
ડી. જે. નંદન

# શું બોલિવૂડમાં બોલાતી આજની હિંદી ભાષા અગાઉ કરતાં વધુ સારી છે?

જો કોઈપણ ભૂમિકા વિના જ તમને સવાલ કરવામાં આવે કે શું બોલિવૂડ ફિલ્મોમાં બોલાતી આજની હિંદી ભાષા અગાઉ પચાસ, સાંઈઠ, સિત્તેર અને એંસીના દાયકામાં બોલાતી હિંદી કરતાં વધુ સારી છે? નિશ્ચિતપણે જ આ સવાલનો કોઈ એક કે સો ટકા સાચો જવાબ નહીં મળે. આમ છતાં તટસ્થ રહીને અને ઈમાનદારીપૂર્વક કહીએ તો નિ:શંકપણે આજની ફિલ્મોની હિંદી ભાષા અગાઉ કરતાં વધુ સારી ન હોય તો પણ પહેલાં કરતાં અલગ અને અસરદાર તો છે જ. આજની હિંદી વધુ લવચિક, સંવાદધર્મી અને વૈશ્વિક શહેરી અનુભવ સાથે સંકળાયેલી છે. આજકાલની ફિલ્મોમાં હિંદી ભાષા ખાસ કે પ્રસિદ્ધ ઉચ્ચારણ કે લહેજામાં નથી બોલાતી, પરંતુ તમે અને હું બોલીએ છીએ એ રીતે બોલાય છે. એટલું જ નહીં આજની પેઢીના અભિનેતાઓ અને અભિનેત્રીઓ હિંદી વધુ આત્મવિશ્વાસ સાથે બોલે છે. ઉદાહરણ તરીકે વિક્કી કૌશલ (ફિલ્મ-સરદાર ઉધમ)ને જુઓ એ પૂરા આત્મવિશ્વાસ અને ઊંડાણપૂર્વક હિંદી બોલે છે. સંવાદોમાં ન કોઈ બનાવટ કે ખચકાટ જેમ કે 'જો લહૂ ન ખૌલા, વો લહૂ નહીં'. આ ઉચ્ચારણમાં હિંદીની શુદ્ધતા ભલે ગાયબ હોય, પરંતુ તેમાં હિંદી માટે ગર્વ અને સહજતા બંને દેખાય છે. ગત સદીના સિત્તેર અને એંસીના દાયકામાં અમિતાભ બચ્ચનની હિંદી ખૂબ સમૃદ્ધ, પરંતુ નાટકીય હતી. સાથે સાથે તેમાં હંમેશાં સંવાદ બોલવાની છટામાં નાટકીય અસર જોવા મળતી હતી. જ્યારે આજની હિંદીમાં એક સહજ પ્રવાહ છે, પરંતુ હિંદીના આ પ્રવાહને 'રિધમ' કહેવું એ પણ દુ:સાહસ હશે કેમ કે રિધમમાં વધુ ક્લાસિકી અને સંગીતાત્મકતાની માગ હોય છે. આજકાલની હિંદી ફિલ્મોમાં બોલાતી હિંદી આવી પણ નથી.

આપણા જમાનાની મહાન અભિનેત્રી અને ભાષા પર જબરજસ્ત કાબૂ ધરાવતી સ્મિતા પાટીલ (ફિલ્મ-ભૂમિકા) પણ ખૂબ જ સારી હિંદી બોલતી હતી, પરંતુ તેની હિંદી વધુ ગુંજતી અને ઠહેરાવથી ભરેલી રહેતી હતી. સ્મિતા પાટીલનાં ઉચ્ચારણ નાટકીય અને લય એકદમ કવિતા જેવાં લાગતાં હતાં. એક તરફ આજે જોવા જેવી એક વાત છે કે આજના મોટાભાગના અભિનેતા કે અભિનેત્રીઓનાં ઉચ્ચારણ અને લહેજો પ્રાદેશિકતાથી મુક્ત છે. ઉદાહરણ તરીકે જાહ્નવી કપૂર (ફિલ્મ-ગુડલક જેરી) પંજાબી પૃષ્ઠભૂમિ ધરાવતી ભૂમિકા ભજવી છતાં તેનાં ઉચ્ચારણ એકદમ તટસ્થ શહેરી હિંદીમાં રહ્યા હતા. ન પંજાબી ઝલક, ન દક્ષિણ ભારતીય પ્રભાવ. એનાથી વિપરીત અભિનેતા રાજકુમાર (ફિલ્મ-પાકિઝા, વક્ત)ના ઉચ્ચારણમાં એક વજનદાર ઉર્દૂ શૈલીની અસર જોવા મળતી હતી જે તેમનાં વ્યક્તિત્વની છબીનો હિસ્સો બની ગયો હતો. આજની હિંદી વધુ સહજ અને શહેરી છે. અમુક લોકો આને નેટફ્લિક્સ હિંદી પણ કહે છે. સિદ્ધાંત ચતુર્વેદી (ફિલ્મ-ગલી બૉય)ની હિંદી જુઓ. તેણે હિંદી, ઉર્દૂ અને ગલીની સ્લેન્ગ ભાષાનું મિશ્રણ કરીને ખૂબ જ સરળ રીતે રજૂઆત કરી હતી. સંવાદોમાં ખચકાટ કે બનાવટીપણું જોવા નહોતું મળ્યું.

પોતાના જમાનામાં રાજેશ ખન્ના અને શત્રુઘ્ન સિંહા જેવા અભિનેતાઓ હંમેશાં પોતાના મૂળ પ્રદેશના લહેજાને છોડ્યા વિના હિંદી બોલતા હતા જેને એ સમયે સ્વાભાવિક લેખવામાં આવતું હતું. એકંદરે આજની પેઢીની હિંદી વધુ સહજ, લવચિક અને વાસ્તવિક જિંદગીથી જોડાયેલી લાગે છે. વિક્કી કૌશલ, રાજકુમાર રાવ, તાપસી પન્નુ, ભૂમિ પેડણેકર આ તમામ સંવાદોમાં હિંદીને આત્મસાત કરીને સંવાદ બોલે છે. એ લોકો હિંદી પરફોર્મ નથી કરતાં, હિંદી જીવે છે.

ગત સદીના સિત્તેર અને એંસીના દાયકામાં અભિનેતાઓ હિંદીને એક ખાસ છંદ, ઠહરાવ અને દબાવ સાથે બોલતા હતા. એ એક શાસ્ત્રીય લહેજો હતો જેમ કે દીલિપકુમાર, અમિતાભ બચ્ચન, શબાના આઝમી, સ્મિતા પાટીલ, નસીરુદ્દીન શાહ વગેરેના ઉચ્ચારણમાં હતું. જ્યારે આજની હિંદી વધુ પ્રાકૃતિક, ધારદાર અને હળવી લયમાં આવે છે, પરંતુ તેમાં ઊંડાણ અને દબાણ કાયમ ઓછું હોય છે. આ રિધમનું સ્થાનાંતરણ છે. એક શાસ્ત્રીય-નાટકીય છંદથી સહજ, સરળ પ્રવાહ તરફ.

# આજે રાતથી એલ્ફિન્સ્ટન બ્રિજ બંધ

મુંબઈ: એલ્ફિન્સ્ટન બ્રિજ ક્યારે બંધ થશે એ ચર્ચાઓ વચ્ચે પચીસમી એપ્રિલના રાત્રે નવ વાગ્યે (આજથી) બ્રિજ વાહનવ્યવહાર માટે ફાઇનલી બંધ થઇ જશે. પરેલ પૂર્વ અને પ્રભાદેવી પશ્ચિમને જોડનારા ૧૦૦ વર્ષ જૂના એલ્ફિન્સ્ટન બ્રિજને શુક્રવાર રાત્રથી બંધ કરી દેવા માટે મુંબઈ ટ્રાફિક પોલીસે સર્ક્યુલર બહાર પાડ્યું છે. ટ્રાફિક માટે વૈકલ્પિક માર્ગો પણ જાહેર કરવામાં આવ્યા છે.

છેલ્લા કેટલાક દિવસથી એલ્ફિન્સ્ટન બ્રિજ બંધ થવાની ચર્ચા ચાલી રહી હતી, પરંતુ આ બ્રિજ બંધ કરવાથી નાગરિકો, વિદ્યાર્થીઓ, દર્દીઓ તથા નોકરીયાતોને મોટી મુશ્કેલી પડી શકે છે તેથી પહેલા પર્યાયી માર્ગો ઉપલબ્ધ કરાવો ત્યાર પછી જ બ્રિજ બંધ કરો એવી માગણી નાગરિકો અને શિવસેના તરફથી કરાઇ રહી હતી.

ટ્રાફિક પોલીસે પણ નાગરિકોની માગણીને ધ્યાનમાં રાખીને આઠમી એપ્રિલે સર્ક્યુલર બહાર પાડીને તેમની પાસેથી જ ૧૩મી એપ્રિલ સુધી સલાહ-સૂચનો મગાવ્યા હતા. આ સલાહ-સૂચનો પર વિચાર કરીને ટ્રાફિક વિભાગ દ્વારા એલ્ફિન્સ્ટન બ્રિજ શુક્રવારે રાત્રે નવ વાગ્યાથી બંધ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## વૈકલ્પિક માર્ગો

### પૂર્વથી પશ્ચિમ તરફ જવા માટે

- દાદર પૂર્વ તરફથી પશ્ચિમ તરફ તથા દાદર માર્કેટ તરફ જવા માટે વાહનોએ ટિળક બ્રિજનો ઉપયોગ કરવો.
- પરેલ પૂર્વ તરફથી પ્રભાદેવી તથા લોઅર પરેલ તરફ જનારા વાહનચાલકોએ કરી રોડ બ્રિજનો ઉપયોગ કરવો. (સવારે સાત વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી)
- પરેલ, ભાયખલા પૂર્વ તરફથી પ્રભાદેવી, વરલી, કોસ્ટલ રોડ તથા સી-લિંકના દિશે જનારા વાહનોએ ચિંચપોકલી બ્રિજનો ઉપયોગ કરવો.

### પશ્ચિમ તરફથી પૂર્વ તરફ જવા માટે

- દાદર પશ્ચિમથી પૂર્વ તરફ આવનારા વાહનોએ ટિળક બ્રિજનો ઉપયોગ કરવો.
- પ્રભાદેવી તથા લોઅર પરેલ પશ્ચિમ તરફથી પરેલ, ટાટા હોસ્પિટલ તથા કેઇએમ હોસ્પિટલ તરફ જનારા વાહનોએ કરી રોડ બ્રિજનો ઉપયોગ કરવો. (બપોરે ત્રણ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી)
- કોસ્ટલ રોડ તથી સી-લિંકને તથા પ્રભાદેવી, વરલીથી પરેલ, ભાયખલા પૂર્વ તરફ જનારા વાહનનોએ ચિંચપોકલી બ્રિજનો ઉપયોગ કરવો.

### એમ્બ્યુલન્સ માટેની વ્યવસ્થા

પરેલ તથા પ્રભાદેવી વિસ્તારના નાગરિકો માટે આપાતકાલીન પરિસ્થિતિમાં હોસ્પિટલ જવા-આવવા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) તરફથી બે એમ્બ્યુલન્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. એક એમ્બ્યુલન્સ પ્રભાદેવી રેલવે સ્ટેશનના પશ્ચિમ છેડે ફૂટઓવર બ્રિજ પાસે તથા બીજી એમ્બ્યુલન્સ પરેલ રેલવે સ્ટેશનના પૂર્વ છેડે ઉપલબ્ધ હશે. એમ્બ્યુલન્સ સાથે દર્દીઓ માટે વ્હીલચેરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ■

# બેલાસિસ રેલવે ઓવર બ્રિજ 30 નવેમ્બર સુધીમાં ખુલ્લો મુકાશે

## સાયન પુલના સ્થળે અન્ડરપાસ બાંધવાનું કામ ઓક્ટોબરમાં શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં અનેક માળખાગત પ્રોજેક્ટ તેની ડેડલાઈનને પહોંચી વળવામાં નિષ્ફળ ગયા છે ત્યારે મુંબઈ સેન્ટ્રલ અને ગ્રાન્ટ રોડને જોડતા કેબલ સ્ટેડ બેલાસિસ રેલવે ઓવર બ્રિજ (આરઓબી)નું પુનર્નિર્માણનું કામ ઝડપભેર પૂરું થઈને તે આગામી સમયમાં ખુલ્લો મુકાવવાનો છે. આ પ્રોજેક્ટ તેની નક્કી કરેલી ડેડલાઈનના છ મહિના પહેલા જ પૂરો થઈ રહ્યો છે અને હવે ૩૦ નવેમ્બર, ૨૦૦૨૫ સુધીમાં તે વાહનવ્યહાર માટે ખુલ્લો મુકાય એવી શક્યતા છે. એ સાથે જ અન્ય બે પ્રોજેક્ટને પણ ઝડપથી પૂરા કરવાનો લક્ષ્યાંક પાલિકાએ રાખ્યો છે, જેમાં કર્ણાક બંદર પુલ ૧૦ જૂન, ૨૦૨૫ના તો સાયન પુલ ૩૧ મે, ૨૦૨૬ સુધીમાં પૂરો થવાનો છે.

લગભગ ૧૩૦ વર્ષ જૂનો બેલાસિસ પુલ ૧૮૯૩માં બન્યો હતો, જે મુંબઈ સેન્ટ્રલના રેલવે પાટા પર બનેલો છે અને નાગપાડા તથા તારદેવને જોડે છે. ૨૦૧૮માં તેને જોખમી જાહેર કરીને બંધ કરી દેવામાં આવ્યો હતો. તેને કારણે દૈનિક સ્તરે પચીસથી ત્રીસ લોકોને તેનો ફટકો પડયો હતો. આ પુલને તોડી પાડીને તેની જગ્યાએ નવો કેબલ સ્ટેડ પુલ બાંધવામાં આવી રહ્યો છે. તેની માટે પાલિકા તરફથી ૭૦ કરોડ રૂપિયા અને રેલવે તરફથી ૪૦ કરોડનું ભંડોળ વાપરવામાં આવ્યું છે.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે પુલની નવી ડિઝાઈનને કારણે ૨૩ માછીમારોને અસર થઈ હતી, તેમાંથી છનું નજીકના માછલીબજારમાં પુનર્વસન કર્યું હતું. તો બાકીના લોકોના પુનર્વસન માટે યોગ્યતા સાબિત કરવા દસ્તાવેજો સબમિટ કરવા કહ્યું છે. આ રીતે પુલના બાંધકામમાં અવરોધરૂપ રહેલા માળખાને દૂર કરવામાં આવ્યું છે અને બાકીના ૧૨ માળખાને પણ તાત્કાલિક હટાવવામાં આવવાના છે અને અસરગ્રસ્તોનું જલદી પુનર્વસન કરવામાં આવવાનું છે.

લગભગ ૧૧૦ વર્ષથી વધુ જૂનો ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને લાલબહાદુર શાસ્ત્રી રોડ અને ધારાવી રોડને જોડનારો સાયન પુલ જોખમી જાહેર કરવામાં આવ્યો હતો. બ્રિજ ડિપાર્ટમેન્ટના અધિકારીના જણાવ્યા મુજબ રેલવે દ્વારા ફૂટઓવર બ્રિજનું કામ પૂરું થયા પછી જૂન ૨૦૨૫માં તેને પાલિકા હસ્તગત કરશે. પુલના રેલવે ઉપર આવેલા ભાગને તોડી પાડવાનું કામ ત્યારબાદ શરૂ થશે. રેલવે અન્ડરપાસ બાંધવા માટે ઓગસ્ટ ૨૦૨૫ સુધી જમીન સોંપશે ત્યારબાદ પહેલી ઓક્ટોબર, ૨૦૨૫ના ચોમાસા બાદ તેનું કામ ચાલુ કરવામાં આવશે. રેલવે અધિકારીઓ સાથે સંકલન કરીને બે અપ્રોચ રોડ પશ્ચિમ બાજુએ માર્ચ ૨૦૨૬ સુધી અને એક પૂર્વ બાજુએ એપ્રોચ રોડ મે, ૨૦૨૬ સુધીમાં બનાવવામાં આવશે. મે ૨૦૨૬ સુધીમાં પુલનું કામ પૂરું કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. ■

# વ્યાવસાયિક સાથે ચાર કરોડની છેતરપિંડી કરનારો પકડાયો

નાગપુર: લોખંડના ટીએમટી (થર્મો-મેકેનિકલી ટ્રીટેડ) સળિયાઓના વ્યવસાયમાં સારા નફાની લાલચ બતાવી વ્યાવસાયિક સાથે ચાર કરોડ રૂપિયાથી વધુની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે એકની ધરપકડ કરી હતી અને તેના સાથીની શોધ હાથ ધરી હતી.

નાગપુરના કલમના પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે કથિત છેતરપિંડી મેથી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન થઈ હતી. આ પ્રકરણે સૈયદ ફરહાન સૈયદ ફિરોઝે (૩૦) નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર યવતમાળમાં રહેતો વ્યાવસાયિક ફિરોઝ બે આરોપી મુર્તુજા યુસુફ શાકીર (૪૨) અને શિરીન શાકીર (૬૯)ના સંપર્કમાં આવ્યો હતો. બન્ને આરોપીએ પોતાની ઓળખ વેપારી તરીકે આપી હતી અને ટીએમટી સળિયા બજારભાવ કરતાં ઓછી કિંમતે આપવાની ખાતરી આપી ફરિયાદીનો વિશ્વાસ કેળવ્યો હતો.

આરોપીઓએ શરૂઆતમાં ડિસ્કાઉન્ટ રેટમાં મટીરિયલ સપ્લાય કર્યું હતું. બાદમાં લોખંડના સળિયા સપ્લાય કરવા માટે ફરિયાદી પાસેથી આઠ મહિનામાં ૪.૩૧ કરોડ રૂપિયા આરોપીએ લીધા હતા. જોકે સળિયા મોકલવાને બદલે આરોપીઓએ મટીરિયલ મોકલ્યાના બનાવટી ઈન્વોઈસ અને ખોટા લેજર દેખાડ્યા હતા. ખરેખર તો મટીરિયલ સપ્લાય કરાયા જ નહોતા, એમ પોલીસે જણાવ્યું હતું.

પોતે છેતરાયો હોવાનું જણાતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. કલમના પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધી એક આરોપીની ધરપકડ કરી હતી. (પીટીઆઈ) ■

# બીકેસી-વરલી મેટ્રો ટૂંકમાં જ શરૂ થશે

## એકાદ-બે દિવસમાં સૅફટી મંજૂરી મળવાની શક્યતા

મુંબઈ: મુંબઈવાસીઓને આરામદાયક અને ઝડપી મુસાફરી પ્રદાન કરવા માટે જાહેર પરિવહન માળખામાં મોટો વધારો કરવામાં આવી રહ્યો છે. ભૂગર્ભ મુંબઈ મેટ્રો લાઇન થ્રી, જેને એક્વા લાઇન તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો પહેલો તબક્કો ચાલુ થયા બાદ હવે બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) ને વરલીના આચાર્ય અત્રે ચોક સાથે જોડતો બીજો તબક્કો ટૂ-એ ટૂંક સમયમાં કાર્યરત થવા જઈ રહ્યો છે. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અશ્વિની ભીડેએ બુધવારે એક ટેલિવિઝન ઇન્ટરવ્યુ દરમિયાન આ વાતની પુષ્ટિ કરી હતી. ભીડેએ જાહેરાત કરી હતી કે પ્રોજેક્ટ તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે અને મેટ્રો રેલ સેફટી કમિશનર તરફથી મંજૂરીની રાહ જોવાઈ રહી છે, જે આગામી એકાદ-બે દિવસમાં અપેક્ષિત છે. એકવાર પ્રમાણિત થયા પછી, બીજો તબક્કો મુંબઈના વિસ્તરતા મેટ્રો નેટવર્કમાં નવીનતમ ઉમેરો કરશે. તેમણે વધુમાં કહ્યું કે, ૬૨ કિલોમીટર પહેલાથી જ કાર્યરત છે અને મુંબઈનો મેટ્રો ફૂટપ્રિન્ટ ટૂંક સમયમાં મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રમાં ૩૭૪ કિલોમીટર સુધી વિસ્તરશે અને દરરોજ લગભગ એક કરોડ મુસાફરોને લાભ થશે. અટકળો મુજબ પહેલી મેના રોજ મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે અથવા બીજી મેના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુંબઈની અપેક્ષિત મુલાકાત દરમિયાન ઉદ્ઘાટન થઈ શકે છે. ■

# વિદેશમાં રહેતા સંબંધીના સ્વાંગમાં વૃદ્ધા સાથે લાખો રૂપિયાની ઠગાઇ

મુંબઈ: વિદેશમાં રહેતા સંબંધીના સ્વાંગમાં મુંબઈની ૮૧ વર્ષની વૃદ્ધા સાથે લાખો રૂપિયાની ઠગાઇ આચરવામાં આવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

વૃદ્ધા તેની ૬૦ વર્ષની પુત્રવધૂ (જે આ કેસમાં ફરિયાદી છે) અને ૩૯ વર્ષની પૌત્રી સાથે રહે છે, એમ ચુનાભટ્ટી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું. ૪ એપ્રિલે પરિવારના સભ્યોને અમેરિકા સ્થિત સંબંધીના નંબર પરથી મેસેજ આવ્યો હતો, જેને તેણે નવો નંબર હોવાનું માનીને સેવ કર્યો હતો.

આરોપીએ પ્રથમ કોઇ તાકીદનાં કામ માટે એક લાખ રૂપિયાની માગણી કરી હતી, જે એનઇએફટી દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આરોપીએ બાદમાં ફરી બે લાખ રૂપિયા માગતાં વૃદ્ધાએ એ પણ ૧૫ એપ્રિલે ટ્રાન્સફર કર્યા હતા. જોકે આરોપીએ પાંચથી સાત લાખ રૂપિયાની માગણી કરતાં પરિવારજનોને શંકા ગઇ હતી.

તેમણે એ નંબર પર કોઇ જવાબ આપ્યો નહોતો અને બાદમાં અમેરિકામાં રહેતા સંબંધીને તેના જૂના નંબર પર સંપર્ક સાધ્યો હતો ત્યારે સંબંધીએ તેમને કહ્યું હતું કે તેને કોઇ પૈસા મળ્યા નથી. આથી પોતે છેતરાયા હોવાનું તેમના ધ્યાનમાં આવતાં તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઇ) ■

# ઘૂસણખોરી : બે બાંગ્લાદેશી મહિલાને કોર્ટે દોષી ઠેરવી

થાણે: થાણેની એક અદાલતે બાંગ્લાદેશી બે મહિલાઓને ગેરકાયદે રીતે ભારતમાં પ્રવેશ કરવા અને માન્ય દસ્તાવેજો વિના અહીં રહેવા બદલ દોષિત ઠેરવી છે.

પોલીસે ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ના દિવસે ભાયંદર પૂર્વના ઇન્દિરાનગર ઝૂંપડપટ્ટીમાંથી કોહિનૂર બેગમ રોજગુલ ઇસ્લામ સદર (૫૮) અને અનુઆરબેગમ અંસારાલી તોફદર (૬૦)ની ધરપકડ કરી હતી. તપાસ બાદ ફોરેનર્સ એક્ટની વિવિધ જોગવાઈ હેઠળ તેમના પર આરોપ મૂક્યો હતો. બંને મહિલાઓએ કોર્ટને જણાવ્યું હતું કે તેઓ લગભગ ૧૬ મહિનાથી જેલમાં છે.

૧૬ એપ્રિલે આપેલો આદેશ ગુરુવારે ઉપલબ્ધ થયો હતો. આદેશમાં એડિશનલ સેશન્સ જજ એ.એસ.ભાગવતે જણાવ્યું છે કે 'ઉપરોક્ત સંજોગોમાં અને આરોપીઓ વૃદ્ધાવસ્થાના છે અને લગભગ દોઢ વર્ષથી જેલમાં છે તે હકીકત ધ્યાનમાં રાખીને, સજા હળવી કરવી જરૂરી છે. તેમના પર મુકવામાં આવેલા આરોપ અનુસાર તે પાંચ વર્ષની કેદની સજાને પાત્ર છે. આરોપીઓ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ થી જેલમાં છે. એટલે ફોરેનર્સ એક્ટ ૧૯૪૮ સાથે વાંચેલા ફોરેનર્સ ઓર્ડર ૧૯૪૮ હેઠળ તેમને દોષી ઠેરવી તેમને ૧ વર્ષ, ૩ મહિના ૨૭ દિવસની કેદની સજા ફટકારવાનું યોગ્ય રહેશે.' (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્રમાં ચાર અંગ પ્રત્યારોપણ સંકલન કેન્દ્ર બનાવવામાં આવશે

મુંબઈ: મહારાષ્ટ્રમાં ચાર ઝોનલ અંગ પ્રત્યારોપણ સંકલન કેન્દ્રો સ્થાપવામાં આવશે એવી માહિતી રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરે ગુરુવારે કહ્યું હતું.

આ ઉપરાંત માનવી ઓર્ગન રિકવરી સેન્ટર સરકારી હોસ્પિટલમાં સ્થાપવામાં આવશે અને દરેક હોસ્પિટલમાં સંકલનકર્તાની નિયુક્તિ કરવામાં આવશે એમ તેમણે કહ્યું હતું. અંગ પ્રત્યારોપણ સંકલન કેન્દ્રો અમરાવતી, કોલ્હાપુર, નાશિક અને સોલાપુરમાં સ્થાપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. અંગ દાન અને પ્રત્યારોપણ રાજ્યમાં ગતિ પકડી રહ્યું છે. વધુ પારદર્શક અને અસરકારક વ્યવસ્થા તૈયાર કરવાથી વેગ મળશે. અંગ દાન માટે જનજાગૃતિની આવશ્યકતા હોવાથી રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરવામાં આવશે, એમ પણ તેમણે કહ્યું હતું.

રાજ્યના સ્થાપના દિને એટલે કે પહેલી મેના રોજ અંગદાન કરનારાઓ અને તેમના પરિવારજનોનું પાલક પ્રધાનો અને કલેક્ટરોને હસ્તે સન્માન કરવામાં આવશે. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| यकीन | રાત્રિ |
| यतीमखाना | રખડુ |
| यातायात | અનાથાલય |
| यामिनी | વિશ્વાસ |
| यायावर | ટ્રાફિક |

## ઓળખાણ પડી?



અમિતાભ - જયાની ફિલ્મ 'એક નઝર'થી ફિલ્મોમાં આવેલા અભિનેતાની ઓળખાણ પડી? એમના પિતાશ્રીએ પણ અનેક ફિલ્મોમાં કેરેક્ટર એક્ટરની ભૂમિકા કરી હતી.

અ) અરમાન કોહલી બ) કિરણ કુમાર ક) રઝા મુરાદ ડ) પરીક્ષિત સાહની

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કા | ચા | પ | ૨ લ | ટ | ■ | ૩ અ | ૪ ગ | વ | ૫ ડ |
| ટા | ■ | ■ | ઘ | ■ | ૬ અ | કા | લી | ■ | કા |
| ૭ કા | ૮ મ | દા | ર | ■ | ૯ થ | લ | ■ | ૧૦ ઢે | ર |
| ૧૧ ટ | ળી | ■ | ૧૨ વ | રં | ડા | ■ | ૧૩ ગે | લ | ■ |
| ■ | ■ | ૧૪ વા | ઘ | ■ | ૧૫ મ | લ્હા | ર | ■ | ૧૬ વ્હિ |
| ૧૭ ઉ | ચા | ક | ર | ■ | ણ | ■ | ૧૮ વ | હા | લ |
| દ્ | ■ | ડ | ■ | ૧૯ ડ | ■ | ૨૦ શ | ર્ત | ■ | ચે |
| ૨૧ ઘા | ૨૨ લ | વું | ■ | ૨૩ ફે | ૨૩અ ક | ■ | ૨૪ ન | ૨૫ કા | ર |
| ૨૬ ટ | કી | ■ | ૨૭ ક | ર | ડ | ૨૮ તા | ■ | ર | ■ |
| ૨૯ ન | ર | દ | મ | ■ | ૩૦ દો | ર | દ | મા | મ |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | ■ | | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | | | ■ | |
| ૧૨ | | ■ | ૧૩ | | | ■ | ■ | ૧૪ | |
| ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | | ■ |
| ૧૯ | | | ■ | ■ | | ■ | | ૨૦ | ૨૧ |
| | ■ | | ■ | ■ | ૨૨ | | ૨૩ | ■ | |
| ૨૪ | ૨૫ | ■ | ૨૬ | | | ■ | ૨૭ | | |
| ૨૮ | | ૨૯ | | ■ | ૩૦ | | | ■ | |
| | ■ | ૩૧ | | | | ■ | ૩૨ | | |

### આડી ચાવી

૧. સીમા ઓળંગવી તે (૫)
૪. પરસ્પર લેવડદેવડનો સંબંધ (૪)
૭. મિત્ર (૨)
૯. બનાવટી, કૃત્રિમ (૩)
૧૧. ધમાલ કરનાર (૪)
૧૨. દૂધ ઉપર તરે (૨)
૧૩. કર્મ પ્રમાણે પ્રત્યયો લાગે તે (૩)
૧૪. ચોકીદાર, રક્ષક (૨)
૧૫. સરવાળો, એકંદર આંકડો (બ.વ.) (૩)
૧૭. વ્યાયામ (૪)
૧૯. એક વ્યંજન (૩)
૨૦. શરીર, કાયા (૨)
૨૨. મરણ પછી પળાતી આભડછેડ (જો.છૂં.) (૩)
૨૪. અંગ્રેજીમાં 'હા' (૨)
૨૬. મુકાબલા, એક અખબાર (૩)
૨૭. થોડુંક (૩)
૨૮. સરખો આનંદ (૪)
૩૦. વિના (૩)
૩૧. પૂર્તિ, પરિશિષ્ટ (૪)
૩૨. વરદી (૩)

### ઊભી ચાવી

૧. સત્તાવાર, નીમેલું (૪)
૨. અનુક્રમ પ્રમાણે, વંશ પરંપરાગત (૩)
૩. અભિપ્રાય (૨)
૫. પસંદ થયો (૩)
૬. રક્ષા ખાતું સંભાળનાર (૪)
૮. ઈમાનદાર, વિશ્વાસ પાત્ર (૪)
૧૦. અનુવાદ, ભાષાંતર (૪)
૧૧. કર્તવ્ય, ફરજ (૨)
૧૩. ચંદ્રનો સોળમો ભાગ, કસબ (૨)
૧૪. સતત (૩)
૧૬. દાળ-શાકમાં નાખવો પડે (૩)
૧૮. ધ્યાન, નજર, યાદદાસ્ત (૩)
૧૯. યોગ્ય સમયે (૫)
૨૧. જાદુથી પ્રેક્ષકોની આંખને ભુલાવામાં નાખવી તે (૫)
૨૨. કોર્ટમાં કેસની --- થાય (૪)
૨૩. પંખીઓનો અવાજ (૪)
૨૫. જેવું (૨)
૨૬. નદીઓ આને જઈ મળે (૩)
૨૯. નાના બાળકને ---નો અવાજ બહુ ગમે (૨)

## ગુજરાત મોરી મોરી રે

તાજેતરમાં સંગીત ક્ષેત્રનો પ્રતિષ્ઠિત દીનાનાથ મંગેશકર પુરસ્કાર મેળવનારી યુવાન ગાયિકાનું નામ જણાવો. કર્ણાટકી અને વેસ્ટર્ન મ્યુઝિક પણ શીખી છે.

અ) કિંજલ દવે બ) ભૂમિ ત્રિવેદી
ક) ઐશ્વર્યા મઝુમદાર ડ) રિવા રાઠોડ

## જાણવા જેવું

'એક દિલ સૌ અફસાને'માં રાજ કપૂર પર ફિલ્માવાયેલા એક સિવાયના બધા ગીત મુકેશે ગાયાં હતાં. 'તુમ હી તુમ હો' ગીતના રેકોર્ડિંગના દિવસે મુકેશ આવી શકે એમ ન હોવાથી રફી પાસે ડબ કરવામાં આવ્યું. રાજ કપૂરને એ ગીત એટલું પસંદ પડી ગયું કે રફીનું જ ગીત ફિલ્મમાં રાખ્યું. એ ગીત સાંભળ્યા પછી મુકેશે પણ કહ્યું હતું કે રફીએ ગીતને જે ઉમદા ન્યાય આપ્યો છે એ પોતે ન આપી શક્યા હોત.

## સુડોકુ-૮૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | ૯ | | | ૨ | |
| ૬ | ૨ | | | | ૧ | | | |
| | | | ૬ | ૮ | | ૧ | | |
| ૮ | | ૬ | | | | | | |
| ૧ | | | | | | | | ૭ |
| | | | | | | ૬ | | ૯ |
| | | ૭ | | ૫ | ૯ | | | |
| | | | ૮ | | | | ૩ | ૨ |
| | ૮ | | | ૭ | | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૮૦૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૯ | ૨ | ૩ | ૮ | ૬ | ૪ | ૫ |
| ૬ | ૩ | ૫ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૨ |
| ૮ | ૪ | ૨ | ૫ | ૭ | ૬ | ૧ | ૩ | ૯ |
| ૨ | ૮ | ૬ | ૧ | ૫ | ૩ | ૪ | ૯ | ૭ |
| ૪ | ૫ | ૩ | ૮ | ૯ | ૭ | ૨ | ૬ | ૧ |
| ૯ | ૭ | ૧ | ૬ | ૨ | ૪ | ૮ | ૫ | ૩ |
| ૫ | ૬ | ૭ | ૩ | ૪ | ૨ | ૯ | ૧ | ૮ |
| ૧ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૩ | ૨ | ૪ |
| ૩ | ૨ | ૪ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૬ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'દીવાના' ફિલ્મથી અભિનય પ્રવાસ શરૂ કરનારા શાહરુખ ખાને કેટલીક ફિલ્મોમાં ડબલ રોલ કર્યો છે. વિકલ્પમાંથી એ ફિલ્મ શોધી શકશો?

અ) વીર ઝારા બ) દિલવાલે ક) અંજામ ડ) પહેલી

## નોંધી રાખો

ગુણ હંમેશાં જ માનવીની પ્રગતિમાં નિમિત્ત બને છે જ્યારે અવગુણ હોડીમાં થયેલા છિદ્ર જેવા છે જે એક દિવસ આખી હોડીને જ ડુબાડી દે છે.

## માઈન્ડ ગેમ

અમિતાભ બચ્ચનના નેગેટિવ રોલવાળી ફિલ્મમાં હિરોઈનનો રોલ કરનારી અભિનેત્રી કોણ? બોલિવૂડના બે મોટા સ્ટાર સાથે લગ્ન થયાં હતાં.

અ) રંજીતા બ) યોગિતા બાલી
ક) સારિકા ડ) ઝરીના વહાબ

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बेझिझक | નિઃસંકોચ |
| बेगुनाह | નિર્દોષ |
| बेखुदी | બેહોશી |
| बेहया | નિર્લજ્જ |
| बेइंतिहा | અપાર |

ગુજરાત મોરી મોરી રે: મોહમ્મદ રફી

ઓળખાણ પડી?: નીતુ સિંહ

માઈન્ડ ગેમ: મુસાફિર

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: ફેશન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ગીતા ઉદેશી (૧૦) પ્રતિમા પમાણી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) હર્ષા મહેતા (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) લજિતા ખોના (૧૭) પુષ્પા પટેલ (૧૮) નિખિલ બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ દોશી (૨૨) કિશોર બી. સંઘરાજકા (૨૩) મીનળ કાપડિયા (૨૪) નુતન વિપીન શાહ (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) ભાવના કર્વે (૨૯) નિતિન બજરિયા (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અલકા વાણી (૩૨) અરવિંદ કામદાર (૩૩) જગદીશ ઠક્કર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) વિજય આસર (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિણા સંપટ (૩૮) દેવેન્દ્ર સંપટ (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેશ સંઘવી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) અનાડી- વેંકટેશ ૨) પ્રેમ પૂજારી - દેવ આનંદ ૩) સરસ્વતી ચંદ્ર - નૂતન ૪) હરે રામ હરે ક્રિષ્ના- દેવ આનંદ ૫) બીવી હો તો ઐસી- ફારુખ શેખ ૬) ફૂલ- કુમાર ગૌરવ ૭) જીગરી દોસ્ત જીતેન્દ્ર

ક્વિઝ (બ) ૧) કોઈ મિલ ગયા - હૃતિક રોશન ૨) મિસ્ટર ઇન્ડિયા - અનિલ કપૂર ૩) એક્શન રિ-પ્લે - અક્ષય કુમાર ૪) તેરી બાતોં મેં ઐસા ઉલજા - શાહીદ કપૂર ૫) રા વન - શાહરુખ ખાન ૬) 3G એ કિલર કેનેશન - નીલ નીતિન મુકેશ ૭) ફ્લાઇંગ જાટ - ટાઇગર શ્રોફ




# આઈપીએલમાં સૌથી ઊંચા સ્થાને પહોંચવાની આશા





ગઈ કાલે આરસીબીના ૨૦૦-પ્લસના સ્કોરમાં કોહલી (૭૦) તથા પડિક્કલ (૫૦) ઉપરાંત સૉલ્ટ (૨૬), ડેવિડ (૨૩)ના મુખ્ય યોગદાન હતા. (બીસીસીઆઈ)

# આરસીબીએ પહેલી વાર બેંગલૂરુમાં 'જોશ' બતાવ્યો

### ▸જોશ હેઝલવૂડની ચાર વિકેટ, બેંગલૂરુમાં પાટીદાર ઈલેવનની પ્રથમ જીત

બેંગલૂરુઃ આઇપીએલ આ સીઝનમાં આઠમાંથી હોમટાઉન બેંગલૂરુમાં ત્રણેય મૅચ હારનાર રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ની ટીમે આ વખતે અહીં ગઈ કાલે પ્રથમ જીત મેળવી હતી. રાજસ્થાન રૉયલ્સ (આરઆર)નો રથ ૨૦૬ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં ૧૯૪/૯ના સ્કોર પર અટકી જતાં આરસીબીનો ૧૧ રનથી વિજય થયો હતો.

યશસ્વી જયસ્વાલ (૪૯ રન, ૧૯ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર) હાફ સેન્ચુરી ચૂકી ગયો હતો, જ્યારે સાથી ઓપનર અને ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ ૧૬ રનની ટૂંકી ઇનિંગ્સમાં ભુવીના બૉલમાં ક્લીન બોલ્ડ થતાં પહેલાં બે સિક્સર ફટકારીને પોતાની તાકાતનો ફરી પરચો કરાવ્યો હતો. ધ્રુવ જુરેલ (૪૭ રન, ૩૪ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) લડાયક ઇનિંગ્સ રમ્યો હતો. ૧૯મી ઓવરમાં આરસીબીનો હેઝલવૂડ હૅટ-ટ્રિક ચૂકી ગયો હતો. જોકે તેણે ચાર ઓવરમાં ચાર વિકેટનો તરખાટ મચાવ્યો હતો. બે વિકેટ કૃણાલ પંડ્યાને મળી હતી.

એ પહેલાં, આરસીબીએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૫ રન કર્યા હતા. કોહલી (૭૦ રન, ૪૨ બૉલ, બે સિક્સર, આઠ ફોર)એ સૉલ્ટ (૨૬ રન, ૨૩ બૉલ, ચાર ફોર) સાથે ૬૧ રનની અને પછી બે જીવતદાન મેળવનાર દેવદત્ત પડિક્કલ (૫૦ રન, ૨૭ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) સાથે બીજી વિકેટ માટે ૯૫ રનની પાર્ટનરશિપ કરી હતી. કોહલીની સીઝનમાં આ બેંગલૂરુના હોમ-ગ્રાઉન્ડમાં પ્રથમ હાફ સેન્ચુરી હતી. તેના સ્કોર્સઃ ૫૯ અણનમ, ૩૧, ૭, ૬૭, ૨૨, ૬૨ અણનમ, ૧, ૭૩ અણનમ અને ૭૦. ■

# ફૂટબોલર પલંગ નીચે છુપાઈ ગયો, ધાડપાડુઓ તેની પત્ની અને બાળકને ઉપાડી ગયા!



ક્વિટો (ઇક્વાડોર): ઇક્વાડોરના ૨૬ વર્ષીય ફૂટબૉલ ખેલાડી જૅક્સન રૉડ્રિગેઝનું અપહરણ કરવાના આશયથી અથવા તેના પર હુમલો કરવાના ઇરાદાથી કેટલાક ધાડપાડુઓએ મંગળવારે મધરાત બાદ ત્રણ વાગ્યે જૅક્સનના ઘરમાં ધાડ પાડી હતી જે દરમ્યાન જૅક્સન તો તેમના હાથમાં નહોતો, પરંતુ ચોરની ટોળકીએ જૅક્સનની પત્ની અને પાંચ વર્ષના બાળકનું અપહરણ કર્યું હતું. ધાડપાડુઓએ ઘર પર હુમલો કર્યો ત્યારે જૅક્સન તેમનાથી ડરીને પલંગ નીચે છુપાઈ ગયો હતો, પરંતુ તે પત્ની-બાળકની રક્ષા કરવામાં નિષ્ફળ ગયો હતો. આ ઘટના સમુદ્ર નજીકના ગ્વાયાક્વિલ શહેરમાં બની હતી. આ શહેર નજીકના સમુદ્ર માર્ગેથી યુરોપ તેમ જ અમેરિકામાં ડ્રગ્સનો પુરવઠો મોકલવામાં આવે છે.

જૅક્સને પોલીસમાં ફરિયાદ કરી હતી અને તપાસ દરમ્યાન પોલીસને કહ્યું હતું કે 'મારા ઘરનો મુખ્ય દરવાજો બહારથી તોડવામાં આવી રહ્યો હોવાનો અવાજ મને સંભળાતા જ હું પલંગ નીચે છુપાઈ ગયો હતો.'

જોકે હુમલાખોરોએ જૅક્સનની પત્નીને તેના પતિ વિશે પૂછ્યું હતું અને તેણે કહ્યું કે જૅક્સન ઘરમાં નથી, બહાર ગયા છે. હુમલાખોરોએ મહિલા સાથે એટલી વાતચીત કરીને તેનું તેમ જ પાંચ વર્ષના બાળકનું અપહરણ કર્યું હતું.

જૅક્સને પોલીસને કહ્યું કે 'મેં પછીથી બારીમાંથી જોયું કે ધાડપાડુઓ ગ્રે રંગની ડબલ-કૅબ પિકઅપ ટ્રકમાં નાસી ગયા હતા.

ગ્વાયાક્વિલ સહિત દેશના નવ મુખ્ય વિસ્તારોમાં ગુનાખોરી ખૂબ વધી ગઈ હોવાથી સરકારે ૧૦ દિવસથી ઇમરજન્સી જાહેર કરી છે અને એ દરમ્યાન આ ઘટના બની હતી. જોકે આ વિસ્તારોમાં લશ્કરના જવાનોની હાજરી હોવા છતાં ધાડપાડુઓ ફૂટબોલર જૅક્સનના ઘરમાં ઘૂસ્યા હતા અને તેની પત્ની-બાળકને ઉપાડી ગયા હતા. ■

# તળિયાની બે ટીમ વચ્ચે આજે ટક્કરઃ ધોનીની ૪૦૦મી ટી-૨૦ મૅચ

### સીઝનમાં ટકી રહેવા ચેન્નઈનો સંઘર્ષ, હૈદરાબાદને 'પ્રથમ' જીતની તલાશ

ચેન્નઈઃ મહેન્દ્રસિંહ ધોનીના સુકાનમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) આઇપીએલની ૪૩મી મૅચમાં પૉઇન્ટ્સ-ટેબલના તળિયાની બીજી ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) સામે રમશે એમાં જીતનારી ટીમ પ્લે-ઑફ માટેની નજીવી આશા જીવંત રાખી શકશે, જ્યારે પરાજિત ટીમ સ્પર્ધાની લગભગ બહાર થઈ જશે.

મહેન્દ્રસિંહ ધોનીની શુક્રવારે ૪૦૦મી ટી-૨૦ મૅચ છે. ભારતીયોમાં રોહિત શર્મા ૪૫૬ ટી-૨૦ મૅચ સાથે મોખરે છે.

'આવ ભાઈ હરખા...આપણે બેઉ સરખા' એવું આ વખતે ચેન્નઈ અને હૈદરાબાદની બાબતમાં છે. બન્ને ટીમ આઠ-આઠ મૅચ રમી છે, બે-બે મૅચ જીતી છે, છ-છ મૅચ હારી છે અને બન્નેના એકસરખા ચાર-ચાર પૉઇન્ટ છે. વધુ નવાઈની વાત એ છે કે બન્ને નિષ્ફળ ટીમનો રનરેટ લગભગ એકસરખો છે. નવમા નંબરના હૈદરાબાદનો રનરેટ -૧.૩૬૧ છે, જ્યારે દસમા ક્રમના ચેન્નઈનો રનરેટ -૧.૩૯૨ છે. ચેન્નઈમાં સીએસકે સામે સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમ ક્યારેય નથી જીતી શકી.

હંમેશાં ચેપૉકના હોમ-ગ્રાઉન્ડ પર મોટા ભાગની મૅચો જીતવામાં તેમ જ ચેપૉકની પિચ બરાબર પારખવામાં માહિર ચેન્નઈની ટીમ આ વખતે થાપ ખાઈ ગઈ છે. ઋતુરાજ ગાયકવાડ ઈજાને લીધે સ્પર્ધાની બહાર થઈ જતાં ઘૂંટણની ઈજા સામે ઝઝૂમી રહેલા માહી પર કૅપ્ટન્સીનો બોજ આવી પડ્યો છે. કોલકાતા સામે ૧૦૩/૯નો પોતાનો લોએસ્ટ સ્કોર નોંધાવીને ચેન્નઈએ આ વખતે ખરાબ પ્રદર્શનનો મોટો પુરાવો આપ્યો છે.

# 'શામ કો પાર્ટી ઔર ગર્લફ્રેન્ડ...': યુવરાજ સિંહે કેવી રીતે અભિષેક શર્માને લાઇન પર લાવી દીધો?

### શુભમન ગિલને પણ યુવીએ કોચિંગ દરમ્યાન ઠપકો આપીને સીધો દોર કરી દીધો હતો

ચંડીગઢઃ આઇપીએલમાં રમી ચૂકેલા ભારતીય ખેલાડીઓમાં થોડા જ દિવસ પહેલાં ૧૪૧ રનની સર્વોચ્ચ ઇનિંગ્સનો વિક્રમ પોતાના નામે લખાવનાર સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ના ઓપનિંગ બૅટ્સમૅન અભિષેક શર્મા અને ગુજરાત ટાઇટન્સના કૅપ્ટન શુભમન ગિલને યુવરાજ સિંહ પંજાબ ક્રિકેટ ઍસોસિયેશનમાં તાલીમ આપી ચૂક્યો છે એ આપણે સૌ જાણીએ છીએ, પરંતુ યુવીના પિતા અને ભારતના ભૂતપૂર્વ પેસ બોલર યોગરાજ સિંહે તાજેતરમાં એક ઇન્ટરવ્યૂમાં અભિષેક અને ગિલ વિશે જે અંદરની વાતો કરી એ જાણવા જેવી છે.

યુવી જ્યારે લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન અભિષેકનો કોચ હતો ત્યારે યુવી એકવાર તેના પર કેવી રીતે ગુસ્સે થયો હતો એની વાત યોગરાજ સિંહે જણાવી છે.

યોગરાજ સિંહે મુલાકાતમાં જણાવ્યું છે કે 'મારા પુત્ર યુવીએ એક વાર અભિષેકને કહ્યું કે શામ કો પાર્ટી, ગર્લફ્રેન્ડ, ડેટિંગ...યહી હૈ ના? યુવીએ અભિષેકને કહી દીધું કે આ બધુ બંધ કરી દે, સમજ્યો?'

યોગરાજ સિંહે વધુમાં કહ્યું છે કે 'પિતાનું અભિષેક માનતો નહોતો એટલે તેમણે પુત્ર યુવીને હવાલે કર્યો હતો. યુવીએ તેના પિતાને કહ્યું કે આને રૂમમાં બંધ કરો અને તાળું લગાવી દો...અને પછી તો તેના શૂઝ પણ કાઢી નખાવ્યા હતા.'

યોગરાજ સિંહે જણાવ્યું કે 'એક વાર યુવીએ અભિષેકને ફોન કરીને પૂછ્યું કે ક્યાં છે તું? જ્યાં પણ હોય, પણ રાત્રે નવ વાગ્યે તારી રૂમમાં જતો રહે અને સૂઈ જા. તને સમજાય છે હું શું કહી રહ્યો છું? સૂઈ જા અને સવારે પાંચ વાગ્યે ઊઠી જજે.'

અભિષેકે ત્યારે યુવીથી ડરીને રાત્રે નવ વાગ્યે પોતાનો મોબાઇલ પિતાને આપી દીધો અને રૂમમાં જઈને સૂઈ ગયો.

યોગરાજ સિંહે અભિષેકની વાત પર એવું પણ કહ્યું હતું કે 'પાંચ કરોડ રૂપિયાનો ચેક જ્યારે હાથમાં આવે ત્યારે ખેલાડીનું વર્તન બદલાઈ જાય છે. નવી ગાડી આવી જાય છે અને ઘર પણ. લગ્ન માટેના માગા પણ આવવા લાગે છે અને ગર્લફ્રેન્ડ્સના ફોનની રિંગ પણ રણકવા લાગે છે. જોકે આવા સમયે ડંડા મારતો યોગરાજ સિંહ જેવો કડક સ્વભાવવાળો કોચ જોઈએ.'



હૈદરાબાદના ધમાકેદાર ઓપનિંગ બૅટ્સમૅન અભિષેક શર્માનું નામ હાલમાં લૈલા ફૈઝલ (એકદમ જમણે) સાથે ચર્ચાય છે. એ પહેલાં અભિષેકનું નામ દિયા મહેતા (વચ્ચે) સાથે બોલાતું હતું.

યોગરાજ સિંહે ઇન્ટરવ્યૂમાં પુત્ર યુવીનો પણ ઉલ્લેખ કરતા કહ્યું કે 'હું તો કહું છું કે યુવી જો મારી સાથે રહેતો હોત તો તે ૨૦૦થી પણ વધુ ટેસ્ટ અને ૧,૦૦૦થી પણ વધુ વન-ડે રમ્યો હોત અને તેણે બીજા ઘણા વિક્રમો પોતાના નામે લખાવ્યા હોત.'

યોગરાજ સિંહે થોડાં વર્ષો પહેલાં કોચિંગ દરમ્યાન શુભમન ગિલ સાથે જે બન્યું હતું એની વાત કરતા કહ્યું કે 'શુભમન ગિલ સાથે પણ એવું જ (અભિષેક જેવું જ) બન્યું. યુવરાજ તેનો કોચ હતો અને તેણે મને કહી દીધું કે ડૅડી, તમે વચ્ચે નહીં પડતાં... હું ગિલને ઠેકાણે લાવું છું. યુવીએ મને એવું પણ કહ્યું કે છોકરાઓને આપણે ૨૪ કલાક ઠપકો ન આપવો જોઈએ. હું ત્યારે યુવીની વાત સાથે સહમત થયો હતો.'

## અભિષેકની ગર્લફ્રેન્ડ વિશે થોડું જાણી લઈએ...

સનરાઇઝર્સ હૈદરાબાદના ઓપનર અભિષેક શર્મા થોડા સમયથી લૈલા ફૈઝલ નામની ઑન્ટ્રપ્રનર સાથે ડેટિંગ કરી રહ્યો હોવાનું મનાય છે. લૈલા મહિલા બ્રૅન્ડ એલઆરએફની સ્થાપક છે. બન્ને જણ ઇન્સ્ટાગ્રામ પર એકબીજાંને ફૉલો કરી રહ્યા હોવાથી તેમની વચ્ચેની રિલેશનશિપની વાત ઊડી છે. થોડા સમય પહેલાં અભિષેકનું નામ 'મિસ રાજસ્થાન' અવૉર્ડ માટેની રનર-અપ દિયા મહેતા સાથે નામ બોલાતું હતું.

દિયાએ થોડા સમય પહેલાં અભિષેક સાથે પડાવેલો ફોટો વાઇરલ થયો હતો. એમાં દિયા એક ઇવેન્ટમાં અભિષેકનો હાથ પકડીને ઊભેલી જોવા મળી હતી. જોકે થોડા મહિના પહેલાં અભિષેક સુરતની તાન્યા સિંહ સાથેની ફ્રેન્ડશિપ માટે ચર્ચામાં હતો. ફેબ્રુઆરી, ૨૦૨૪માં તાન્યાએ પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી ત્યારે સુરત પોલીસે પૂછપરછ માટે અભિષેકને બોલાવ્યો હતો. ■

### પાકિસ્તાન સરકારે પોતાની જ ક્રિકેટ લીગને મુસીબતમાં મૂકી દીધી

# પીએસએલ માટે કામ કરતા ભારતીય ક્રૂ મેમ્બર્સને ૪૮ કલાકમાં પાકિસ્તાન છોડી જવા આપ્યો આદેશ

કરાચીઃ એક તરફ ભારતમાં ક્રિકેટજગતની સૌથી લોકપ્રિય ટૂર્નામેન્ટ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) પૂરજોશમાં ચાલી રહી છે અને પ્રેક્ષકો-દર્શકોને અનેક રોમાંચક મૅચો જોવા મળી છે ત્યાં બીજી બાજુ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ક્રિકેટ વિશ્વમાં જરાય જાણીતી નથી એવામાં પાકિસ્તાનની જ સરકારે પીએસએલને મુસીબતમાં મૂકી દીધી છે. પીએસએલના પ્રસારણમાં ભારતના જે પણ નિષ્ણાતો અને કર્મચારીઓ કામ કરી રહ્યા છે તેમને પાકિસ્તાન સરકારે ૪૮ કલાકમાં પાકિસ્તાન છોડી જવાનો આદેશ આપ્યો છે.

વાસ્તવમાં, પાકિસ્તાનમાં જેટલા પણ ભારતીય નાગરિકો છે તેમને બે દિવસમાં પાકિસ્તાનમાંથી જતા રહેવાની સૂચના આપી દેવાઈ છે.

મંગળવારે કાશ્મીરના પહલગામમાં ૨૮ હિન્દુ નાગરિકોનો ભોગ લેનાર આતંકવાદી હુમલો પાકિસ્તાન-પ્રેરિત હોવાથી ભારત સરકાર પાકિસ્તાની નાગરિકોને તગેડી રહ્યું છે એના પ્રત્યાઘાતમાં પાકિસ્તાન સરકારે આ પગલું ભર્યું છે.

નિસ્તેજ પીએસએલમાં છ ટીમ ભાગ લઈ રહી છે જેમાં ઇસ્લામાબાદ યુનાઇટેડ પ્રથમ સ્થાને, કરાચી કિંગ્સ બીજા સ્થાને અને લાહોર કલન્દર્સ નામની ટીમ ત્રીજા નંબરે છે. આ ટી-૨૦ ટૂર્નામેન્ટની ૧૩ મૅચ થઈ ચૂકી છે અને ૧૮મી મેએ ફાઇનલ રમાશે. આઇપીએલની ફાઇનલ પચીસમી મેએ રમાવાની છે.

પીએસએલના જીવંત પ્રસારણ માટેના પ્રૉડક્શન વિભાગમાં ભારતીય એન્જિનિયરો, પ્રૉડક્શન મૅનેજરો, કૅમેરામેન, પ્લેયર-ટ્રૅકિંગ એક્સપર્ટ્સનો સમાવેશ છે. આ ભારતીય ક્રૂ મેમ્બર્સની હાજરીને લીધે જ પીએસએલનું પ્રસારણ સહજ અને સરળ રીતે થઈ રહ્યું છે, પરંતુ હવે આ ભારતીયો જતા રહેશે એટલે પીએસએલના પ્રસારણને માઠી અસર થઈ શકે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ભારતીયોના પાછા ગયા બાદ તેમના સ્થાને પોતાના દેશના નિષ્ણાતો, કર્મચારીઓ પાસે પ્રસારણનું કામ કરાવશે. ■

# ગંભીરને ત્રણ વર્ષમાં બીજી વાર મોતની ધમકી, બે ઈમેઈલમાં લખ્યું હતું, 'આઇ કિલ યુ'



નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ ઓપનિંગ બૅટ્સમૅન અને ટીમ ઇન્ડિયાના વર્તમાન હેડ-કોચ તેમ જ ભાજપના ભૂતપૂર્વ સંસદસભ્ય ગૌતમ ગંભીરને ઇમેઇલમાં મોતની ધમકી આપી હોવાનું દિલ્હી પોલીસે ગુરુવારે પીટીઆઇને જણાવ્યું હતું.

ગંભીરને ત્રણ વર્ષમાં બીજી વાર ધમકી મળી છે. આ અગાઉ, ગંભીરને ૨૦૨૨ની સાલમાં આવી જ ધમકી મળી હતી. મંગળવાર, બાવીસમી એપ્રિલે (કાશ્મીરના પહલગામમાં હિન્દુ સહેલાણીઓ પર આતંકી હુમલો થયો એ જ દિવસે) ગંભીરને શંકાસ્પદ જીમેઇલ અકાઉન્ટ મારફત બે મેઇલમાં મોતની ધમકી આપવામાં આવી હતી જેમાં લખવામાં આવ્યું હતું, 'આઇ કિલ યુ.' આ મેઇલ મોકલનારે પોતાની ઓળખ 'આઇસિસ કાશ્મીર' તરીકે આપી હતી.

ગંભીરને ઘણા સમયથી દિલ્હી પોલીસનું રક્ષણ મળી રહ્યું છે. દિલ્હી પોલીસના ડીસીપી (સેન્ટ્રલ) એમ. હર્ષ વર્ધને પીટીઆઇને જણાવ્યું હતું કે 'અમે ગંભીર માટેની વિશિષ્ટ સુરક્ષા વ્યવસ્થા વિશે વિગતવાર ન જણાવી શકીએ, પણ હું એટલું જરૂર કહીશ કે નવી ધમકી બાબતમાં અમે તપાસ કરી રહ્યા છીએ.'

મોતની ધમકીવાળા ઇમેઇલના સ્ક્રીનશૉટ સાથે દિલ્હીના રાજિન્દર નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદમાં લખવામાં આવ્યું હતું કે 'ડિયર સર, નમસ્કાર. તમારી સાથે થયેલી વાતચીત મુજબ અમે તમને ગૌતમ ગંભીરના ઇમેઇલ આઇડી પર મળેલી મોતની ધમકીવાળા ઇમેઇલના સ્ક્રીનશૉટ મોકલી રહ્યા છીએ. મહેરબાની કરીને આ કિસ્સામાં એફઆઇઆર નોંધશો અને આશા રાખીએ છીએ કે ગંભીરની તથા તેમના પરિવારની સલામતી જળવાઈ રહે એની તમે કાળજી રાખશો.' ■

# પહલગામ આતંકવાદી હુમલા બાદ દેશના વિવિધિ રાજ્યોમાં સર્જાયા કરુણ દૃષ્યો



















ઉત્તર પ્રદેશના કાનપુરમાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે તો બેંગલૂરુમાં ભાજપના સાંસદ તેજસ્વી સૂર્યાએ મૃતકોને શ્રદ્ધાંજિલ આપી હતી. ચેન્નઈ ઍરપોર્ટ પર ગુરુવારે સવારે પત્ની અને પુત્રના મૃતદેહ આવી પહોંચ્યા બાદ શોકગ્રસ્ત મધુસુદન રાવ. ભુવનેશ્વરના બીજુ પટનાયક ઍરપોર્ટ પર પ્રશાંતકુમાર સત્પથીના મૃતદેહ સાથે પોલીસ અધિકારીઓ. ઓડિશાના બાલેશ્વર જિલ્લામાં લોકોએ પ્રશાંતકુમાર સત્પથીની અંતિમક્રિયામાં ભાગ લીધો હતો. મૃતકોમાં ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી)ના અધિકારી મનિષ રંજનનો પણ સમાવેશ થતો હતો. તેમનો મૃતદેહ મેળવ્યા બાદ શોક મનાવી રહેલા પરિવારજનો. (એજન્સી)

## પહલગામ હુમલાને પગલે અટારી, હુસૈનીવાલા અને સદકી ખાતે રિટ્રીટ સેરેમની બંધ કરાઈ

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલોને પગલે પંજાબસ્થિત ભારત-પાકિસ્તાન સરહદે અટારી, હુસૈનીવાલા અને સદકી ખાતે યોજાતી રિટ્રીટ સેરેમનીમાં બંને દેશના કમાન્ડરો વચ્ચેની હાથ મિલાવવાની પ્રક્રિયા બંધ કરાઈ હોવાનું બૉર્ડર સિક્યોરિટી ફૉર્સ (બીએસએફ)એ ગુરુવારે કહ્યું હતું.

કુલ ૨,૨૦૦ કિ.મી. લાંબી ભારત-પાકિસ્તાન સરહદમાંથી ૫૩૨ કિ.મી. સરહદની રખેવાળી કરતા બીએસએફના પંજાબ ફ્રન્ટિઅરે કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલાને પગલે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયના ભાગરૂપ સેરેમની દરમિયાન ભારત-પાકિસ્તાનના કમાન્ડર વચ્ચેની હાથ મિલાવવાની પ્રતીકરૂપ પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે.

આ બાબત સરહદપારના આતંકવાદ અંગેની ભારતની ઘેરી ચિંતા વ્યક્ત કરે છે અને શાંતિ અને ઉશ્કેરણી બંને સહઅસ્તિત્વ ન ધરાવી શકે એ બાબતનો પુનરોચ્ચાર કરે છે. અધિકારીઓના જણાવ્યાનુસાર સેરેમનીની અન્ય તમામ પ્રક્રિયાઓ ચાલુ રાખવામાં આવશે અને સામાન્ય લોકોને આ દૈનિક પ્રક્રિયા નિહાળવાની પરવાનગી આપવામાં આવશે. પહલગામ ત્રાસવાદી હુમલા બાદ ભારત સરકારે આકરું વલણ અપનાવ્યું હતું અને સિંધુ જળ કરાર પર રોક લગાવવાનો, અટારી-વાઘા બોર્ડર બંધ કરવાનો, પાકિસ્તાની નાગરિકોને વિઝા નહીં આપવાનો, ભારતસ્થિત પાકિસ્તાની એલચી કચેરી બંધ કરાવવાનો નિર્ણય લીધો હતો અને ભારતમાંના પાકિસ્તાનના નાગરિકોને ૪૮ કલાકમાં સ્વદેશ પાછા જતા રહેવાનો હુકમ કર્યો હતો. ભારતના આ નિર્ણયને કારણે પાકિસ્તાને એક અઠવાડિયાની અંદર એલચીકચેરી ખાલી કરવી પડશે અને પાકિસ્તાનના રાજદૂતોને પાછા મોકલી દેવામાં આવશે. (એજન્સી)■

## કલાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

MUMBAI MBBS, MS, MCH. Boy - 1988 Rajesh Rajkot 9428250002. (No Dowry) (B-15876)

### ૧૨. યાત્રા સહેલગાહ

PLAN YOUR HOLIDAY AT Shimla, Kullu, Manali get best rates with Suburbz Vacations Call 7218449146. (B-15838)

### ૧૪. નોકરી ખાલી છે

**લીડર**

**ક્રિપ્ટો તથા ફોરેક્સના MLM માર્કેટિંગ માટે અનુભવી લીડર જોઈએ - 8758768118. (બી-૧૫૮૬૩)**

**મુલુંડ અને ઘાટકોપર**

માટે પાર્ટ-ટાઈમ અથવા ફુલ-ટાઈમ બેસિક કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે. સંપર્ક - 9322565600. (જેપી/૪૯૮૪-ઈ)

### ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**વડાલા**

મકાન ખરીદો પહેલા દિવસથી કમાઈ, ભવિષ્યમાં રીડેવલપમેન્ટનો ફાયદો. વિનોદ : 9892980593. (બી-૧૫૮૭૨)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૧. નાણાંકીય

**■ શેરબજાર તથા ફોરેક્સમાં રોબર્ટ ટ્રેડિંગ દ્વારા સારું વળતર મેળવો - 8758768118. (બી-૧૫૮૬૨)**

### ૩૨. જમીન-મિલકત

IN SAPUTARA HATGAD, Final NA Plots with Separate 7/12 immediately for Sale. Contact - Magare Sir 9421520090. (B-15875)



(B-15879)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**■ દુબઈ તથા બેંગકોકમાં નવા બિઝનેસના સ્ટાર્ટઅપ માટે ઈન્વેસ્ટર જોઈએ - 8758768118. (બી-૧૫૮૬૧)**

■ કોઈપણ વ્યવસાયમાં કંઈપણ ગુમાવ્યા વિના અમારી સાથે 20000થી વધુ રકમનું રોકાણ કરીને ઘરે બેઠા દર મહિને 10%નો નિશ્ચિત નફો મેળવો. સંપર્ક - ૮૪૩૩૭૬૩૧૯૨ / ૮૪૫૨૦૩૭૨૩૮. (બી-૧૫૮૮૭)

**"WORK PART TIME"**

In your Flexible Hours..., (Trainings Provided), Call - Panna - 9930101968, Parin - 9820749032. (B-15812)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતીષ**

**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુઃખ, સૌતન દુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-સી)**

**શ્રીજી જ્યોતિષ**

અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશીયાલિસ્ટ) 9372024547. (ઘાટકોપર). (બી-૧૫૭૩૯)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૮૩૪-સી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ બંધ**

સ્પેશિયાલીસ્ટ વોટરપ્રૂફિંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેન્ટીંગ. 9594599769. (બી-૧૫૮૮૦)

## સરહદ પર કારગિલ જેવા યુદ્ધની શક્યતા

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ પહેલા પુલવામા હુમલો અને હવે પહેલગામ નરસંહાર. આ ઘટનાઓને જોતાં પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા (સજા અને વળતો પ્રતિકાર કરવા) ભલે ભારત પાકિસ્તાન પર સંપૂણ કક્ષાનો હુમલો નહીં કરે, પરંતુ એટલું તો નિશ્ચિત જ છે કે સરહદ પર કારગિલ જેવા નાના યુદ્ધ થશે.

આ સંભાવના એટલે વ્યક્ત કરવામાં આવી રહી છે કેમ કે કેન્દ્ર સરકાર તરફથી લીલીઝંડી મળ્યા બાદ ભારતીય સેના પહેલગામ આતંકવાદી હુમલાનો જવાબ આપવાની તૈયારી કરી રહી છે.

અગાઉ પુલવામા આતંકવાદી હુમલાનો બદલો લેવા બદલો લેવા વર્ષ ૨૦૧૯માં બાલાકોટ ઍર સ્ટ્રાઈક કરી સેનાએ રોષ વ્યક્ત કર્યો હતો.

સેનાના અધિકારીઓના જણાવ્યાનુસાર કેન્દ્ર સરકાર તરફથી લીલીઝંડી મળી ગઈ છે અને સેના પહેલગામ આતંકવાદી હુમલાનો જવાબ આપવાની તૈયારી કરી રહી છે.

નોર્ધન કમાન્ડે પણ આ અહેવાલને સમર્થન આપ્યા છે. અગાઉ ઉરી હુમલા બાદ સર્જિકલ સ્ટ્રાઈક અને પુલવામા હુમલા બાદ અૅર સ્ટ્રાઈકની જવાબદારી નોર્ધન કમાન્ડને જ સોંપવામાં આવી હતી અને તેણે એ જવાબદારી ખૂબીપૂર્વક નિભાવી હતી.

પાકિસ્તાનને સજા આપવા ભારતીય સેના વિવિધ વૈકલ્પિક તૈયારી કરી રહી છે. સેનાનું લક્ષ્ય માત્ર પાકિસ્તાનને સજા કરવાનું છે.

પાકિસ્તાનને વળતો જવાબ આપવા અનેક વિકલ્પો પર વિચાર કરવામાં આવી રહ્યો છે.

રાજનીતિક, કૂટનીતિક સહિત સૈન્ય કાર્યવાહીના વિકલ્પ પર પણ વિચારણા કરવામાં આવી રહી છે. સેના દ્વારા જે વિકલ્પોની ભલામણ કરવામાં આવી રહી છે તેનું પરિણામ મોટા યુદ્ધમાં પરિણમી શકે છે.

પીઓકે સ્થિત આતંકવાદીના તાલીમ કેન્દ્રોને નષ્ટ કરવા આપવામાં આવેલા ચાર વિકલ્પમાં જમીન પરથી જમીન પર છોડી શકાય તેવા બ્રહ્મોસ અને પૃથ્વી મિસાઈલનો ઉપયોગ કરવામાં આવી શકે છે.

બીજા વિકલ્પ તરીકે ભારતીય સેનાને સંપૂર્ણ છૂટ આપવી જે અંતર્ગત ભારતીય સેના એલઓસી ઓળંગીને ૨૪ કલાકની અંદર પ્રશિક્ષણ કેન્દ્રનો નાશ કરી ફરી ભારતીય સરહદમાં આવી જાય. આ કમાન્ડો કાર્યવાહી હશે.

સેનાને બોફોર્સ તોપનો ખુલ્લેઆમ ઉપયોગ કરવાનો વિકલ્પ પણ છે જેથી કરીને એલઓસીથી ૧૮થી ૨૦ કિ.મી. સુધીના વિસ્તારમાં આવેલા પ્રશિક્ષણ કેન્દ્રોનો નાશ કરી શકાય.

બોફોર્સ તોપ પહાડી વિસ્તારોમાં પણ ૨૦થી ૩૦ કિ.મીના અંતર સુધી સચોટ રીતે પ્રહાર કરી શકે છે. સરહદ પર ફરી બોફોર્સ તોપ ગોઠવી દેવામાં આવી છે.

ચોથા વિકલ્પ તરીકે ભારતીય હવાઈ દળને ડ્રોન હુમલાની મદદથી પેઓકેસ્થિત પ્રશિક્ષણ કેન્દ્રો ફૂંકી મારવાની પરવાનગી આપવો. ■

## પાકિસ્તાની નાગરિકો અટારી-વાઘા બોર્ડર મારફતે ભારતમાંથી પાછા જઈ રહ્યા છે

ચંડીગઢઃ પહેલગામ આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકારે પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડી જવા જણાવ્યાના એક દિવસ બાદ પાકિસ્તાની નાગરિકોએ ગુરુવારે અટારી-વાઘા બોર્ડર મારફતે ભારતમાંથી પાછા જવાનું શરૂ કરી દીધું હતું.

ગુરુવારે સવારે અનેક પાકિસ્તાની પરિવારો અટારી-વાઘા બોર્ડર મારફતે સ્વદેશ પરત જવા અમૃતસરમાં આવેલી ઈન્ટિગ્રેટેડ ચેક પૉસ્ટ (આઈસીપી) ખાતે પહોંચ્યા હતા. અનેક પાકિસ્તાની પરિવાર ભારતસ્થિત તેમનાં સંબંધીઓને મળવા ૪૫થી ૯૦ દિવસના વિઝા લઈને આવ્યા હતા, પરંતુ પહેલગામ હુમલાની ઘટનાને પગલે તેમણે વહેલા વતન પરત ફરવું પડ્યું હતું.

પાકિસ્તાન પરત ફરી રહેલા તમામ પરિવારોએ પહેલગામ આતંકવાદી હુમલાને વખોડી કાઢ્યો હતો અને કહ્યું હતું કે ખરેખર આવું નહોતું બનવું જોઈતું.

પહેલગામ ત્રાસવાદી હુમલા બાદ ભારત સરકારે આકરું વલણ અપનાવ્યું હતું અને સિંધુ જળ કરાર પર રોક લગાવવાનો, અટારી-વાઘા બોર્ડર બંધ કરવાનો, પાકિસ્તાની નાગરિકોને વિઝા નહીં આપવાનો, ભારતસ્થિત પાકિસ્તાની એલચી કચેરી બંધ કરાવવાનો નિર્ણય લીધો હતો અને ભારતમાંના પાકિસ્તાનના નાગરિકોને ૪૮ કલાકમાં સ્વદેશ પાછા જતા રહેવાનો હુકમ કર્યો હતો.

ભારતના આ નિર્ણયને કારણે પાકિસ્તાને એક અઠવાડિયાની અંદર એલચીકચેરી ખાલી કરવી પડશે અને પાકિસ્તાનના રાજદૂતોને પાછા મોકલી દેવામાં આવશે.

વિદેશ સચિવ વિક્રમ મિસરીના જણાવ્યાનુસાર સાર્ક વિઝા એક્ઝમ્પશન સ્કીમ (એસવીઈએસ) અંતર્ગત હવે પાકિસ્તાની નાગરિકોને ભારત આવવાની પરવાનગી આપવામાં નહીં આવે તેમ જ આ સ્કીમ અંતર્ગત હાલ જે પાકિસ્તાની નાગરિક ભારતમાં છે તેમણે ૪૮ કલાકમાં ભારત છોડીને જતા રહેવું પડશે.

બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ મળેલી સલામતીને લગતી કેબિનેટ કમિટી (સીસીએસ)ની બેઠકમાં આ નિણય લેવામાં આવ્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ મળેલી સીસીએસની બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, વિદેશ પ્રધાન એસ. જયશંકર, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ હાજર રહ્યા હતા. (એજન્સી)■

## ઝારખંડમાં ભીષણ ગરમીને લીધે શાળાઓનો સમય બદલવામાં આવ્યો

રાંચી : ઝારખંડ સરકારે ગુરુવારે આખા રાજ્યમાં પડી રહેલી કાળઝાળ ગરમીને કારણે શાળાના સમયમાં ફેરફાર કર્યો છે, એવી માહિતી અધિકારીએ આપી હતી.

અધિકારીએ વધુમાં કહ્યું હતું કે બાળવાડીથી આઠમા ધોરણ સુધીના વર્ગનો સમય સવારના સાત વાગ્યાથી બપોરના સાડાઅગિયાર વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે. જ્યારે તેમનાથી મોટા વર્ગના વિદ્યાર્થીઓના વર્ગ બપોરના બાર વાગ્યા સુધી ચાલુ રહી શકશે.

૨૬ એપ્રિલથી નવા સમયનો અમલ થશે અને નવો હુકમ ન આવે ત્યાં સુધી તે ચાલુ રહેશે.

શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગે બહાર પાડેલા હુકમ પ્રમાણે રાજ્યમાં ગરમીના વધતા પ્રભાવને ધ્યાનમાં રાખીને સરકારી, બિનસરકારી, અનુદાન પ્રાપ્ત કે બિનઅનુદાનપ્રાપ્ત (લઘુમતી) સ્કૂલો અને બધી ખાનગી શાળાઓમાં કેજીથી આઠમા ધોરણ સુધીના વર્ગની બધી કેટેગરીમાં સમય સવારના સાત વાગ્યાથી સવારના સાડાઅગિયાર વાગ્યા સુધીનો રહેશે. જ્યારે નવમાથી બારમા ધોરણના વિદ્યાર્થીનો સમય સવારના સાત વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીનો હશે.

ઝારખંડમાં અતિશય ગરમ હવામાન છે. ડેલ્ટનગંજ ૪૩ ડિગ્રી સેલ્સિયસના તાપમાનમાં તપી રહ્યું છે.

હવામાન અધિકારીએ કહ્યું હતું કે ગુરુવારે બાર જિલ્લા-સિમ્ડેગા, સરાઈખેલા-ખર્સવાન, પૂર્વ સિંહભૂમ, પશ્ચિમ સિંહભૂમ, બોકારો, ધનબાદ, ગોડા અને સાહિબગંજમાં ગરમી અને બફારો સૂચવતી યલો એલર્ટ જાહેર કરાઈ છે.

રાંચી હવામાન ખાતાના ડેપ્યુટી ડિરેક્ટર અભિષેક આનંદે કહ્યું હતું કે રાજ્યમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસનું રહે છે. બુધવારે ડેલ્ટનગંજમાં રાજ્યનું સૌથી ઊંચું તાપમાન ૪૩ ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતાં બે ડિગ્રી વધારે છે. ત્યાર બાદ જમશેદપુરમાં ૪૨.૬ ડિગ્રી અને ચૈબાસામાં ૪૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યની રાજધાની રાંચીમાં તાપમાન ૩૮.૮ ડિગ્રી હતું.

આનંદે કહ્યું હતું કે ઓછામાં ઓછા ત્રણ દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થાય એવી સંભાવના નથી. ૨૭ એપ્રિલથી વરસાદ અને કરા પડવાની સંભાવના હોવાથી તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી નીચું જઈ શકે. (એજન્સી)■

# પહલગામનો પ્રત્યાઘાતઃ નિફ્ટી ૨૪,૩૦૦થી નીચે સરક્યો, સેન્સેક્સમાં ૩૧૫ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે ગુલાંટ મારીને ટ્રેડ વોરની તીવ્રતા ઘટાડવાના સંકેત આપવા સાથે ફેડરલના ચેરમેન પોવેલ સાથેના વિખવાદમાં પણ પાછીપાની કરવાની શરૂઆત કરી હોવાથી વિશ્વભરના શેરબજારોમાં જ્યારે સુધારાના ચિન્હો દેખાઇ રહ્યાં છે ત્યારે સેન્સેક્સ અને નિફ્ટીમાં ગુરુવારે ઘટાડો જોવા મળ્યો છે.

બજારના વર્તુળો અનુસાર પહેલગામમાં આતંકવાદીઓએ કરેલા ઘાતકી કૃત્યના પ્રત્યાઘાતમાં ભારત સરકારે જે આકરાં પગલાં લીધા છે, તેને કારણે એક પ્રકારે જીઓપોલિટિકલ રિસ્ક ઊભું થયું હોવાથી રોકાણકારોએ વેચવાલી વધારી હોવાથી બજાર ગબડ્યું છે. કચ્છ સરહદ નજીક પાકિસ્તાને મિસાઇલ પરિક્ષણ કર્યું હોવાના અહેવાલ પણ છે. જોકે, એક કારણ ઝડપી ઉછાળા પછીનું પ્રોફિટ બુકિંગ પણ છે.

સત્રને અંતે, સેન્સેક્સ ૩૧૫.૦૬ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૭૯,૮૦૧.૪૩ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૮૨.૨૫ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૨૪,૨૪૬.૭૦ પોઈન્ટ પર સ્થિર થયો હતો. કુલ ટ્રેડેડ શેરોમાંથી લગભગ ૧૮૬૯ શેર વધ્યા, ૧૯૨૧ શેર ઘટ્યા, અને ૧૪૪ શેર યથાવત રહ્યા હતા.

સેન્સેક્સમાં એચયુએલ, ભારતી એરટેલ, આઇસીઆઇસીઆઇ બેન્ક, એટર્નલ, મહિન્દ્રા, એચસીએલ ટેકનો, એચડીએફસી બેન્ક, કોટક મહિન્દ્રા, ટીસીએસ અને બજાજ ફાઇનાન્સ ટોપ લૂઝર્સ હતા. નિફ્ટીમાં હિંદુસ્તાન યુનિલીવર, ભારતી એરટેલ, આઇશર મોટર્સ, આઇસીઆઇસીઆઇ બેંક, એટર્નલના શેર ટોપ લૂઝર્સ બન્યા હતા.

જ્યારે ઇન્ડસઇન્ડ બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ, ટાટા મોટર્સ, ડો. રેડ્ડીઝ લેબ્સ ટોપ ગેઇનર્સ હતા.

એચયુએલે વાર્ષિક ધોરણે ચોખ્ખા નફામાં ચાર ટકાનો વધારો નોંધાવ્યો હોવા છતાં વોલ્યુમ ઘટવાથી અને નબળા ગાઇડન્સથી તેના શેરમાં ચાર ટકાનો કડાકો જોવા મળ્યો હતો. નેસ્લે ઇન્ડિયા સ્ટેન્ડઅલોન નફો ચોથા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે પાંચ ટકા ઘટીને રૂ. ૮૮૫ કરોડ નોંધાયો હતો. સીઇઓના રિઅપોઇન્ટમેન્ટને ઇરડાની મંજૂરી મળતા નીવાબુપાના શેરમાં સુધારો હતો. બજાજ હાઉસિંગ ફાઇનાન્સનો નફો ૫૪ ટકા વધ્યા પછી શેર ચાર ટકા વધ્યો હતો. ચોથા ક્વાર્ટરના નબળા પરિણામ પછી એલટીઆઇમાઇન્ડટ્રીનો શેર ગબડ્યો હતો.

રેફેક્સ ઇન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ ૨૦૨૫ની સ્ટેન્ડઅલોન કામગીરીમાં વાર્ષિક ધોરણે ૭૮.૭૫ ટકાના વધારા સાથે રૂ. ૨,૪૮૨.૫૨ કરોડની કુલ આવક, વાર્ષિક ધોરણે ૪૫.૪૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૧૬.૪૨ કરોડનો એબિટા અને ૮૭.૬૩ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૮૯.૪૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બોર્ડની રૂ. ૪,૫૦૦ કરોડના ફંડ રેઇઝિંગને મંજૂરી આપ્યા બાદ બાયોકોનનો શેર ત્રણ ટકા તૂટ્યો હતો.

નફો સારો થતાં દાલમીયા ભારતમાં સુધારો હતો. પરિણામની જાહેરાત બાદ ટાટા કન્ઝ્યુમર ગબડ્યો હતો. મોટોરોલાએ ફાઇવ જી સ્માર્ટફોન મોટો જી૬૪ ફાઇવજી લોન્ચ કર્યો છે, જે મીડિયાટેક ડાઇમેન્સિટી ૭૦૨૫ પ્રોસેસર અને ૬૦૦૦ એમએએચ બેટરી અને ક્વાડ પિક્સેલ ટેકનોલોજી, શેક ફ્રી ૫૦એમપી ઓઆઇએસ કેમેરો, ઇનબિલ્ટ ૧૨જીબી રેમ અને ૨૫૬જીબી સ્ટોરેજ ધરાવે છે. સીઇઓ રાકેશ રંજને રાજીનામું આપ્યા પછી ઈટર્નલના શેર્સ લપસી ગયા હતા. વ્યાપક શેરઆંકોએ મુખ્ય બેન્ચમાર્ક ઇન્ડેક્સ કરતાં વધુ સારુ પ્રદર્શન કર્યું હતું. જોકે, બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ શેરઆંક ફ્લેટ નોંધ પર બંધ થયા હતા.

સેકટરલ ધોરણે એફએમસીજી, રિયલ્ટી દરેકમાં એકાદ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે ફાર્મા ઇન્ડેક્સમાં એકાદ ટકાનો વધારો થયો હતો. સ્થાનિક બજારમાં તાજેતરની તેજી પછી ઉછાળે વેચવાલી જોવા મળી હતી, તેવી જ રીતે, બજારના સહભાગીઓને યુએસ અને ચીન વચ્ચેના ટેરિફ વિવાદોના ઝડપી ઉકેલની શક્યતા ઓછી જણાઇ રહી હોવાથી વેચવાલી વધી હોવાનું જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. આગળની ચાલનો આધાર કોર્પોરેટ પરિણામો પર રહેશે.

નોંધવું રહ્યું કે, અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ફરી એક ગુલાંટ મારીને ચીન સામે હળવે હાથે કામ લેવાનો સંકેત આપ્યો હોવાથી વિશ્વભરના શેરબજારમાં સુધારો આવ્યો હોવા ઉપરાંત સ્થાનિક સ્તરે એફઆઇઆઇની એકધારી લેવાલી અને આઇટી શેરોના ઉછાળા વચ્ચે શેરબજારોમાં બુધવારે સતત સાતમા દિવસે તેજી જારી રહી હતી અને સેન્સેક્સ ૮૦ હજારની સપાટી પુનઃહાંસલ કરવામાં સફળ રહ્યો હતો. બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૨૦ પોઈન્ટ ઉછળીને ચાર મહિનામાં પહેલી વાર ૮૦,૦૦૦ પોઇન્ટની સપાટીથી ઉપર બંધ રહેવામાં સફળ રહ્યો હતો.

અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પે એક વિધાન કર્યું હતું કે ચીનની આયાત પરના ટેરિફ સાવ નાબૂદ તો નહિ જ થાય છતાં, વાટાઘાટોને પગલે તેમાં નોંધપાત્ર ઘટાડો જરૂર થશે. તેમના આ કથન પછી વેપાર તણાવ હળવો થવાના આશાવાદને કારણે જગતભરના શેરબજારમાં સુધારો આવ્યો હતો અને તેની પાછળ બુધવારે ભારતના બેન્ચમાર્ક શેરઆંક ઊંચા ખુલ્યા હતા.

આ ઉપરાંત ટ્રમ્પે યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલને બરતરફ કરવાની તેમની ધમકીઓમાંથી પણ પીછેહઠ કરી હતી, જેને પરિણામે આ સપ્તાહની શરૂઆતમાં ત્રણેક વર્ષની નીચી સપાટીએ પહોંચેલા ડોલરમાં નીચા સ્તરેથી રિકવરી જોવા મળી હતી.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે ગબડાયા હતા. જ્યારે ટોક્યોનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈ એસએસઇ કમ્પોઝિટ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા. યુરોપના બજારોમાં નીચા મથાળે ટ્રેડિંગ જોવા મળ્યું હતું. યુએસ બજારોમાં બુધવારે પણ તીવ્ર ઉછાળો આવ્યો. નાસ્ડેક કમ્પોઝિટમાં પાછલા મંગળવારના ૨.૭૧ ટકા ઉપરાંત વધુ ૨.૫૦ ટકાનો, ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજમાં ૨.૬૬ ટકા ઉપરાંત વધુ ૧.૦૭ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૧,૨૯૦.૪૩ કરોડના શેર ખરીદ્યા બાદ બુધવારે રૂ. ૩૩૩૨.૯૩ કરોડની લેવાલી નોંધાવી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૦૩ ટકા ઘટીને ૬૬.૧૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. બીએસઇ બુધવારે બેન્ચમાર્ક ૫૨૦.૯૦ પોઈન્ટ અથવા ૦.૬૫ ટકા વધીને ૮૦,૧૧૬.૪૯ પોઇન્ટ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૬૧.૭૦ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા વધીને ૨૪,૩૨૮.૯૫ પર બંધ થયો હતો.

# બે સત્રની નરમાઈ બાદ ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત બે સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો નબળો પડ્યા બાદ આજે ખાસ કરીને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહેવાની સાથે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ત્રણ બેસિસ પૉઈન્ટ ઘટીને ૪.૩૫ ટકાના સ્તરે રહી હોવાથી આજે ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા ઉછળીને ૮૫.૨૯ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકી હુમલાને કારણે બજારનું થોડું સેન્ટિમેન્ટ ખરડાયું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૪૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૬૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૭ અને ઉપરમાં ૮૫.૨૫ની રેન્જમાં અથડાઈને અંતે ૧૬ પૈસાના સુધારા સાથે ૮૫.૨૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૬ પૈસાનો ઘટાડો નોંધાયો હતો.

હાલના સંજોગોમાં ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળવાની સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રૂપિયાને નીચા મથાળેથી ટેકો આપી શકે છે અને રૂપિયો ૮૫થી ૮૫.૭૦ની રેન્જમાં રહે તેવી શક્યતા એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૫૧ ટકા ઘટીને ૯૯.૩૩ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના ઘટ્યા મથાળેથી ૦.૬૫ ટકા વધીને બેરલદીઠ ૬૬.૫૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૩૩૨.૯૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૫૬.૯૦ પૉઈન્ટનો અને ૮૨.૨૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦નો સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની ખપપૂરતી માગ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦માં થયા હોવાના નિર્દેશો હતા. તેમ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડમાં માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટૉકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૨થી ૪૦૦૨માં ટકેલા ધોરણે થયા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદરે માગ સારી રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૯૨થી ૪૦૬૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૧૦થી ૩૯૫૦માં ટકેલા ધોરણે થયા હતા.

# અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ ડીલનો આશાવાદ છતાં વૈશ્વિક સોનામાં ૧.૬ ટકાની તેજી

## ચાંદીમાં ઘટ્યા મથાળેથી ₹ ૧૦૨૧નું બાઉન્સબૅક, સોનામાં ₹ ૨૦૧નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ ડીલ થવાના આશાવાદ સાથે વૈશ્વિક બજારમાં ગઈકાલે સોનાના ભાવ ઘટીને એક સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા બાદ આજે રોકાણકારોની પુનઃ ઘટ્યા મથાળેથી સલામતી માટેની માગ ખૂલતાં લંડન ખાતે ભાવમાં ૧.૬ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહ્યું હતું. જોકે, આજે સ્થાનિકમાં વિશ્વ બજારથી વિપરીત ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૨૧નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું અને સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૦થી ૨૦૧નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૨૧ના બાઉન્સબૅક સાથે ફરી રૂ. ૯૭,૦૦૦ની સપાટી કુદાવીને રૂ. ૯૭,૬૩૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીમાં નિરુત્સાહ તથા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ ભાવ ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૦૦ વધીને રૂ. ૯૫,૯૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૦૧ વધીને રૂ. ૯૬,૨૮૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને સોનામાં ઘટ્યા મથાળેથી રોકાણકારોની બાર્ગેઈન હંન્ટિંગ રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૩૩૮.૭૯ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૭ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૪૯.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધુ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૪૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વર્તમાન સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ભારે ચંચળતા જોવા મળી છે. ગત મંગળવારે સોનાના વૈશ્વિક ભાવ ૩૫૦૦.૦૫ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલે અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ ડીલના આશાવાદ વચ્ચે સોનાના ભાવ એક તબક્કે ઘટીને ઔંસદીઠ ૩૩૦૦ ડૉલરની પણ અંદર ઊતરી ગયા હતા. એકંદરે સોનામાં મૂળભૂત પરિબળો મજબૂત હોવાથી આજે રોકાણકારોની ઘટાડે લેવાલી નીકળતા પુનઃ ભાવમાં ઉછાળો જોવા મળ્યો હોવાનું કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક કયેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે રોકાણકારો લાંબાગાળે સોનામાં મોટી તેજીની ધારણા બાંધી રહ્યા હોવાનું જણાય છે. દરમિયાન ગઈકાલે અમેરિકી ટ્રેઝરી સૅક્રેટરી સ્કોટ બેસન્ટે જણાવ્યું હતું કે અમેરિકા તથા ચીન દ્વારા લાદવામાં આવેલા ઊંચા ટૅરિફના દર યોગ્ય નથી અને વાટાઘાટો કરતાં પહેલાં તેમાં ઘટાડો કરવો જોઈએ, પરંતુ ડૉનલ્ડ ટ્રમ્પ એકપક્ષીય ધોરણે ટૅરિફમાં ઘટાડો કરશે નહીં. અમુક અહેવાલો અનુસાર ટ્રમ્પ કાર ઉત્પાદકોનાં લૉબિંગને ધ્યાનમાં લેતા અમુક ટૅરિફથી તેઓને બાકાત રાખવાની યોજના ધરાવે છે. વધુમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે ગઈકાલે ચેતવણી આપી હતી કે ટૅરિફનાં ઊંચા દરને કારણે વૈશ્વિક આર્થિક વૃદ્ધિદર ધીમો પડવાની સાથે દેવામાં પણ વધારો થશે.

# ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ₹ ૧૭નો ઉછાળો, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર મિશ્ર વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૭ અને રૂ. ચાર વધી આવ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ઝિન્ક સ્લેબ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર વાયરબાર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી રહેતાં કોપરની અન્ય વેરાઈટીઓ અને બ્રાસમાં કિલોદીઠ રૂ. બેથી ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૨૭૫૬ અને રૂ. ચાર વધીને રૂ. ૧૩૬૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે સુધારો જોવા મળ્યો હતો.

# પાંખાં કામકાજે ખાદ્યતેલમાં સાંકડી વધઘટ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૩ સેન્ટનો સુધારો આવ્યાના ઓરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ એક રિંગિટ ઘટી આવ્યા હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખા રહેતાં વિશ્વ બજાર પાછળ દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટ જોવા મળી હતી.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની અંદાજે ૧૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૬૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ગઈકાલની શેષ ૭૦૦૦ ગૂણી અને આજની ૮૦૦૦ ગૂણી મળી કુલ ૧૫,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ અદાણીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, રૂચીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, ગોકુલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૧, અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૭ તથા ઈમામી, ગોલ્ડન એગ્રી અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૩૫, રૂ. ૧૨૬૫ અને રૂ. ૧૨૬૮ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર ખપપૂરતા રહ્યા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાયડ્રોલીક એન્જીનીયરનો વિભાગ (O.C. ડિવિઝન)

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામ માટે ત્રણ પેકેટ સિસ્ટમમાં ટકાવારી ધોરણે લાઈનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
|---|---|
| વિભાગ | હાયડ્રોલીક એન્જીનીયર |
| સેક્શન | ડે. હાયડ્રોલીક એન્જીનીયર (M&E) M-3 A P.P. |
| બીડ નંબર | ૨૦૨૪_MCGM_૧૧૧૨૦૩૭_૨ |
| કામનું નામ | M-III A પમ્પિંગ સ્ટેશન, પાંજરાપુરના પ્રિમાઈસીસમાં LED સ્ટ્રીટ લાઈટ્સનું SITC |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in/tender |

ટેન્ડર દસ્તાવેજ ''ટેન્ડર્સ'' સેક્શન હેઠળ MCGMની વેબસાઈટ (http://portal.mcgm.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
(A. S. ભોઈર)
ડે. હાઈડ્રોલિક એન્જીનીયર (M&E)
M-3 A, પીસે પાંજરાપુર

PRO/197/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**પબ્લિક નોટિસ**

૧. સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મારા ક્લાયન્ટ્સ **શિવ નિર્મલ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડે** શ્રી ગિરીશ ઘરોડ (પ્રતિવાદી નં. ૧), શ્રીમતી ઉષા ગિરીશ ઘરોડ (પ્રતિવાદી નં. ૬), શ્રીમતી નિશા સાવલા (પ્રતિવાદી નં. ૭) અને શ્રીમતી મીનલ ઘરોડ @ મીનલ ઐયર (પ્રતિવાદી નં. ૮) (''હવે અહીં પ્રતિવાદી નં. ૧ અને નં. ૬-૮ ને પ્રતિવાદી તરીકે ઓળખવામાં આવશે'') વિરુદ્ધ **બોમ્બે હાઈકોર્ટમાં ૨૦૨૨નો દાવો નં. ૪૫** દાખલ કર્યો છે, જેમાં પ્રતિવાદીઓને **''શિવ નિર્મલ'' ઈમારત જે પ્લોટ નં. ૨૪૭એ, સર્વે નં. ૯૦૧ (પાર્ટ), હિન્દુ કોલોની, રોડ નં. ૧૫ (તેલંગ રોડ), માટુંગા, મુંબઈ ૪૦૦ ૦૧૯ અને સી.એસ. નં. ૧૯૫ એ/૧૦ (''સૂચિત ઈમારત'')** ઉપર સ્થિત છે તેના પર વધુ બાંધકામ ન કરવા સામે કાયમી મનાઈ હુકમ આપવાનો આદેશ આપવામાં આવ્યો છે જેનો દાવો પેન્ડિંગ છે.

૨. તેના સંદર્ભમાં નં. BBE-4-8041-2022 લિસ પેન્ડન્સ પણ નોંધાયેલ છે.

૩. ઉપરોક્ત દાવામાં ૮મી જૂન ૨૦૨૨ ના રોજ પસાર થયેલા તેના આદેશના ફકરા ૬ માં, માનનીય બોમ્બે હાઈકોર્ટે નીચે મુજબ નિર્દેશો જારી કર્યા છે.

૬. રજૂઆતો પર વિચાર કર્યા પછી, એ નિર્દેશ આપવો યોગ્ય રહેશે કે બાંધકામ ચાલુ હોવાથી અને સંબંધિત ઈમારતના ૧૭મા માળના હિસ્સા સુધી પહોંચી ગયું હોવાથી, પ્રતિવાદી નંબર ૧ દ્વારા ૧૭મા માળના હિસ્સાથી આગળ બાંધકામ માટે કોઈ ઈક્વિટીનો દાવો કરવામાં આવશે નહીં અને કોઈપણ વધુ બાંધકામ વર્તમાન વચગાળાની અરજીમાં પસાર કરાયેલા આદેશોને આધીન રહેશે.

૪. એવું જાણવા મળ્યું છે કે પ્રતિવાદીઓ ઉપરોક્ત ઈમારતના **૧૬મા થી ૧૯મા** માળના સંદર્ભમાં સૂચિત બિલ્ડીંગમાં તૃતીય પક્ષના અધિકારો વેચવા અને/અથવા અલગ કરવા, કબજો કરવા, વ્યવહાર કરવા, નિકાલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

૫. તમામ લોકોનું ધ્યાન દોરવામાં આવે છે કે, જો કોઈ વ્યક્તિ **ઉપરોક્ત ઈમારતના ૧૬મા થી ૧૯મા માળ** પર સ્થિત ફ્લેટના સંદર્ભમાં પ્રતિવાદીઓ સાથે કોઈપણ વ્યવહાર કરે છે, તો આવા કૃત્યથી ઉદ્ભવતા ખર્ચ અને પરિણામોના સંદર્ભમાં તે સંપૂર્ણપણે તે વ્યક્તિના જોખમ પર રહેશે અને આવા વ્યવહાર મારા ક્લાયન્ટ્સ એટલે કે સોસાયટી પર બંધનકર્તા રહેશે નહીં.

**આજ તારીખ ૨૫ એપ્રિલ ૨૦૨૫.**

સહી/-
**નીલ અનિલ ગાલા**
**વાદીના વકીલ.**
૪૦૬, હમામ હાઉસ, હમામ સ્ટ્રીટ, અંબાલાલ દોશી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦૦૧.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયર ડિપાર્ટમેન્ટ)

**ઈ-ટેન્ડર નોટીસ**

| | | |
|---|---|---|
| વિભાગ | : | હાઈડ્રોલિક એન્જિનિયર/Dy. હાઈડ્રોલિક એન્જિનિયર (જાળવણી) |
| સેકશન | : | એ/ઈ (જાળવણી) W.W.E.S-II |
| બિડ નંબર | : | ૨૦૨૫_MCGM_૧૧૭૩૬૭૭_૧ |
| વિષય | : | AEWW "N" વોર્ડ હેઠળ વિવિધ પમ્પિંગ વોટર સપ્લાય અને વિતરણ માટે ફિલ્ડ વાલ્વના ઓપરેશન માટે જરૂરી મેનપાવરનું આઉટ સોર્સિંગ |
| બીડની શરૂઆતની તારીખ અને સમય | : | ૨૫.૦૪.૨૦૨૫ ૧૨.૦૦ ક. થી |
| બીડ સમાપ્તિ તારીખ અને સમય | : | ૦૭.૦૫.૨૦૨૫ સાં. ૧૬.૦૦ કલાક સુધી |
| પૅકેટ A અને B ને ખોલવાની તારીખ અને સમય | | ૦૮.૦૫.૨૦૨૫ ૧૬.૦૫ કલાક પછી |
| વેબસાઈટ | : | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ :- | | |
| A) નામ | : | શ્રી. એસ.વી. બાવિસ્કર A.E.(M)W.W.E.S-II |
| B) ટેલિફોન | : | ૦૨૨-૨૫૧૫૩૨૪૯/૫૦ |
| C) મોબાઈલ નંબર | : | ૯૯૩૦૨૬૪૯૬૪/૯૯૩૦૯૫૪૬૦૧ |
| D) ઈ-મેલ Id | : | aewwcc02.he@mcgm.gov.in |

સહી/-
એક્ષીક્યુટીવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ.

PRO/218/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જિનિયર (મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ)નો વિભાગ

નં. E.E. MECH/ ૨૫૬/REF તા. ૨૩-૦૪-૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચી. એન્જિ. (M & E) |
| પેટા વિભાગ | ડે. ચી. એન્જિ. (M & E) શહેર/ એક્ષિ. એન્જિ. મિકે. (રેફ્રીજરેશન) |
| બીડ નંબર્સ | ૨૦૨૫_MCGM_ ૧૧૭૩૧૧૧_૧ |
| વિષય | BYL નાયર હોસ્પિટલના કેથ લેબ, ICCU, MGL૧૮A કાર્ડિયોલોજી વોર્ડ અને AST વિભાગ ખાતે જૂના AHUને નવા સાથે બદલવા તથા KEM હોસ્પિટલના ઓપ્થલ વિભાગ ખાતે સ્ટેન્ડ બાય આઉટડોર AC યુનિટની જોગવાઈ. E.E. Mech./ Ref. /T-૦૮ તારીખ ૨૪.૦૪.૨૦૨૫ |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | ૨૫.૦૪.૨૦૨૫ સ. ૧૧.૦૦ કલાકે |
| પ્રી બીડ મિટિંગ | ૦૨.૦૫.૨૦૨૫ બ. ૧૫.૦૦ કલાકે |
| બીડ સમાપ્તિ તારીખ અને સમય | ૧૫.૦૫.૨૦૨૫ સાં. ૧૬.૦૦ કલાકે |
| વેબસાઈટ | http://portal.www.mcgm.gov.in |
| સંપર્ક ઓફિસર નામ | શ્રી A. K. જંભોરે |
| મોબાઈલ નં. | ૯૯૩૦૧૨૮૩૮૭ |
| ઈમેલ | eemechref.me@mcgm.gov.in |

સહી/-
E.E. MECH (રેફ્રિજરેશન)

PRO/221/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**PUBLIC NOTICE**

**IN THE COURT OF HON'BLE PRINCIPAL SENIOR CIVIL JUDGE AT : NAKHATRANA-KACHCHH**

Civil Miscellaneous App. No.04/2025
Hearing Date : 07-05-2025

**(1) Bharatiben Rajendra Dhruv Dr/O Hirji Thacker**
Age: 72, Stay True - Virani Moti, Tal. Nakhatrana - Kachchh
Presently Resi. of - 7, Akash Building, Rajo Floor, 90 Feet Road,Nath Pai Nagar, Cafe Coffee Day Opposite, Ghatkopar East, Mumbai. Maharashtra. 400077
**(2) Jayaben Hirji Thakkar, W/O Pradip Kothari**
Age : 74, Resi of Nasik, Maharashtra
**(3) Anil Hirji Thacker**
Age : 77, Resi of Nasik, Maharashtra
**(4) Ushaben Hirji Thakkar W/O Bharatbhai Tanna**
Age : 64, Resi of Panvel, Raigadh, Maharashtra
**(5) Mahendra Hirji Thakkar**
Age : 71, Resi of Mulund, West, Mumbai, Maharashtra
**(6) Mahalakshmi Harish Thakkar**
Age : 75, Resi of Mulund, West, Mumbai, Maharashtra
**(7) Bhakti Nikhil Kotak**
Age : 45, Resi of Mulund, West, Mumbai, Maharashtra
**(8) Ritesh Harish Thakkar**
Age : 50, Resi of Mulund, West, Mumbai, Maharashtra
**(9) Mitesh Harish Thakkar**
Age : 48, Resi of Mulund, West, Mumbai, Maharashtra ...... Applicant

*Versus*

**Nil**

**Sub : Petitioner's Application to get heirship certificate**
**Advocates for Applicant : Mr. N. M. Thakkar**

The applicants above named have filed a petition Under section 278 of Indian Succession Act 1925 for grant of heirship certificate for the immovable property mentioned in schedule as below of Late Jayshree Hirji Thakkar paternal sister of applicants no 1 to 5 and paternal aunty of applicant no 7 to 9, sister in law of applicant no. 6 has died on 02-12-2022 at Mumbai Maharashtra

The Hon'ble Court of Principal Senior Civil Judge at Nakhatrana - Kachchh has fixed the 7th Day of May 2025 for hearing of said petition.

This is to give notice to all the persons concerned and claiming to have any interest in estate of Late Jayshree Hirji Thakkar to come and see the proceeding before the grant of heirship certificate.

**SCHEDULE OF PROPERTY**

| No. | N A Survey No. | Plot No. | Area Sq. M. | Property Accoun No. | Price |
|---|---|---|---|---|---|
| 1 | 92/3 | 23 | 170.50 | 6032 | Rs. 98,208 |
| | | 24 | 85.25 | | Rs. 49,104 |
| | | 25 | 85.25 | | Rs. 49,104 |
| | | 26 | 95.23 | | Rs. 54,852 |
| | | 27 | 112.84 | | Rs. 64,936 |
| | | 28 | 85.25 | | Rs. 49,104 |
| | | 29 | 85.25 | | Rs. 49,104 |
| | | 30 | 170.50 | | Rs. 98,208 |
| | | 43 | 85.98 | | Rs. 49,524 |
| | | 44 | 88.14 | | Rs. 50,769 |
| | | 45 | 102.24 | | Rs. 58,890 |
| | | Total | 1166.43 | | Rs. 6,71,864 |

Signed and Sealed on this 23rd Day of April 2025 at Nakhatrana - Kachchh (Gujarat)

| *Prepared by* | *Compared by* | *By Order* |
|---|---|---|
| **P B Rabari** | **V P Chauhan** | **D S Bhavsar** |
| Assistant | Bench Clerk | Registrar |


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# મુંબઈ અલર્ટ મોડ પર

## પર્યટન સ્થળો, ધાર્મિક સ્થળો પર પોલીસનો બંદોબસ્ત

મુંબઈ: પહલગામમાં પર્યટકો પર થયેલા આતંકવાદી હુમલા બાદ મુંબઈ પોલીસ સતર્ક થઇ ગઇ છે. મુંબઈમાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં પણ પર્યટકોને નિશાન બનાવાયા હતા. આથી મુંબઈના પર્યટન સ્થળો, ધાર્મિક સ્થળો પર પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જ્યારે મહત્ત્વની ઇમારતો અને સંવેદનશીલ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દેવાયું છે. મુંબઇનાં તમામ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અને તમામ (જુઓ પાનું ૪) ▶▶

# દેરાસર ડિમોલિશન કરનારા સામે ગુનો નોંધો

## વિલે પાર્લે કેસમાં લઘુમતી પંચનો આદેશ : સાથે ઍન્ટિ-કરપ્શન બ્યૂરો દ્વારા તપાસનો નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લઘુમતી પંચ સમક્ષ ગુરુવારે ફરી એક વખત વિલે પાર્લે (પૂર્વ)ની કાંબળીવાડીમાં આવેલા શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરને તોડી પાડવાના વિરુદ્ધમાં સુનાવણી થઈ હતી. એ દરમ્યાન દેરાસરને તોડી પાડનારા વિરુદ્ધ પોલીસને ગુનો નોંધવાનો અને સંબંધિત અધિકારી સામે ઍન્ટિ -કરપ્શન બ્યૂરો (એસીબી)ની તપાસ કરવાનો નિર્દેશ લઘુમતી પંચે આપ્યો હતો.

દેરાસરના ટ્રસ્ટી અનિલ શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ગુરુવારે ફરી એક વખત લઘુમતી પંચ (જુઓ પાનું ૪) ▶▶

# વિદર્ભ તપે છે: ૪૫.૯ ડિગ્રી સાથે બ્રહ્મપુરીમાં દેશમાં સૌથી વધુ તાપમાન

## મહારાષ્ટ્રના દસ જિલ્લામાં હિટવેવની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં વિદર્ભ અને મરાઠવાડામાં હાલ ગરમીનું મોજું ફરી વળ્યું છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી વિદર્ભના મોટાભાગના જિલ્લામાં ૪૨થી ૪૫ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાઈ રહ્યું છે, (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

